પોરતુગીઝ ભાષાનો ભોમીઓ

લેખક અને પ્રકાશક

પ્રા વિ. ધ્રુવ

કીમત રૂા. ૨-૮ ૦

પોર્તુગીઝ ભાષાનો ભોમીઓ

A GUIDE TO PORTUGUESE LANGUAGE

જેની અંદર સરલતાથી શીખી શકાય તેવું સંક્ષેપ અને સંપૂર્ણ વ્યાકરણ,
તેના દાખલા, જુદા જુદા પાઠ, બધા કાળ અને ભેદના ક્રિયાપદના
સંપૂર્ણ રૂપાન્તરો, શુદ્ધ ઉચ્ચાર અને **અંગ્રેજી** સહિત વાંચન
ઉપયોગી અને ચાલુ હંમેશાં વાતચીતમાં વપરાતા વાક્યો,
કાયદા, સગાંસગપણ તથા વેપારી અને બીજા ધંધાદારી-
ઓના શબ્દો ઉપરાંત બે શબ્દકોષ અને શીરનામાના
નમુના પણ આપેલાં છે.

યોજક અને પ્રકાશક—

પ્રાણજીવન વિઠ્ઠલદાસ ધ્રુવ,

ઠે૦—૩૧૦, કાલબાદેવી રોડ, મુંબાઇ નં૦ ૨.

'જૈનવિજય' પ્રીન્ટીંગ પ્રેસમાં મુલચંદ કિસનદાસ કાપડીઆએ છાપ્યું.
ઠેઃ—ખપાટીયા ચકલા, લક્ષ્મીનારાયણની વાડી–સુરત.

વિક્રમાર્ક ૧૯૭૩.] **પ્રથમાવૃત્તિ** [ઈ૦ સ૦ ૧૯૧૭.

કીંમત રૂ૦ ૨-૮-૦

આ પુસ્તક મલવાનું ઠેકાણું:—

કર્તા પાસેથી—ઠે. ૩૨૦, કાલબાદેવી રોડ, મુંબઇ નં ૨.

અને

From

RAMCHANDRA GOVIND & SON.

Prag Mahal, Kalbadevi Road,—**BOMBAY.**

રામચંદ્ર ગોવિંદ એન્ડ સન.

પ્રાગ મહાલ, કાલબાદેવી રોડ—મુંબઇ.

અર્પણ પત્રિકા

શેઠ ભગવાનદાસ હરીદાસની કું૦
મુંબઈ.

માનવંતા સાહેબ,

આ ભાષા મને પ્રાપ્ત થઇ તેના સંપૂર્ણ ઉત્પાદક આપ છો. આપ પોતે સ્વભાષાના ચાહનારા છો. પોતાની રાજ્ય ભાષા જાણવાને જેવીરીતે આપ ઉત્સુક છો તેવીરીતે આપના વતનવાસી બંધુઓ કે જેને હમેશાં આ ભાષાની જરૂર પડે છે તેઓ વ્યાકરણ સહિત જાણી શકે અને શુદ્ધ બોલી શકે એવી તિવ્ર લાગણી તેમના પ્રત્યે ધરાવનારા હોવાથી અને આ પુસ્તક રચાવવામાં મુખ્ય પ્રોત્સાહક આપજ હોવાથી આ પુસ્તક આપનેજ અર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

લી૦ આપનો આજ્ઞાંકિત

પ્રાણજીવન વિઠ્ઠલદાસ ધ્રુવ.

પ્રસ્તાવના.

આફ્રીકામાં લોરેન્સો માર્કસ (ડેલાગોઆ બે)માં એક રવિવારના ફુરસદ સમયે એક વખતે કેટલાક મિત્રો ભેગા થયા હતા અને આનંદની વાર્તા ચાલતી હતી તે વાત દરમ્યાન (જેમ કેટલીક વખતે આપણી વાતચીતમાં અંગ્રેજી શબ્દો વાપરીએ છીએ તેમ ત્યાં પોરતુગીઝ ભાષા વપરાતી હોવાથી વાતચીત દરમ્યાન) પોરતુગીઝ ભાષાના કેટલાક શબ્દોની ભેળસેળ થતી હતી; તે દરમ્યાન વાતચીત નીકળતાં એક મિત્રે કહ્યું કે પોરતુગીઝ ભાષા શીખવાને હજુ એક પણ પુસ્તક એવું જોવામાં આવતું નથી કે જેમાં શબ્દ ભંડોળ સાથે વાક્યરચના અને વ્યાકરણની રીત સંક્ષેપમાં જણાવી વ્યાકરણ પદ્ધતિ અનુસાર વાક્યો પણ આપવામાં આવ્યા હોય અને વાક્યો શુદ્ધ કેમ બોલવાં તે પણ સમજાવેલું હોય. આવી ચોપડી હોય તો આવકારદાયક થઇ પડે.

ત્યાં આગળ દરેક પોતપોતાના વ્યવસાયમાં હોય અને નવરા થવાને વખતજ ન મળે કારણકે ત્યાંનું કામ ઘણુંજ અટપટું અને મહેતા ઉપર બધો ભાર એટલે એવું કામ કરવાની ઇચ્છા રાખનારને સમય પણ મળે નહીં; પરંતુ મનથી નિશ્ચય એમ તો થયો કે ઇશ્વરકૃપાથી જો સંજોગ સાનુકૂળ આવે તો આ માંગણીને પહોંચી વળાય. તેમજ હીંદુસ્થાનમાંથી પોરતુગીઝ આફ્રીકામાં દીવ, દમણ, કુતીઆણા, પોરબંદર, મહુવા અને કાઠીઆવાડના બીજા ઘણા ગામો અને શહેરોમાંથી ઘણા ભાઇઓ આજ લાંબા વખતથી જતા આવતા હોવાથી અને પોતાનો મોટો વ્યવહાર અને વ્યાપાર ત્યાં ચાલતો હોવાથી તેમને તથા તેમના જે નોકરો મહેતા મુત્સદ્દિઓ જે નવેસરથી જાય તેમને પણ આ ભાષાના થોડા ઘણા શબ્દો કે વાતચીતના વાક્યો આવડતા હોય તો કેટલા

બધા ઉપયોગી થઇ પડે ? એવી સ્વભાવિક ભાવના શેઠીઆઓને પોતાના માણસો તરફથી હોયજ અને તે જાણવાતું કંઇક સાધન હોય તો જેને જરૂર પડે તેને ઘણુંજ ઉપયોગી થઇ પડે.

વળી મુંબઇ સમાચારમાં (તા. ૨૫–૮–૧૬ના અંકમાં) તથા લોકપ્રિય 'ગુજરાતિ' પત્રમાં પણ "પોરતુગીઝ જાણનાર મહેતાજી જોઇએ છીએ" એવી જાહેરખબરો વાંચવાથી તથા આધુનિક મહાસંગ્રામમાં મિત્રરાજ્યો સાથે પોરતુગીઝ રાજ્ય ધાડી દોસ્તીથી બંધાયેલ હોવાથી કિંતુ વધારે સંબંધમાં આવવાથી આ ભાષાનો ઉપયોગ પણ હવે છુટથી થાય તેમજ હીંદુસ્થાનના પોરતુગીઝ રાજ્યના દીવ, દમણ અને તેનાં ગામડાંઓમાં રહેતા ગુજરાતિ દેશી ભાઇઓને આવું પુસ્તક ખરેખર ઉપયોગી થાયજ.

આમ બધાં કારણોથી આવા પુસ્તકની ઉપયોગીતા માલુમ પડવાથી અને આફ્રીકાની મારી મુસાફરી દરમ્યાન ડેલાગોઆબે, ઇબાન, બૈરા, મોઝાંમબીક, ચંચાઇ આદિ શહેરોમાંના ઘણા ભાઇઓનો આવા પુસ્તકમાટે આગ્રહ હોવાથી તેમજ મિત્રો તરફથી સુચના થવાથી એમ નિશ્ચય થયો કે આવું પુસ્તક જેને જેને ઉપયોગી થશે તેને તેને સાકરથી પણ ગળ્યું અને સોનાથી પણ પીળું લાગ્યા વિના રહેશેજ નહીં એમ ધારીને સં૰ ૧૯૭૨ના શ્રાવણ વદી ૧૩ શનીવારે તા.–૨૬–૮–૧૬ ના રોજે આ પુસ્તક લખવાની શરૂઆત કરી.

આફ્રીકામાં ગયાબાદ જે પદ્ધતિથી મારે પોરતુગીઝ ભાષા શીખવાની સરળતા પડી હતી, અને થોડા સમયમાં જે જાણી શક્યો તેની વિગતવાર નોંધ ત્યારેજ ઉપર ટપકે જોઈ જાણી અને લખી લીધી હતી તેનો આમાં ઉપયોગ કર્યો છે જેથી શીખનારને વધારે સરળતા પડશે.

આ પુસ્તકમાં ખાસ કરીને નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૧ ભાષા કેમ બોલવી તથા લખવી તેનું સંક્ષેપમાં ગુજરાતિ ભાષામાં સંપૂર્ણ વ્યાકરણ–દાખલા અને શુદ્ધ ઉચ્ચાર.

૨ તે સંબંધી પાઠ, તથા નામ, વિશેષણ, સર્વનામ, ક્રિયાપદ અને અવ્યય વિગેરેના ઉપયોગી શબ્દો અને વાક્યો.
૩ દરેક ધંધામાં હમેશાં બોલાતી ભાષાના મોટા મોટા ચાલુ વાક્યો: જેથી વાંચતાં શીખાય અને વાતચીત પણ કરી શકાય.
૪ કાયદા અને સગાંસગપણનાં શબ્દો, વેપારની ચીજોનાં નામો, વાર, માસ અને ઋતુઓ વિગેરેની જુદીજ નોંધ જણાવેલ છે.
૫ શબ્દકોષ. હમેશાં વપરાશમાં આવતા ગુજરાતિ શબ્દોનું પોરતુગીઝ
૬ ,, પોરતુગીઝ ,, ગુજરાતિ.

ઉપરના બે વિષયોમાં દરેક પોરતુગીઝ શબ્દ અને વાક્યનો શુદ્ધ ગુજરાતિ ઉચ્ચાર સાથે **તેને મળતો અંગ્રેજી શબ્દ કે વાક્ય corresponding word or sentence** આપેલ છે કે જેથી અત્રે ઉપયોગી થાય તેવી રીતે (ડેલાગોઆબે એ ત્રાન્સવાલમાં જવા આવવાનો દરવાજો હોવાથી) ત્રાન્સવાલથી જનારા અને આવનારા તથા ડેલાગોઆ-બેની મુલાકાત લેનારાઓને પણ ઉપયોગી થઇ પડવા સંભવ છે.

આ પુસ્તક રચવામાં એવી ગોઠવણ કરેલી છે કે (૧) શરૂઆતથી જેને શીખવું હોય તેને તેવી રીત મળી શકે. (૨) કેટલાકને ભાંગાટુટું થોડું બોલતાં આવતું હોય અને તેવા ગુજરાતિમાં ઉચ્ચારવાળા વાક્ય જો વાંચવામાં આવે તે યાદ રાખીને બોલતાં હોય તો તેમ પણ કરી શકે. (૩) કેટલાકને ઉપયોગી શબ્દોની જરૂર હોય તેને તે પણ મળી શકે અને (૪) કેટલાકને તો વાક્ય કેમ જોડવા અને નવું પોરતુગીઝ વાક્ય કેમ બનાવવું તે જાણવા ઇચ્છા હોય તો તેમ પણ શીખી શકે.

એટલે આ પુસ્તક ભોમીઆ (Guide) તરીકેનું કામ બજાવવાને માટે પુરતું છે તેમાં આગળ વધવું તે શીખનાર અધિકારીની હુશીઆરી ઉપર આધાર છે. ભોમીઆનો અર્થ અને ઉદ્દેશ એવો છે કે જેમ અજાણી જગ્યામાં જવાનું હોય અને જગ્યાની માહિતી ન હોય તો પાછું ફરવું પડે કિંવા વધારે ભટકવું પડે તે વખતે ભોમીઓ એટલે રસ્તો બતાવનાર હોય તો તેવી અડચણ દૂર કરી થોડા વખતમાં વધારે પ્રસંગો–ચીજો–સ્થળો

વિગેરેથી માહિતગાર વહેલા અને સહેલાઈથી થવાય છે તેવીજ રીતે આ ભોમીઆની મદદથી સદરહુ ભાષા બોલનારા પાસે અચકાવું ન પડે અગર તેઓથી પાછા પડવું ન પડે.

પર રાજ્યની અંદર રહેવું અને તેની ભાષા ન જાણવી તેથી કેટલી બધી અડચણ પડે છે તેનો ખ્યાલ જેને હોય તેજ જાણી શકે, કારણકે ત્રીઝોરી, ટપાલ, કસ્ટમ્સ, પોલીસ, એડમીનીસ્ટ્રેશન અને કપ્તાની વિગેરે ખાતામાં જવાની જરૂર પડેજ તે વખતે દુભાષિયો હોય તો કામ ચાલી શકે અને ફક્ત એકશબ્દ બોલીને જે કામ થાય તે કામ એક દુભાષિયા-મારફતે કરવાથી એક પત્રન ખર્ચો થાય અને માથે ઉપકાર જુદો તો તેવે વખતે આવું પુસ્તક શું ઉપયોગી થઇ પડયું તેની કીંમત ત્યારેજ થઇ શકે એટલે જેમ અંગ્રેજીમાં કહ્યું છે કે Good wine needs no bush અર્થાત્ સૂર્યને કાંઇ મશાલની જરૂર નથી તેવીજ રીતે આ પુસ્તક વિષે વધારે લખવાની જરૂર નથી.

ઉચ્ચાર કરવામાં ઉપયોગી થઇ પડે તે માટે એક જુદી નોંધ આ પ્રસ્તાવના પછી આપેલ છે જે વાંચ્યાથી શુદ્ધ ઉચ્ચારો કેમ કરવા તે સમજી શકાશે તેમજ પ્રથમના ૨૦ પાનામાં તે માટે નિશાનીઓ ખાસ કાળજીપૂર્વક દર્શાવી છે. પહેલેથી સાતપાઠ સુધી વાક્યનું અંગ્રેજી બહુ ઉપયોગી નહીં લાગ-વાથી આપેલ નથી ફક્ત અંગ્રેજી શબ્દોજ મથાળે આપેલ છે પરંતુ આઠમા પાઠથી અંગ્રેજી વાક્ય આપવા યોગ્ય જણાયાથીજ આપેલ છે. ક્રિયાપદ વિષે બહુ વિવેચન આપવું તે ઘણુંજ અઘરૂં કામ છે અને તેને માટે જગ્યા અને વખત બહુ જોઇએ તેમજ દરેક ભાષામાં ક્રિયાપદ મુખ્ય ભાગ ભજવે છે કારણકે The verb is the essence of every sentence તથા તેમાં અનિયમિતતા વિશેષ હોવાથી લંબાણુ આંપીએ તો વાંચતાંજ કંટાળો આવે જેથી આ પુસ્તકમાં આપવું ઘટે તેટલુંજ વર્ણન કરેલછે. ગુજરાતિ વાક્યો જેજે આપ્યાં છે તે ફક્ત ચાલુ હમેશાં બોલાતા વાક્યોના નમુનાજ આપ્યા છે પરંતુ શબ્દ આવડતા હોય અને ક્રિયાપદના રૂપ જે આપેલાં છે તે બરાબર યાદ હોયતો તેવી ઢબનાં બીજાં વાક્ય તુરતજ સહેલાઈથી બનાવતાં આવડે અને શોધી શકાય. વાક્યોની અંદર જેજે શબ્દો નવા લાગે તે પોરતુગીઝ ગુજરાતિ

શબ્દકોષમાં જોવા અને તેનાં ન હોય તો જાણવું કે વિશેષણ ક્રિયાપદ કે અવ્યયના લીસ્ટમાં આવેલ હશે. એટલે વિશેષણ, ક્રિયાપદ કે અવ્યયના લીસ્ટમાં આવેલા શબ્દો ફરીથી શબ્દકોષમાં આપેલ નથી કેમકે બહુ લંબાણ થવા સંભવ છે.

આ પુસ્તકમાં પોરટુગીઝ ભાષાનો જે ભાગ છે તેના ઉચ્ચાર ગોવાની કોલેજમાં પાસ થએલા ગ્રેજ્યુએટ શિક્ષક રા. રા. V. S. Borkar એઓએ પોતાની સંપૂર્ણ કાળજી રાખી સુધરાવ્યા છે તે માટે તેમનો તથા મ્હારા મિત્ર રા. રા. K. Y. Kadkade કે જેઓએ આ કામમાં પ્રસંગોપાત મદદ કરી છે તેમનો આ સ્થળે ઉપકાર માનું છું. તેમજ સુરતના પ્રસિદ્ધ છાપખાના શ્રી "જૈન વિજય" પ્રીન્ટીંગ પ્રેસના માલિક અને મેનેજર રા. રા. મુલચંદભાઇ કિસનદાસ કાપડીઆએ પોતાની ખાસ દેખરેખ નીચે આ કામને ફતેહમંદ ઉતારવાને પ્રયત્ન કરેલ છે તે માટે તેમનો પણ ઉપકાર થયો છે. જો કે એક દેશી છાપખાનામાં આવી પોરટુગીઝ ભાષાનાં બધાં ટાઈપ તૈયાર કરાવી છપામણીમાં નીટતા રાખવી તે કાંઇ ઓછી મહેનતનું કામ નથી. અને અમે આફ્રિકાના બધા ભાઇઓને ભલામણ કરીએ છીએ કે તેઓ નોટપેપર—કવર સુદ્ધાંત અન્ય છાપવાનું કામ આ છાપખાનાને સોંપશે તો કિફાયત ભાવથી તેઓને સારૂં કામ મળશે એમ અમારી સંપૂર્ણ ખાત્રી છે.

લડાઇને લીધે કાગળના ભાવ ઘણાજ વધેલ હોવા છતાં સુપરરોયલ ગ્લેઝ કાગળનો ઉપયોગ કરેલ છે જેની ગ્રાહકો કદર કરશે.

અગાઉથી ગ્રાહક થઇ પોતાનું નામ નોંધાવનાર સદ્‌ગૃહસ્થોનો આ સ્થળે ઉપકાર માનવામાં આવે છે, જેઓના મુબારક નામો આ પુસ્તકની પાછળ આપેલાં છે.

લી. યોજક અને પ્રકાશક,

પી. વી. ધ્રુવ.

ઠે. ૩૧૦ કાલબાદેવી—મુંબાઈ.

વિષયોની અનુક્રમણિકા.

કલમવાર અનુક્રમણિકા જોવી હોય તો પા. ૧૦મેં જુઓ.

વર્ગીકરણ મુજબ અનુક્રમણિકા.

ઉચ્ચાર સંબંધીસૂચના

૧ ઉચ્ચાર કરવામાં િ અને ી (હ્રસ્વ અને દીર્ઘ) નો તફાવત આ ભાષામાં લાંબો ફરક પાડેછે તેથીજ્યાં હ્રસ્વ હોય ત્યાં ઇ નહીં જેવો બોલાય છે જેમકે આપણે સાધારણ રીતે Sete (સેત) બોલીએ છીએ પણ પોરતુગીઝ લોકો સેતિ બોલે છે જેમા ઇ નહીં જેવો બોલે છે, તેથી આપણાથી તે ઈ એકદમ સંભળાતો નથી. આઉપરથી જાણવાનું કે જ્યાં હ્રસ્વનો ઉપયોગ આ પુસ્તકમાં કરાયેલ છે ત્યાં ત્યાં તેનો ઉચ્ચાર બહુજ ધીમેથી કરવાનો છે. દાખલા તરીકે Espere અને Pergunte આ બંને આજ્ઞાર્થ ત્રીજા પુરૂષ એકવચન વર્તમાન કાળના રૂપ છે તેના ઉચ્ચાર ખરી રીતે ઇસ્પેરિ અને પરગુંતિ છે તેને બદલે જો ભાર દઇને ઇસ્પેર અને પરગુંત બોલાયતો તે અશુદ્ધ છે એમ કહી શકાય.

૨ છેડેનો અક્ષર આખો બોલવો કે અર્ધો તે ખાસ ધ્યાન રાખવાનું છે. જેમકે Guarda (ગાર્દ) આખો અ (દે) બોલવાનો હોવાથી આ જેવો ઉચ્ચાર સમજાય છે અને આપણે પોરતુગીઝ શબ્દ જ્યારે સાંભળીએ છીએ ત્યારે ગાર્દા જેવું જે સંભળાય છે તેનું કારણ અ આખો બોલવાથીજ પરંતુ જ્યારે Gil જીલ્ હોય ત્યાં જીલ (લ) આખો બોલાતો નથી.

૩ આ પુસ્તકમાં જેજે નિશાનીઓ વપરાયેલ છે તેના તેના ઉચ્ચાર કેમ કરવા તેની રીતઃ—

˘ પહોળો ઉચ્ચાર જેમકે Pode પૉદનો ઉચ્ચાર પહોળો એટલે અંગ્રેજીમાં Hot (હૉટ) જેવો;

‾ **લાંબો જેમકે Toda તોદનો ઉચ્ચાર લાંબો એટલે અંગ્રેજીમાં (hope) હોપ જેવો**

' ભારદર્શક જેમકે Ovó' ઓવુ' ઉપર ભારદર્શક ચિન્હ હોવાથી તે

અક્ષર ઉપર ભાર દઇને (અર્થાત્ એવડો હોય એમ) બોલાય છે. જેમકે ઓલ્વુ બોલવું.

૪ જ્યારે શબ્દને છેડે (અંત્યાક્ષર) સાદો (એટલે કંઇપણ ' ^ આવી નિશાની વિનાનો.) o હોય ત્યારે બધે સ્થળે o નો ઉચ્ચાર હ્રસ્વ ઉ જેવો થાય છે જેમકે Todo તોદુ.

૫ જ્યારે s જોડાક્ષરમાં હોય ત્યારે તે શ્ છે એમ જાણી તેનો ઉચ્ચાર શેરડીના શ્ જેવો કરવો પણ s હોય તો દંતી સ્ જેવો કરવો.

૬ જ્યારે કોઇ પણ શબ્દ વ (v) થી કે ર (r) થી શરૂ થતો હોય ત્યારે તેનો ઉચ્ચાર હમેશાં બેવડા તરીકેજ કરાય છે જેમકે Volte વ્વૉલ્તી વિગેરે

૭ e ઉપર' (એક્યુટ=ભારદર્શક ચિન્હ ન હોય ત્યારે ઉચ્ચાર "ઇ" જેનો અર્થ "અને" થાય છે. પરંતુ é ઉપર આવું એક્યુટ (ભારદર્શક ચિન્હ) હોય ત્યારે ઉચ્ચાર "એ" જેનો અર્થ "છે" થાય છે.

૮ જ્યારે Que પ્રશ્નાર્થ કે આશ્ચર્યાર્થ તરીકે આવેલ હોય ત્યારે ઉચ્ચાર "કી" થાય છે અને બીજી વખતે "કે" ઉચ્ચાર થાય છે. ગુજરાતિ ઉચ્ચારમાં ઈ ' ઉપર જ્યારે આવું 'ભારદર્શક ચિન્હ હોય છે ત્યારે ઇશ્વિરના ઇ ની પેઠે લાંબો બોલાય છે.

૧૦ Por શબ્દયોમી અવ્યય જેનો અર્થ "માટે–વડે" થાય છે તેનો ઉચ્ચાર પોર્ અને પુર્ની વચ્ચેનો થાય છે કારણકે Por એ ક્રિયાપદ પણ છે. જ્યારે ક્રિયાપદ તરીકે વપરાયેલ હોય છે ત્યારે તેનો ઉચ્ચાર પોર્ થાય છે. અને અર્થ "મૂકવુ" થાય છે.

ઉચ્ચાર સંબંધી ઉપર જે જે સૂચના જણાવેલ છે તે ભાષાના અનુભવી મારફતે સૂચના લઇનેજ અપાયેલ છે કે જેની સૂચનાથી આ પુસ્તકમાં બધા ઉચ્ચારો અપાયેલા છે તોપણ જેમાં ફેરફાર જણાય તે માટે નીચલે સ્થળે લખવા મહેરબાની કરવી જેથી બીજી આવૃત્તિમાં સુધારો કરી શકાય.

લી૦ પ્રો. વિ. પ્રભુ.

શુદ્ધિ પત્ર.

પાનું	લીટી	અશુદ્ધ		શુદ્ધ	
૧૨	૪	પાના ૩ અને ૬ ને બદલે		પાના ૭ અને ૧૦ વાંચવું	
૨૩	૨૫	શબ્દોનું નામ અંગ્રેજી	,,	શબ્દોના અંગ્રેજી નામ	,,
૩૫	૨૪	પફેઇતુ	,,	પફૅઇતુ	,,
૩૮	૨૧	e	,,	é	,,
,,	૨૫	e	,,	é	,,
૪૩	૨૧	Des	,,	Dez	,,
૪૬	૫	Qurters	,,	Quarters	,,
૪૭	૧૦	નુ રૅલૉ જિયઉ	,,	નુ સેઉ રૅલૉન્જિયઉ	,,
૫૪	૯	Come a	,,	Coma-a	,,
૬૭	૧૩	tfvesse	,,	tivesse	,,
૭૬	૧૬	પાના * મે આપેલી કલમ	,,	પાના ૭૨મે આપેલી ૭૧ કલમ	,,
૯૪	૧	વર્તમાન કાળનું એક વચન	,,	વર્તમાન કાળનું બીજા પુરૂષનું એક વચન	,,
૧૦૦	૧૪	Cohir	,,	Cahir	,,
૧૦૩	૧	અ	,,	અને	,,
૧૦૬	૧૦	iriaom	,,	iriam	,,
૧૨૪	૭	ઇસ્પૅરાન્દુ દુરાન્તિ (છે ત્યાર પછી)	,,	એસ્તિશ્ ત્રેઝ્ દીઅશ્ ઉમેરવું	;,
૧૩૯	૧૬	સ	,,	સઁ	,,
૧૪૧	૭	exforças	,,	exforços	,,
૧૪૨	૮	માંદારઉ	,,	માંદારંઉ	,,
૧૪૩	૨૪	igreja aquella	,,	igreja e aquella	,,

પાનું	લીટી	અશુદ્ધ		શુદ્ધ	
૧૫૩	૧૪	Carreio	,,	Correio	,,
૧૬૯	૨૩	દુ ઇમાંઉ દુ મરીદુ	,,	દુ ઇમાંઉ કહે તેમજ ઇમાંઉ દુ મરીદુ	,,
૧૭૫	૩	Janciro	,,	Janeiro	,,
	૧૨	ઐતુખુ	,,	આતુખુ	,,
	૧૭	ગુજરાતિ ઍ	,,	ગુજરાતિ ઍ પોર્તુગેઝ્ આ૦	,,
૧૮૭	૪	અશ્પૉર્તાસાંઉ	,,	ઍશ્ પૉર્તાસાંઉ	,,
૨૦૩	૧૭	પાનું ૧૭૩	,,	પાનું ૧૭૭	,,
૨૦૬	૧૦	સિરૂજીઆંઉ	,,	સિરૂઝીઆંઉ	,,
૨૧૦	૩	પાલાવ્રઝ્ ઍ	,,	પાલાવ્રઝ્ પોર્તુગેઝ્ ઍ	,,

શ્રીગણેશાય નમઃ

A GUIDE TO PORTUGUESE LANGUAGE.

"પોરતુગીઝ ભાષાનો ભોમીઓ"

---

૧ પોરતુગીઝ ભાષાના મૂળાક્ષરો ૨૫ છે. જો કે અંગ્રેજીમાં છવીશ છે. જેને એ બી સી. ડી કહે છે તે મૂળાક્ષરો કહેવાય છે તેનાં નામઃ—

A a આ	F f એફ	K k કા	P p પે	U u ઉ
B b બે	G g જે	L l એલ	Q q કે	V v વે
C c સે	H h આગ.હ	M m એમ	R r એર	X x શીઝ
D d દે	I i ઈ	N n એન	S s એસ	Y y ઈગ્રેગ
E e ઍ	J j જોત	O o ઑ	T t તે	અથવા ઈપ્સીલોંગ
				Z z ઝેડ

* ગુજરાતી ઉચ્ચાર સંબંધી સુચના જેના ઉપર ˘ આની નીશાની હોય તેનો ઉચ્ચાર પહોળો, ˆ હોય ત્યાં સાંકડો અને લાંબો અને ' એકસેન્ટ હોય ત્યા ડબલ અક્ષર જેવો ઉચ્ચાર થાય છે. આમાં a, e, i o, u, y આ સ્વર (Vogaes) વૉગાઇઝ છે અને બાકીના બધા વ્યંજન (Consoantes) કોંસોઆંતિઝ છે.

૨ હવે દરેક મૂળાક્ષરનો ઉચ્ચાર કઈ કઈ જગ્યાએ કેવી કેવી રીતે થાય છે તે બતાવવાથી શીખનારને વધારે સગવડ થઈ શકે તેમ હોવાથી વિગતવાર નીચે મુજબ :—

A "આ" ના ઉચ્ચાર

૧ જ્યારે તેના ઉપર ભાર દઈને બોલાય ત્યારે અથવા તેની પછી વ્યંજન હોય ત્યારે ઘણી વખને "આ" જેવો ઉચ્ચાર થાય છે જેમકે, cavállo (કવાલુ)

૨ જ્યારે તેના ઉપર ભાર ન હોય ત્યારે "અ" જેવો જેમકે, Agora (અગૉરા), Favor (ફવોર)

૩ જ્યારે lh અને g પહેલાં આવેલ હોય ત્યારે તેનો ઉચ્ચાર લગભગ "આઇ" જેવો થાય છે જેમકે, alho (આઇલ્યુ) Pass'agem (પાસાઇજી).

એકજ શબ્દના ઉચ્ચાર બોલવાના તફાવતથી અર્થમાં પણ તફાવત પડે છે. જેમકે, Para (પાર) ઉભો રહે Stop; અને Para (પર) માટે For.

E "ઍ" ના ઉચ્ચાર

૧ પહોળો "ઍ" જેવો જેમકે, Pedra પૅદ્ર

૨ તીણો "એ" જેવો „ Mesmo મેઝમુ

૩ "ઈ" જેવો „ Seguro સીગુર

૪ જ્યારે શબ્દની છેડે આવેલ હોય ત્યારે તેનો ઉચ્ચાર નથી પણ થતો. જેમકે, Tarde (તાર્દ)

I "ઈ" ના ઉચ્ચાર

૧ જ્યારે ભાર દઇને બોલાય છે ત્યારે લાંબો "ઈ" જેવો. જેમકે, Día (દીય), Alli (અલી)

૨ જ્યારે ભાર દઇને ન બોલાય ત્યારે ટુંકો "ઇ" જેવો. જેમકે, Animal (અનિમાલ)

O "ઑ" ના ઉચ્ચાર

૧ ખુલ્લો પહોળો જેમકે Toie (ટૉદ)

૨ લાંબો „ Toda (તોદ), Foz (ફોઝ), Ovo (ઓવુ)

૩ તીણો ઉ જેવો. જ્યારે ભાર વિના બોલાય ત્યારે. જેમકે, To lo (તોદુ), Livro (લીવ્રુ)

બાકીના સ્વરના ઉચ્ચાર અઘરા નહીં હોવાથી જણાવ્યા નથી.

B "બે" નો ઉચ્ચાર "બ" થાય છે.

C "સે" ના ઉચ્ચાર

a, o, u, cr કે cl પહેલાં હોય તો "ક" જેવો થાય. જેમકે, Comida (કુમીદ) અને e, i અને y પહેલાં આવેલ હોય તો "સ" જેવો થાય. જેમકે Cima (સીમ)

ç "સે" જ્યારે આવો સેડીલ (cedilla) વાળો હોય અને a, o અથવા u પહેલાં આવે ત્યારે તેનો ઉચ્ચાર "સ્સ" જેવો થાય છે. જેમકે caça (કાસ્સ), praça (પ્રાસ્સ) વિગેરે

cc નો ઉચ્ચાર સ્સ જેવોજ થાય છે.

ch નો ઉચ્ચાર જો તે સ્વર પહેલાં આવેલ હોય તો "શ" જેવો થાય છે. જેમકે chá (શા). અને જો વ્યંજન પહેલાં આવેલ હોય તો 'ક' christo (ક્રીસ્તુ).

D "દે" નો ઉચ્ચાર "દ" થાય છે.

F "એફ્" નો ઉચ્ચાર "ફ" થાય છે.

G "જે" નો ઉચ્ચાર

જ્યારે a, o, u, l અને r પહેલાં આવેલ હોય ત્યારે "ગ"-"ઘ" જેવો થાય છે જેમકે guarda (ગાર્દ) અને e, i, y ની પહેલાં આવ્યો હોય ત્યારે તેનો ઉચ્ચાર "ઝ" જેવો થાય છે. જેમકે giro (ઝીરૂ), gil (ઝીલ્).

gu જો e, i, અને y પહેલાં આવેલ હોય તો "ગ" જેવો થાય છે. જેમકે pague (પાગિ) guia (ગીય) પણ જો a અથવા o પહેલાં હોય તો "ગુ" અથવા "ગ્વ" જેવો થાય છે. જેમકે, agua (આગ્વ) નોટ—આપણે જે 'પાગ' બોલીએ છીએ તે પાગિનું ત્રીજો પુરૂષ એક વચનનું રૂપ બોલાય છે.

H "આગાહ" નો ઉચ્ચાર થતોજ નથી.

J "જોત" નો ઉચ્ચાર જ-ઝ થાય છે. જેમકે, Joaõ (જોઆઉં) hoje (ઓજ)

K "કા" નો ઉચ્ચાર 'ક' થાય છે.

L "એલ" નો ઉચ્ચાર "લ" „

Lh નો ઉચ્ચાર "લ્ય" જેવો કરવામાં આવે છે. જેમકે melhor (મીલ્યોર્).

M "એમ" નો ઉચ્ચાર 'મ' કરાય છે. પણ છેડે આવેલ હોય ત્યારે અનુસ્વાર કરાય છે. જેમકે "bom" (બોં).

N "એન" નો ઉચ્ચાર "ન" કરાયછે. પણ જ્યારે છેડે આવેલ હોય ત્યારે અથવા વ્યંજન પહેલાં આવેલ હોય ત્યારે તેનો ઉચ્ચાર અનુસ્વાર જેવો થાય છે. જેમકે, entende (એંતેંદિ)

Nh નો ઉચ્ચાર "ની" થાય છે. જેમકે banhar (બાંઇઆર્) આમાં n નો ઉચ્ચાર ઉપરના નિયમ મુજબ અનુસ્વાર થયો તેથી બાકી રહેલો ઇ નો ઉચ્ચાર જુદો પડયો.

P "પે" નો ઉચ્ચાર "પ" થાય છે.

Q "કૂ" નો ઉચ્ચાર "ક" થાય છે.

Qu નો ઉચ્ચાર જો e, i અને y પહેલાં આવેલ હોય તો "ક" જેવો થાય છે. જેમકે, aqui (અકી) અને a કે o પહેલાં આવેલ હોય તો "કુ" જેવો થાય છે, જેમકે quarto (ક્વાર્તુ).

R "ઍર" નો ઉચ્ચાર 'ર' થાયછે. અને ડબલ r (rr નો ઉચ્ચાર) રર જેવો થાય છે. કોઇ અક્ષર R થી શરૂ થતો હોય તો તેનો ઉચ્ચાર રર ડબલ ર જેવો થાય છે. જેમકે rua રરૂઅ.

S "એસ" ના ઉચ્ચાર

૧ શબ્દની શરૂઆતમાં હોય, અથવા ss હોય કે વ્યંજન પછી આવેલ હોય ત્યારે 'સ્સ' ઉચ્ચાર થાય છે. જેમકે subsistir (સુસિસ્તિર્).

૨ વ્યંજન પહેલાં આવેલ હોય, અથવા શબ્દોને છેડે આવેલ હોય ત્યારે કાંઇક "શ" જેવો ઉચ્ચાર થાય છે. જેમકે, Escolas (ઇશ્કૅાલશ), Estou (ઇસ્તૌ).

૩ જ્યારે બે સ્વરની વચ્ચે આવેલ હોય ત્યારે "ઝ" જેવો થાય છે. જેમકે, Casa (કાઝ).

T 'તે' નો ઉચ્ચાર "ત"-"ટ" થાય છે.

U "ઉ" ના ઉચ્ચાર સંબંધી બહુ જાણવા જેવું નથી. વપરાશ ઉપર "ઉ"

દીર્ઘ, હ્રસ્વ બોલાય છે.

V "વે" નો ઉચ્ચાર "વ" થાય છે: v થી શરૂઆત થતા શબ્દોનો ઉચ્ચાર બ્વ (ડબલ) કરાય છે.

X "શીઝ" નો ઉચ્ચાર પાંચ રીતે થાય છે.

૧ શ શબ્દની શરૂઆતમાં અથવા કોઇ વખતે મધ્યમાં આવે ત્યારે જેમકે, Xarope શરૉપિ

૨ સ્સ જેમકે Proximo (પ્રૉસ્સીમુ)

૩ સ „ Sexto (સેસ્તુ)

૪ ક્સ „ Sexo (સેક્સુ); Complexo (કૉમ્પ્લૅક્સુ)

૫ ઝ „ Exame (એઝામિ); Exister (એઝીસ્તીર્).

ઉપરના નિયમોમાં કાંઇ વિશેષપણું ન હોવાથી વિગત જણાવેલી નથી. પણ જ્યાં Ex આવેલ હોય ત્યાં તેના ઉચ્ચાર નીચે મુજબ:—

સ્વર પહેલાં ex આવેલ હોય તો ઉચ્ચાર ઝ જેવો થાય છે. જેમકે Exemplo (એઝેમ્પ્લુ)

બ્યંજન પહેલાં ex આવેલ હોય તો ઉચ્ચાર શ્ જેવો થાય છે. જેમકે Expulso (ઇશ્પુલ્સુ).

Y "ઇપ્સીલોંગ" અથવા "ઇગ્રેગ" } નો ઉચ્ચાર હ્રસ્વ અને દીર્ઘ "ઇ" ની પેઠે બે ઉચ્ચાર થાય છે. જે મહાવરાથી અને સાંભળવાથી આવડે.

Z "ઝેડ" નો ઉચ્ચાર "ઝ" અને "ઝય" જેવા થાય છે. જેમકે, Zelo (ઝેલુ), Dizer (દીઝેર્) વિગેરે.

૩ આ સિવાય છ બેવડા બ્યંજન છે તેના નામ અને ઉચ્ચાર :— ch, lh, nh, ph, th અને rh આ છ માં પહેલાં ત્રણ ch, lh nh વિષે ઉપર જણાવી ચુકયા છીએ. બાકીના Ph, Th અને Rh ની વિગત:-

Ph	નો	ઉચ્ચાર "ફ"	થાય છે	જેમકે	Philosophia	(ફીલોઝોફીય)
Th	„	„ "ત"	„	„	Theologia	(તેઓલૉઝીય)
Rh	„	„ "ર"	„	„	Rheumatismo	(રેઉમતીઝ્મુ)

૪ આ ઉપરાંત અમુક અમુક નિશાનીઓ ઉચ્ચારને માટે યોજેલી આ ભાષામાં માલુમ પડે છે. જેવી કે ~ (તીલ) ç (સેદીલ) વિગેરે. તીલ હમેશાં સ્વર ઉપરજ આવે છે. જ્યારે કોઇપણ સ્વર ઉપર તીલ આવે ત્યારે તેનો ઉચ્ચાર અનુસ્વાર થાય છે; અને તેવા શબ્દની ઉપર એવું તીલ ન મુકાયેલ હોય ત્યારે તેનો ઉચ્ચાર જુદોજ થાય છે. જેમકે,

Não નાંઉ નહીં Not; અને Nao નાવ વહાણ Ship
Mão માંઉ હાથ Hand; અને Máo માઉ ખરાબ Bad

૫ ઉચ્ચાર સંબંધી બને તેટલી સુચના આપી છે પરંતુ પરભાષાના બરાબર ઉચ્ચાર કાંઇ શીખ્યેથી કે વાંચ્યેથી આવડી શકે નહિ. તે તો ફક્ત ભાષાના અનુભવીઓ સાથે વાતચીત કરવાથી, બોલવાથી અને મહાવરાથી આવડી શકે. અંગ્રેજીમાં M. A. થએલા તેમજ ગ્રેજ્યુએટો પણ ઉચ્ચાર કરવામાં ભુલ કરે છે. તેવી રીતે પોરતુગીઝ ભાષા તથા સઘળી ભાષામાં હોઈ શકે. ક્યા શબ્દનો ઉચ્ચાર કેમ કરવો તે મહાવરાથીજ આવડી શકે. આ બાબતમાં બનેલો એક રમુજી દાખલો અમારી વિદ્યાર્થી અવસ્થામાં એક વિદ્વાન્ ગ્રેજ્યુએટ માસ્તરે કહેલ તે ખરેખર યાદ રાખવા જેવો છે.

તે માસ્તર એક વખતે એક અંગ્રેજ ઉચ્ચા અધિકારીના સેક્રેટરીનું કામ કરતા. ત્યારે તે સાહેબે પોલીસને બોલાવવા તેમને કહ્યું અને અંગ્રેજીમાં બોલ્યા કે (call the police કૉલ ધ પ્લીસ) આથી માસ્તર સાહેબ સમજ્યા નહિ અને Beg your parden કહી ફરીથી પૂછ્યું તો તેજ જવાબ મળ્યો. આમ ત્રીજી વખત થયું એટલે સાહેબ ચીડાયા અને તેના Boy (હલકા નોકરને) તેજ શબ્દો કહ્યા. તે ઝૉય સમજ્યો અને સીપાઇના તંબુમાંથી તેને તેડી લાવ્યો. ત્યારે માસ્તરને અજાયબી લાગી કે આ તે પ્લીસ કે પોલીસ? આમ દરેક ભાષામાં હોય. હીંદુસ્તાનીમાં પણ બોલતી વખત તેમ બને છે પણ તે દાખલા આપવાનું આ સ્થળ નથી.

આથી સમજવાનું એટલુંજ કે ઉચ્ચાર માટે ગમે તેટલા ચોક્કસ હોઇએ પણ લખાણમાં પરભાષાના ઉચ્ચાર રીતસર લખવા તે ઘણુંજ કઠણ કામ છે. જે બાબત અનુભવીઓજ જાણી શકે. આ સંબંધી આ પુસ્તકની પ્રસ્તાવના

પછીનો વિષય વાંચવાથી ખબર પડશે.

૬ અક્ષરોના ઉચ્ચાર કેવી રીતે કરવા તે સંબંધી ઉપર લખાઇ ગયા બાદ હવે જરૂર જેટલી જે સૂચના આપવાની છે તે સંબંધીઃ—

પોરતુગીઝમાં જે જે શબ્દ બોલાય તે કઇ જાતીના છે તથા તેને જે જે પ્રત્યય (artigos) લાગે ત્યારે તેના જે રૂપથી લગાડાય છે. તેથી પણ જાતી માલુમ પડે છે. તો નીચેની ખીના ઉપર ધ્યાન રાખવાથી ઉપયોગી બાબત સમજાશે.

આથી પ્રથમ પ્રત્યયો (artigos) તથા ભાષામાં ચાલતા મુખ્ય મુખ્ય શબ્દો મોઢે કરેલા હોય તો ભાષા જાણવાને અને તેમાં આગળ વધવાને કાંઇક વધારે આનંદ આવે છે આ રીત હાલના વિદ્વાનોની ગ્રહણ કરેલી હોવાથી તે અત્રે પસંદ કરેલી છે. ઉચ્ચાર ગુજરાતીમાં આપેલા હોવાથી વાંચવામાં સુગમતા આપશે.

૭ ઉચ્ચારમાં મદદ કરે એવી બે સંજ્ઞા અંગ્રેજી અક્ષરોમાં અત્રે શરૂઆતમાં રાખેલી છે. જેમાંની એક શબ્દ ઉપર ભાર કયાં દેવો તેને માટે વાપરેલ છે જેનું નામ (') "એક્યુટ" છે. અને બીજી શબ્દમાં ઉચ્ચાર વખતે અક્ષર જુદા કયાં પાડવા તે માટે વાપરેલ છે જે નામનું ^ "સરકમફ્લેક્સ" છે. વિશેષ હકીકત " **ઉચ્ચાર સંબંધી સૂચના** " વાંચવાથી જણાશે.

જે શબ્દ ઉપર જ્યાં ભાર મુકીને બોલવાનું હોય તે અક્ષર ઉપર ' આવી એક્યુટની નીશાની કરેલ છે. જેથી કરીને તેને મળતો બીજો શબ્દ હોય તે કરતાં પહેલાનો ઉચ્ચાર અને અર્થ જુદો થાય છે. જેમકેઃ—

Esta (એસ્ત) આ This; અને **Está** (ઇસ્તા) છે It is

Da (દ) નું Of the; ,, **Dá** (દા) આપે છે Gives

ત્રીજો પુરૂષ એકવચન "દા"નું

સરકમફ્લેક્સનો ઉપયોગ બે જગ્યાએ થાય છે (^).

૧ બે સ્વર સાથે આવ્યા હોય અને તેનો ઉચ્ચાર **એક** સાથે નહીં કરતાં જુદો કરવો હોય ત્યારે. જેમકે, **Sôa** (સોઅ). ઉડી જાય છે **flies away**, **Soar** નું રૂપ છે.

૨ બે સ્વર જોડાયેલા હોય અને તેનો ઉચ્ચાર લંબાણપૂર્વક કરવો હોય ત્યારે. જેમકે, Ôlho (ઓ (જેમ વચ્ચે હ બોલાય તેમ લંબાવવો ઓ-હ-લ્ય).

આ ઉપરાંત તીલ ˜ અને સેદીલ ç બાબત પાના ૩જાએ અને ૬ઠાએ લખાઇ ગયેલ છે.

૮ અક્ષરોના ઉચ્ચાર કેવી રીતે કરવા તથા શબ્દો બોલવામાં કેવી રીતે દરેક શબ્દનો ઉચ્ચાર કરવો તે બતાવ્યા બાદ કેટલાક ટુંકા વાકયો—અજમાયેશ તરીકે—અને બોલવામાં દાખલા રૂપે માર્ગદર્શક થઇ પડે એટલા માટે આપવામાં આવે છે. તે ઉપર બરાબર ધ્યાન આપવાથી સમજી શકાશે. ગુજરાતિ ઉચ્ચારમાં ˘ આવું ચિન્હ જ્યાં હોય ત્યાં પહોળો ઉચ્ચાર કરવો.

Faça isto	(ફાસ ઇસ્તુ)	આ કર	Do this
Pergunte	(પરગુંતિ)	પૂછ	Ask
Traga	(ત્રા'ગ)	લાવ	Bring
Venha cá	(વે'ન્ય કા)	અહીં આવ	Come here
Não faça isto	(નાંઉ ફા'સ ઇ'સ્તુ)	આ કર નહીં	Don't do this
Entregue isto	(એંન્ત્રૅગિ ઇ'સ્તુ)	આ સોંપજો	Deliver this
Vá buscar me	(વ્હા' બુસ્કા'ર્ મી)	લઇ આવ	Fetch me
Dê-me	(દે-મી)	મને આપો	Give me
Va' se-embora	(વ્હા' સી-એંબોર)	ચાલ્યો જા	Go away
Va' vêr	(વ્હા' વ્વેર્)	જોઇ આવ	Go and see
Pegue no cavallo	(પૅગિ નુ કવ્હાલુ)	ઘોડો પકડ	Hold the horse
Bata a' porta	(બા'ત આ' પૉર્ત)	બારણું ખખડાવ	Knock at the door
Abra a porta	(આ'બ્ર અ પૉર્ત)	બારણું ઉઘાડ	Open the door
Empreste-me	(ઍમ્પ્રૅસ્તિ-મી)	મને ઉછીનું આપ	Lend me
Largue	(લા'ર્ગિ)	જવા દે	Let go
Olhe	(ઑ'લ્યિ)	જો	Look here
De pressa	(દ પ્રૅ'સ્સ)	ઉતાવળ કર	Make haste

Não assim	(નાંઉ અસીં')	એમ નહીં	Not so
Faça favôr	(ફા'સ ફવો'રૂ)	મહેરબાની કર	Please
Toque	(તૉ'કિ)	વગાડ	Ring
Espere	(ઇશ્પૅ'રિ)	ઉભો રહે	Stop
Espere aqui	(ઇશ્પૅ'રિ અકી')	અહીં રાહ જો	Wait here
Quero	(કૅરૂ)	જોઇએ છીએ	I want
Não quero	(નાંઉ કૅરૂ)	મારે નથી જોઇતું	I don't want
Bom, Boa	(બૌં, બોઅ)	સારૂં	Good
Mao, ma'	(મા'ઉ', મા')	ખરાબ	Bad
Grande	(ગ્રાં'દિ)	મોટુ	Great
Pequeno	(પિકૅનુ)	નાનું	S.nall, Littlo
Sim	(સીં)	હા	Yes
Não	(નાંઉ)	ના	No
Dinheiro	(દિઞ્યે'રૂ)	પૈસા	Money
Caro	(કા'રૂ)	મોંઘું	Dear
+Barato	(બરા'તુ)	સોંઘું	Cheap
Bons dias	(બોંઝ્ દી'અઝ્)	દીવસની સલામ	Good-day
Boas noites	(બોઅઝ્ નોઇતિઝ્)	રાતની સલામ	Good-night
Minha senhora	(મીઞ્ય સીંયો'ર)	મારી સ્ત્રી	My lady
Volte á dereita	(વ્વૉલ્તિ આ' દિરે'ત)	જમણી તરફ વળો	Turn to the right
Volte á esquerda	(વ્વૉલ્તિ આ' ઇશ્કે'ર્દ)	ડાબી તરફ વળો	Turn to the left
Quanto custa isto ?	(ક્વા'ન્તુ કુ'સ્ત ઇ'સ્તુ)	આની કીંમત શું ?	How much costs this ?
Diga lhe que venha	(દી'ગલ્ય કે વૅ'ઞ્ય)	તેને આવવાનું કહે	Tell him to come

---

+ Barato નો ઉચ્ચાર બ અને બાની વચ્ચેનો કરવો.

Falla o Sr. portuguez ? (ફાલ ઉ સીંયોર્ પોર્તુગે'ઝ્) ? તમે પોરતુ-
ગીજ બોલો છો ? Do you speak Portuguese ?

Um pauco (ઊં પો'કુ) જરા A little

Mas muito pouco (મઝ મું'ઇતુ પો'કુ) પણ ઘણું થોડું But very little

Comprehende ? (કૉમ્પ્રે'યેં'દિ) ? સમજો છો ? Understand ?

Entre (ઍ'ત્રિ) અંદર આવ Come in

Suba (સુ'બ) ચાલવા માંડ Walk up

Assente se (આસેં'ન્તિ સિ=આ'સેં'તિસ) બેસી જા Sit down

Vae elle ? (વ્વા'ઇ એ'લિ ?) તે જાય છે ? Goes he ?

Meu filho (મેઉ ફિ'લ્યુ) મારો છોકરો My son

Sinhor, Sr. * (સીંયોર્) સાહેબ, તમે Sir

Meia-noite (મેય-નો'ઇતિ) મધરાત Mid-night

E' barato (ઍ બરાતુ) તે સોંઘું છે It is cheap

Elle é cego (એલિ ઍ સે'ગુ) તે આંધળો છે He is blind

Elle não vê me (એલિ નાંઉ વ્વે' મી) તે મને જોતો નથી He does not see me

Vae o Sr. copiar isso ? (વ્વા'ઇ ઉ સીંયો'ર્ કોપીઆ'ર ઇ'સ્સુ) તમે આની નકલ કાઢશો ? Are you going to copy this ?

Se o Sr. falla devagar (સિઉ સીંયો'ર્ ફા'લ દવ્વગાર્) જો તમે ધીમે બોલો તો If you speak slowly.

O Sr. falla muito depressa (ઉ સીંયો'ર્ ફા'લ મું'ઇતુ દપ્રૅ'સ્સ) તમે ઘણું ઉતાવળું બોલો છો You speak very fast

O que diz o Sr. ? (ઉ કે દીઝ્ ઉ સિંયોર્) ? તમે શું કહો છો ? What do you say ?

---

* Sinhor—આખો શબ્દ લખવાને બદલે Sr. લખવાની રૂઢી છે. Sinhor (નર) અને Sinhora (નારી) એ એના ઉચ્ચારમાં ખાસ ધ્યાનમાં રાખવાનું છે.

Elle não pode ler uma palavra (એલિ નાંઉ પૉદ લેર ઉમ પાલા'વ્ર) તે એક શબ્દ પણ વાંચી શકતો નથી He cannot read one word.

Eu não sabia isso (એઉ નાંઉ સાબીʼય ઈʼસ્સુ) હું એ વિષે જાણતો નહોતો I did not know of that

Que horas são? (કી ઑʼરસ્ સાંઉ?) કેટલો વખત થયો? What time is it?

Mande buscar os homens (માંદિ બુસ્કાʼર્ ઉઝ્ ઑʼમિંઝ્) માણસોને તેડવા મોકલો Send for the men.

૯ દરેક શબ્દમાં અક્ષરના કેમ ઉચ્ચાર કરવા તે ઉપરના ઉદાહરણોથી વાંચનાર જોઇ શકશે. ઉચ્ચાર સંબંધી જેટલું વધારે લખીએ તે થોડું છે. કારણ કે લંબાણ હોવાથી શરૂઆતના વાંચનારને કંટાળો આવે, અને હુશીઆર શીખનારને તો ઘણા રસ્તા મળી શકે. વળી ઉચ્ચાર સંબંધી એક પ્રખ્યાત અંગ્રેજ લેખક કહે છે કેઃ—

It is only possible to acquire the exact pronunciation by hearing it constantly, many of the sounds being very soft and indistinct:—એટલે "બરાબર ઉચ્ચારો તો વારંવાર સાંભળવાથી શીખી શકાય છે કારણ કે ઘણા ખરા ઉચ્ચારો તો ઘણા મંદ અને અસ્પષ્ટ બોલાય છે." તેથી જણાયું હશે જે ખરેખરા ઉચ્ચાર તો બીજાને બોલતાં સાંભળવાથીજ જાણી શકાય છે.

ઉચ્ચાર સંબંધી ઉપર પ્રમાણે જણાવ્યા બાદ હવે વાક્ય કેમ જોડવાં તથા કેમ બોલવું તે માટે વ્યાકરણના કેટલાક ઉપયોગી નિયમોનું વર્ણન આપવું યોગ્ય ગણાશે.

ઘણા પુસ્તકોનું અવલોકન કરી ઘણીજ સાદી રીત આમાં ટુંકાણથી બતાવી છે વ્યાકરણ સંબંધી ઘણું લખી શકાય, અને એક પુસ્તક ભરી શકાય; પણ અહીં તો ઉપયોગી વાતને ધ્યાનમાં લેવાનું અને ટુંકાણમાં સમજાવવાનું તેમજ વાંચનારને થોડા વખતમાં બહુ જણાવવાનું હોવાથી આ

રીતે સર્વે સામાન્ય થઈ પડવા સંભવ છે.

પ્રત્યયો. Os Artigos (આર્તીગુશ).

૧૦ પ્રત્યય એટલે જેનાવડે નામની જાતિ (નરજાતિ, નારીજાતિ કે નાન્મતરજાતિ) અને વચન (એકવચન કે બહુવચન) જણાવાય છે તે. પ્રત્યય નામની પહેલાં આવે છે; જેથી તે કઇ જાતિનું છે અને કયા વચનનું છે તેની ખાત્રી થાય છે જેમકે Uma mulher (ઊ'મ મુલ્યે'ર્); એક સ્ત્રી; Umas uvas (ઊ'મઝ્ ઊ'વશ્) કેટલીક ધરાખો; O homem (ઉ ઑ'મિં) તે માણસ; Uns cavallos (ઊંશ્ કવ્હા'લુશ્) કેટલાક ઘોડાઓ; Um homem (ઊં ઑ'મિં) એક માણસ વિગેરે.

૧૧ જેમ અંગ્રેજીમાં પ્રત્યય બે છે. A અને The તેમ પોરતુગીઝમાં પણ બે પ્રત્યય છે. Um ઊં અને O ઉ. આમાં (A અથવા) Um Indefinite article (અનિશ્ચયાર્થ પ્રત્યય) કહેવાય છે અને (The અથવા) O Definite article (નિશ્ચયાર્થ પ્રત્યય) કહેવાય છે.

અનિશ્ચયાર્થ પ્રત્યય એટલે અમુક એક એમ બતાવવાને માટે નામની પૂર્વે લગાડાય છે તે. જેમ Um livro એક ચોપડી (ઊં લીવ્રુ). અને નિશ્ચયાર્થ પ્રત્યય એટલે ચોક્કસ ફલાણું તે, એમ બતાવવાને માટે નામની પૂર્વે લગાડાય છે તે. જેમકે, O homem (ઉ ઑ'મિં) તે માણસ.

૧૨ જે શબ્દની પૂર્વે પ્રત્યય મૂકવામાં આવ્યો હોય, તે શબ્દની જાતિ અને વચન મુજબજ તે પ્રત્યયની જાતિ અને વચન મૂકાય છે. એટલે એકવચનના નામ પૂર્વે એકવચનનો પ્રત્યય, અને બહુવચનના નામ પૂર્વે બહુવચનનો પ્રત્યય; નરજાતિના નામ પૂર્વે નરજાતિનો પ્રત્યય અને નારીજાતિના નામ પૂર્વે નારીજાતિનો પ્રત્યય આવે છે; આ પ્રત્યયોની નરજાતિ અને નારીજાતિ તેમજ એકવચન અને બહુવચન નીચે મુજબ:—

અનિશ્ચયાર્થ પ્રત્યય.		**નિશ્ચયાર્થ પ્રત્યય.**	
એકવચન	બહુવચન	એકવચન	બહુવચન.
અર્થ એક (A, An)	અર્થ કેટલાક (Some)	અર્થ તે (The)	અર્થ તે

નરજાતિ	Um (ઊ’) Uns (ઊ’શૂ)	O (ઉ)	Os (ઉશૂ)
નારીજાતિ	Uma (ઊ’મ) Umas (ઊ’મશૂ)	A (અ)	As (અશૂ)

જેમકે O cavallo (ઉ કવ્હા’લુ) તે ઘોડો; The horse Os cavallaos (ઉશૂ કવ્હા’લ્લુશૂ) તે ઘોડાઓ The horses; A rua (અ રૂ’અ) તે શેરી The street; As ruas (અશૂ રૂ’અશૂ) પેલી શેરીઓ The streets વિગેરે. આ નિશ્ચયાર્થના દાખલા છે. અનિશ્ચયાર્થના દાખલા કલમ ૧૦ મીમાં આપ્યા છે તે જોવા.

૧૩ જ્યારે a કે o શબ્દયોગી પ્રત્યય de ની સાથે જોડાય ત્યારે તેનો અર્થ નો, ની, નું, ના અથવા માંથી થાય છે. જેને અંગ્રેજીમાં Of the અથવા From the કહે છે. જેમકે:—

	એકવચન.	બહુવચન.
નરજાતિ	do (દુ)	dos (દુશૂ)
નારીજાતિ	da (દ)	das (દશૂ)

આ સાથે નીચેના શબ્દો (પ્રત્યયો) યાદ રાખવા આવશ્યક હોવાથી અત્રે આપીએ છીએ.

	એકવચન.	બહુવચન.
નરજાતિ	no (નુ)	nos (નુશૂ) માં, in the;
નારીજાતિ	na (ન)	nas (નશૂ) ,, ,, ,,
નરજાતિ	ao (આઉ)	aos (આઉશૂ) તરફ, to the;
નારીજાતિ	a’ (આ’)	a’s (આ’શૂ) ,, ,, ,,

દાખલા. (નરજાતિના)

એકવચન.	બહુવચન.
Do homem (દુ ઑ’મિં) તે માણસનો	*Dos homens (દુઝ્ ઑ’મિંશૂ) તે માણસોના.
No quarto (નુ ક્વા’ર્તુ) તે ઓરડામાં	Nos quartos (નુશૂ ક્વા’ર્તુશૂ) તે ઓરડાઓમાં

* સાધન પાને ૧૮મે જુઓ.

Ao quarto (આ'ઉ ક્વા'ર્તુ) તે ઓરડા તરફ Aos quartos (આઉશ્ ક્વાર્તુ શ્) પેલા ઓરડાઓ તરફ

નારીજાતિના દાખલા.

Da mulher (દ મુલ્યે'ર્) તે સ્ત્રીનું Das mulheres (દશ્ મુલ્યેરીશ્) પેલી સ્ત્રીઓનું

Na cosinha (ન કુઝી'ન્ય) તે રસોડામાં Nas cosinhas (નશ્ કુઝી'ન્યશ્) પેલા રસોડાઓમાં

A' cosinha (આ' કુઝી'ન્ય) તે રસોડા તરફ A's cosinhas (આશ્ કુઝી'ન્યશ્) પેલા રસોડાઓ તરફ.

ઉપરના બધા દાખલા નિશ્ચયાર્થના આપ્યા. હવે થોડાક દાખલા અનિશ્ચયાર્થના આપીશું.

	એકવચન.	બહુવચન.
નરજાતિ	Um livro (ઊં' લી'વ્રુ) એક ચોપડી	Uns livros (ઊં'શ્ લી'વ્રુશ્) કેટલીક ચોપડીઓ
નારીજાતિ	Uma casa * (ઊ'મ કા'ઝ) એક ઘર	Umas casas (ઊ'મશ્ કા'ઝશ્) કેટલાંક ઘરો

* નોંધ—જ્યારે s ની પછી કોઈ સ્વર અથવા h આવેલ હોય ત્યારે તેનો ઉચ્ચાર ઝ્ થાય છે.

૧૪ આટલું જાણ્યા બાદ વિશેષમાં જાણવાનું જે જ્યાં સર્વનામ અથવા સર્વનામવાચક શબ્દો આવે ત્યાં ઉપરના કોઈ પ્રત્યયો નામની પૂર્વે લગાડવામાં આવતા નથી. તેમજ ખાસ મહેનત લઇ નીચે જે શબ્દોની તારવણી આપી છે તેમાં જે પ્રત્યયો લગાડવામાં આવ્યા છે તે ઉપર ધ્યાન આપવાથી અને મોઢે કરવાથી બહુ ઉપયોગી થઈ પડવા સંભવ છે.

*આમાં ઉસ્ નો ઉચ્ચાર શ્ નહીં થતાં સ્ થવાનું કારણ કે તેની પછી Seus આવેલ હોવાથી સ્ ઉચ્ચાર થયેલ છે.

	એકવચન Singular	બહુવચન Plural
નરજાતિ	O meu (ઉ મે'ઉ) મારૂં My, mine	Os meus (ઉશ્ મેઉશ્)
નારીજાતિ	A minha (અ મી'ન્ય) „ „	As minhas (અશ્ મીન્યશ્)
નરજાતિ	O seu (ઉ સે'ઉ) હારૂં, તમારૂં, તેનું Your, his, her, its, their	Os seus *(ઉસ્ સેઉશ્)
નારીજાતિ	A sua (અ સૂ'અ) „ „ „	As suas (અસ્ સૂઅશ્)
નરજાતિ	O nosso (ઉ નૉ'સ્સુ) અમારૂં, Our; ours	Os nossos (ઉશ્ નૉસ્સુશ)
નારીજાતિ	A nossa (અ નૉ'સ્સ) „	As nossas (અશ્ નૉસ્સશ્)
નરજાતિ	O vosso (ઉ વૉસ્સુ) તમારૂં, Your, Yours,	Os vossos (ઉશ્ વૉસ્સુશ્)
નારીજાતિ	A vossa (અવ્વૉસ્સ) „	As vossas (અશ્ વૉસ્સશ્)
નરજાતિ	Este (એ'સ્તિ) આ This; These	Estes (એ'સ્તિશ્)
નારીજાતિ	Esta (ઍસ્ત) „ „ „	Estas (ઍસ્તશ્)
નરજાતિ	Esse (એ'સ્સિ) તે That; Those	Esses (એ'સ્સિશ્)
નારીજાતિ	Essa (ઍસ્સ) „ „ „	Essas (ઍસ્સશ્)
નરજાતિ	Aquelle (આકે'લ્લિ) „ „ દૂર બતાવનાર	Aquelles (આકે'લ્લિશ્)
નારીજાતિ	Aquella (આ'કૅલ્લ) „ „	Aquellas (આકૅલ્લશ્)
	Qual? (ક્વાલ્) કયું? Which?	Quaes (ક્વાઇશ્)
	Que? (કે) „ What?	બહુવચનમાં તેજ રૂપ વપરાય છે
નરજાતિ	Pelo (પે'લુ) વડે, થી પાસે By the,	Pelos (પેલુશ્)
નારીજાતિ	Pela (પે'લ) „ „ „ „	Pelas (પે'લશ્)
નરજાતિ	N'este (ને'સ્તિ) આમાં in this (or those)	N'estes (ને'સ્તિશ્)
નારીજાતિ	N'esta (નૅસ્ત) „ „	N'estas (નૅસ્તશ્)
નરજાતિ	N'esse (ને'સ્સિ) તેમાં, in that (those)	N'esses (ને'સ્સિશ્)

નારીજાતિ N'essa (નૅસ્સા) „ „ N'essas (નૅસ્સશ્)
નરજાતિ N'aquelle (નાકૅ'લ્લિ) „ N'aquelles (નાકૅ'લ્લિશ્)
નારીજાતિ N'aquella (નાકૅલ્લા) „ N'aquellas (નાકૅલ્લશ્)

આગળ આપેલા પાઠોમાં પાઠ ૩જો જુઓ. ઉપરના શબ્દોનો ઉપયોગ તેમાં કરેલો હોવાથી વધારે સમજણ પડી શકશે કારણ કે હાલ તો જાતિ અને વચન વિષેની વિગત અને અનુકૂળ થવા સંભવ છે.

ઉપર પ્રમાણે જોડણી અને જરૂરના રૂપો યાદ રાખ્યા પછી વ્યાકરણના અંગો જેવાં કે નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ અને અવ્યય વિગેરેની હકીકત સ્થાને થઇ પડે તેમ છે; કારણ કે તેથી વાક્ય કેમ બનાવવા અને બનાવેલા વાક્યો વ્યાકરણની પદ્ધતિસર કેમ વાંચવા તેની યથાયોગ્ય સમજણ પડી શકે.

નામ (Nomes) નૉમિ'શ

૧૫ નામ બે પ્રકારના છે. વિશેષ્યનામ અને સામાન્યનામ
વિશેષ્ય નામ એટલે મુખ્યત્વે મનુષ્યના નામ અને દેશ, પર્વત, નદી વિગેરેના નામો. જેમકે Manoel મનવેલ, Alpes આ'લ્પિસ, Euro ૯ઘ્રુ વિગેરે
વિશેષ્યનામ શિવાયના નામ તે બધાં સામાન્યનામ લેખવા.

૧૬ દરેક નામને જાતિ, વચન અને વિભક્તિ હોય છે. તેથી જે નામ જાણવ્યું હોય તે કઇ જાતિનું છે તે માટે નીચેના નિયમો ધ્યાનમાં રાખવા.
પોરતુગીઝ ભાષામાં નરજાતિ અને નારીજાતિ એમ બે જાતિ છે. (નાન્યતરજાતિની ગણત્રીનો નારીજાતિમાંજ સમાવેશ કરવામાં આવે છે.)

૧૬ A નીચેના નામો નરજાતિનાં જાણવા.

૧ પુરૂષના નામ અને તેના ધંધા; જેમકે, Um actor (આતો'ર્) નાટકકાર; Um carpinteiro (ઊં કાર્પિંતે'ર્) સુતાર; O caixeiro (ઉ કાઇશ્યેર્) કલાર્ક વિગેરે.

૨ **પર્વતો**, નદીઓ અને પવનના નામો, તથા જેને છેડે a ન આવ્યો **હોય તેવા** દેશ, નગર અને શહેરના નામો; જેમકે, Os Alpes (ઉઝ્ આ'લ્પીશ્) આલ્પ્સ; O Caucaso (ઉ કા'ઉકસુ) **કૉકેસસ**, O Rio Amazonas (ઉરી'યુ આમાઝોનસ) **આમાઝોન** નદી: O vento (ઉ વ્હેન્તુ) પવન વિગેરે,

૩ જે નામને છેડે e, i, o અને u આવ્યા હોય તેમાંના ઘણા ખરા નામ; જેમકે, eclipse (**ઇક્લીપ્સિ**) ગ્રહણ; Oeste (ઑએ'સ્તિ) પશ્ચિમ દીશા; Leite (લે'ઇતિ) દુધ; Rei (રેઇ) રાજા; filho (ફી'લ્યુ) દીકરો; ceo (સે'ઉ) સ્વર્ગ, Perú' (પેરૂ') તર્કી જાતનું પક્ષી.

પરંતુ આ નિયમના અપવાદ તરીકે "**સદ્ગુણ** અને દુર્ગુણ **દર્શક** નામો" તથા નીચેના e. i. o અને u **છેડાવાળાં** નામો નારીજાતિના છે.

Fonte (ફૉ'ન્તિ) ફુવારો; Chave (શા'વ્હિ) કુંચી; lei (લેઇ) કાયદો; tribu (ત્રી'બુ) જાત; Jente (જૅન્તિ) લોક; Mão (માંઉ) હાથ; bondade (બૉદા'દિ) **ભલાઇ** વિગેરે.

૪ વ્યંજનાંત (વ્યંજન જેને છેડે આવેલ હોય તેવાં) નામો ઘણા-ખરા નરજાતિનાજ હોય છે જેમકે A actriz (અ આત્રી'ઝ્) નાટકકાર; O papel (ઉ પપૅ'લ્) કાગળ વિગેરે.

મુખ્ય રૂલ–O છેડાવાળા નામો મુખ્યત્વે નરજાતિનાજ હોય છે.

૧૬ B નારીજાતિના નામો:—

૧ સ્ત્રીઓ અને સ્ત્રીઓના ધંધાઓ; જેમકે A mulher (અ મુલ્યેર્) સ્ત્રી; A colher (અ કુલ્યેર્) વિગેરે.

૨ ઝાડ અને તેના ફળોમાંના ઘણા ખરાના નામો; જેમકે Maçã (માસાં') બોર; A raiz (અ રરા'ઇઝ્) મૂળીઉં.

૩ a, ã, અથવા ão છેડાવાળા નામો; જેમકે, Casa (કાઝ) ઘર, Maçã (માસાં') બોર, Mão (માં'ઉ) હાથ.

પરંતુ અપવાદ તરીકે નીચેના નામો નરજાતિના છે.

Planeta (પ્લાને'ત) ગ્રહ; **Pão** (પાં'ઉ) રોટલી; **Anão** (આનાં'ઉ) ઠીંગણું વિગેરે.

આ સિવાય કેટલાંક નામો એવાં છે કે તેના અર્થ પ્રમાણે નરજાતિના અથવા નારીજાતિના બને છે જેમકે;

	નરજાતિ		નારીજાતિ	
દેવ-દેવી	Deus	(દે'ઉશ્)	Deusa	(દે'ઉઝ)
સિંહ-સિંહણ	Leão	(લેયાં'ઉ)	Leôa	(લેઓ'અ)
ગામડીઓ પુરૂષ-સ્ત્રી	Villão	(વિલાં'ઉ)	Villôa	(વિલો'અ)
બચ્ચું નરજાતિ-નારીજાતિ	Infante	(ઈંફાં'તિ)	Infanta	(ઇંફાં'ત)

આવા ઘણા નામો છે. તેના ઉદાહરણ તરીકે આ આપ્યા છે.

૧૭ તેમજ નરજાતિ અને નારીજાતિ એ બંનેમાં એકજ રૂપ વપરાય એવું નામ avo છે જે avò (આવ્વો') હોય ત્યારે મોટા બાપો અર્થ થાય છે અને avô (આવ્વોં') હોય ત્યારે મોટી મા અર્થ થાય છે.

૧૮ જાતિની સમજણ સારી રીતે પડે તેને માટે નીચેના પાઠ વાંચવાથી સમજી શકાશે. ઉપલા નિયમો મુજબ શબ્દોની નરજાતિ નારીજાતિ સમજી લેવી. અપવાદ હશે તે જણાવવામાં આવશે.

પાઠ ૧ લો Primeira Licção (પ્રીમેઇર લીસાં'ઉ)

Aqui (અકી') અહીં Here	Dinheiro (દીંયેર) પૈસા Mon y
Alli (અલી) ત્યાં There	Senhora (સીંયોરા) સ્ત્રી Lady
Onde (ઑન્દિ) ક્યાં Where	Rua (રૂ'અ) શેરી Street
Esta' (ઇસ્તા) છે Is	Carta (કાર્ત) કાગળ Letter
Trem (ત્રેં) ઘોડાગાડી Carriage	Carteiro (કાર્તેઇરુ) ટપાલવાળો Postman
Troco (ત્રોકુ) પરચુરણ Change	Livro (લીવ્રુ) ચોપડી Book

Recebo (રેસીબુ) રસીદ Receipt Quarto (ક્વાર્તુ) ઓરડો Room

ર અને રે વચ્ચેનો મધ્યમ ઉચ્ચાર

O recibo (ઉ રેસીબુ) તે રસીદ
A rua (અ રૂઅ) તે શેરી
A senhora (અ સીન્યૉર) તે બાઇ
O carteiro (ઉ કાર્તેઇરૂ) તે ટપાલવાળો

Onde está ? (ઓન્દિ ઇસ્તા) ? ક્યાં છે?

Aqui esta' a nossa carta (અકી ઇસ્તા અ નૉસ્સ કાર્તે) અમારો કાગળ આ રહ્યો.

Alli esta' a nossa rua (અલિ ઇસ્તા અ નૉસ્સ રૂઅ) અમારી શેરી ત્યાં છે.

Alli esta' o nosso trem (અલિ ઇસ્તા ઉ નૉસ્સુ ત્રેં) અમારી ગાડી ત્યાં છે.

Onde esta' o recibo ? (ઓન્દિ ઇસ્તા ઉ રેસીબુ) રસીદ ક્યાં છે?

Aqui esta' o recibo (અકી ઇસ્તા ઉ રેસીબુ) રસીદ આ રહી.

Onde esta' o dinheiro (ઓન્દિ ઇસ્તા ઉ દીન્યેરૂ) પૈસા ક્યાં છે?

Esta' o troco do dinheiro (ઇસ્તા ઉ ત્રોકુ દુ દીંયેરૂ) પૈસાનું પરચુરણ છે.

પાઠ ૨ જો Segunda Lic̨ão (સેગુન્દ લીસ્સાંઉ)

૧૯ જાતિ પ્રત્યયથી પણ દેખાડાય છે તેના દાખલા નીચે મુજબ:—

A sede (અ સેંદિ) તરસ Thirst
O somno (ઉ સોનુ) ઊંઘ Sleep
A agua (અ આગ્વ) પાણી Water

ખાસ નોંધ—નાના પાઠોમાં શબ્દોનું નામ અંગ્રેજી મથાળે આપેલ હોવાથી વાક્યમાં આપેલ નથી.

*Nem.....nem (નેં-નેં) કાંઇ નહીં Neither.....nor
O pão (ઉ પાંઉ) રોટલી Bread
A penna (અ પે'ન) કલમ Pen
A mãe (અ માંઇ) મા Mother
O pae (ઉ પાઇ) બાપ Father
O sal (ઉ સાલ્) મીઠું Salt
A fome (અ ફોમિ) ભૂખ Hunger
A igréja (અ ઇગ્રેજ્ય) દેવલ Church
A casa (અ કાઝ) ઘર House
*A bagagem (અ બગાજિયં) લગેજનો સામાન Luggago
A chave (અ શા'વ્હિ) ચાવી Key
A estação (અ ઇસ્તિસાં'વ) સ્ટેશન Station
O bolso (ઉ બોલ્સુ) ખીસ્સું Pocket
Em (એં) અંદર In
Estava (ઇસ્તાવ્હ) હતો Was
Lá em cima (લા એં સીમ) ઉપલી સીડી Up stairs
Lá em baixo (લા એં બા'ઇશુ) નીચલી સીડી Down stair
મારૂં, તારૂં વિગેરે માટે પાનું ૧૯મું જુઓ.

૨૦ આપણે જ્યાં "તમે" "આપ" એમ બોલીએ છીએ તેની બોલવાની પોર્ટુગીઝમાં ઘણી રીતો છે. પણ આ સ્થળે જણાવવાનું જે આ ચોપડીમાં "તમે" ને માટે O Sr અથવા "Vmcê" (Vossamercê ઉચ્ચાર

---

* Nem.....nem આમાં જ્યાં ટપકાં છે ત્યાં કોઇનું નામ મુકવું. દાખલા તરીકે પાઠમાં જુઓ.

* આમાં Bagagem એ અપવાદ તરીકે નારીજાતિનો શબ્દ છે. નારીજાતિના શબ્દો a પ્રત્યયથી દર્શાવેલા છે.

વૅાસ્સ મસેં) ત્રીજા પુરૂષ એકવચનને માટે; અને Vmcês (ઉચ્ચાર વૅાસ્સ મસેંસ્) ત્રીજા પુરૂષ બહુવચનને માટે વાપરેલ છે.

નોંધ—પોતાના દરજ્જાથી હલકાને માટે Vossê (વોસ્સે) વપરાય
„ „ સરખા હોય તેને માટે O Sr. (ઉ સિંયૅાર્) „
„ „ મોટા „ „ O Sr. અથવા Vmcê (વ્હૅાસ્સ મસેં) વપરાયછે
„ „ ઘણાજ શ્રેષ્ઠ „ V. Exc (વ્હૅાસ્સ ઍસ્સલૅંસિયૂ) વપરાય છે.

મથાળે શબ્દોની ઉપર ચિન્હ (કેમ બોલવું તેની નિશાની) મુકાયેલ હોવાથી પાઠમાં ફરીથી મુકેલ નથી.

O seu quarto (ઉ સેઉ ક્વાર્તુ) તેના ઓરડો.

A sua carta (અ સુઅ કાર્ત) તેણીનો કાગળ.

Vmcê tem a penna (વ્હૅાસ્સમસેં તેં અ પેન) તમારી પાસે કલમ છે.

Tenho o pão, a agua e o sal (તેંન્યુ ઉ પાંઉ, અ આગ્વ ઇ ઉ સાલ્) મારી પાસે તે રોટલી, પાણી અને નિમક છે.

Na minha carta (ન મીન્ય કાર્ત) મારા કાગળમાં.

Ondo esta' a cstaçaõ (ઓન્દિ ઇસ્તા અ ઇશ્તસાંવ)સ્ટેશન ક્યાં છે?

O meu sacco esta' la' em cima (ઉમેઉ સાકુ ઇસ્તા લા એં સીમ) મારો કોથળો મેડા ઉપર છે.

A sua bagagem esta' la' em baixo (અ સુઅ બગાજિંયં ઇસ્તા લા એં બા'ઇશુ) તારો લગેજ સીડી નીચે છે.

Onde está o seu trem ? (ઓન્દિ ઇસ્તા ઉ સેઉ ત્રૈં) તારી ગાડી ક્યાં છે?

O seu livro está no seu quarto (ઉ સેઉ લીવ્રુ ઇસ્તા નુ સેઉ ક્વાર્તુ) તેની ચોપડી તમારા ઓરડામાં છે.

O dinheiro esta' no meu bolso (ઉ દીંયેરૂ ઇસ્તા નુ મેઉ બોલ્સુ) મારા ખીસામાં પૈસા છે.

Aqui esta' o seu troco (અકી' ઇસ્તા ઉ સેઉ ત્રોકુ) તમારૂં પરચુરણ આ રહ્યું.

ઉપરના પાઠ ઉપરથી જાતિ માટે સારી રીતે સમજણ પડી ગઇ હશે. માટે હવે વચન વિષે બોલીએ.

વચન (Numero) નુ'મેરૂ.

૨૧ વચન બે છે, એકવચન અને બહુવચન.
એકપણું બતાવે તે એકવચન જેમ, એક ચોપડી Um livro (ઉં લીવ્રુ) એકથી વધારે બતાવે તે બહુવચન જેમ, ચોપડીઓ Livros (લીવ્રુશ) બહુવચન નિચેના નિયમ મુજબ બનાવાય છે.

૧ બહુવચન બનાવવાનો સામાન્ય નિયમ એવો છે કે સ્વરાંત નામોને છેડે s ઉમેરાય છે જેમકે, **Boi** (બોઇ), **Bois** (બોઇશ) બળદો, **Dia** (દીયુ), **Dias** (દીયશ) દિવસો, **Irmã**, (ઇર્માં), **Irmãs** (ઇર્માંશ) બહેનો.

૨ વ્યંજન છેડાવાળા નામોને માટે નીચેના નિયમો ધ્યાનમાં રાખવાનાછે-

a જેને છેડે **ar, er, ir, or** તથા **az, ez, iz, oz** અને **uz** આવેલા હોય તેનું બહુવચન **es** શબ્દ લગાડવાથી બને છે, જેમકે, **Mar** (માર્), **Mares** (મા'રિશ), દરીઆ; **Poder** (પુદે'ર્), **Poderes** (પુદે'રિશ) સત્તા, **Dôr** (દોર્), **Dôres** (દોરિશ) દુઃખ; **Rapaz** (રપાઝ્), **Rapazes** (રપા'ઝિશ) છોકરા, **Mez** (મેઝ્), **Mezes** (મેઝિશ) મહિના, **Luz** (લુઝ્), **Luzes** (લુઝિશ) દીવા, **Noz** (નૉઝ્), **Nozes** (નૉઝિશ) ફળ, **Nariz** (નારીઝ્), **Narizes** (નારીઝીશ) નાક વિગેરે.

b જેને છેડે **al, ol** અને **ul** આવેલા હોય ત્યારે તેમાંથી **l** કાઢી નાંખી અને **es** મુકવાથી બહુવચન બને છે; જેમકે, **Quintal** (કિંતાલ), **Quintaes** (કિંતાઇશ) ફળીઉં; **Alchol** (આલ્કૉલ), **Alchoes** (આલ્કૉઇશ) આલ્કોલ નામનો દારૂ; **Azul** (આઝૂલ),

Azues (આઝૂઇશ) વાદળીઓ રંગ, પરંતુ **Mál** (માલ), નું **Males** (માલિશ) ખરાબ; અને **Consul** (કોંસુલ)નું **Consules** (કોંસુલિશ) રાજ્યનો એલચી વિગેરે થાય છે.

c જેને છેડે el અને il હોય તેનું eis કરવાથી બહુવચન બને છે; જેમકે, **Papel** (પપેલ), **Papeis** (પપેઇશ) કાગળો; **Fossil** (ફોસિલ) **Fosseis** (ફોસેઇશ) ખનીજ વસ્તુ.

d જે નામને છેડે il હોય તેમાંથી l કાઢી નાંખી s લગાડવાથી બહુવચન બને છે; જેમકે, **Civil** (સીવિહીલ), **Civis** (સિવિહશ) સભ્ય.

e જે નામને છેડે m હોય તેમાંથી m કાઢી નાંખીને ns લગાડવાથી બહુવચન બને છે. જેમકે, **Homem**, (ઑમિં), **Homens** (ઑમિંશ) માણસો; **Som** (સોં), **Sons** (સોંશ) અવાજ.

f ão છેડાવાળા શબ્દો હોય તેનું બહુવચન ãos, ões, અથવા ães કરવાથી બનેછે; જેમકે, **Vão** (વ્હાંઉ), **Vãos** (વ્હાંઉશ), ખાલી; **Canção** (કાંસાંઉ), **Canções** (કાંસોઇશ) ગાયન; **Cão** (કાંઉ); **Cães** (કાંઇશ) કુતરા વિગેરે.

ઉપર પ્રમાણે નિયમો બરાબર ધ્યાનમાં રાખવાથી સહેલાઇથી બહુવચન બનાવવાની ટેવ પડી જાય છે; જેથી ટુંકા અને થોડા નિયમોની વિગત સંક્ષેપમાં આપેલ છે.

૨૨ ઉપરનાં નિયમ બરાબર ધ્યાનમાં રહે એટલા વાસ્તે નીચેના પાઠ ઉપર ધ્યાન આપવું.

પાઠ ૩જો Terceira Licção (તેર્સેઇર લીસાંઉ)

એકવચન	બહુવચન			
Dia	**Dias**	(દીઆશ)	દિવસો	**Days**
Signal	**Signaes**	(સિનાઇશ)	ઇશારા	**Signals**
Pacote	**Pacotes**	(પકૉતિશ)	બિંડલી	**Parcels**

Qual	Quaes	(ક્વાઇશ્)	ક્યું ?	Which ?
Bahú	Bahús	(બાઊ'શ્)	પેટી	Trunks
Um	Uns	(ઊંશ્)	એક, કેટલોક	One, Somo
Opinião (ઓપિનિયાંઉ)	Opiniões	(ઓપીનીયોંઇશ્)	મત	Opinions
Plano	Planos	(પ્લાનુશ્)	યુક્તિઓ	Plans
Irmã	Irmãs	(ઇર્માંશ્)	બેનો	Sisters
Lugar	Lugares	(લુગારિશ્)	જગ્યાઓ	Places
Bilhete	Bilhetes	(બિલ્યે'તિશ્)	ટીકેટો	Tickets
Amigo	Amigos	(આમીગુશ્)	મિત્રો	Friends

આ ઉપરાંત પાને ૧૯ મે આપેલાં શબ્દો યાદ રાખવા કારણકે જાતિ અને વચન દર્શાવવા માટે આ પાઠમાં તેનો ઉપયોગ કરેલ છે.

O seu pacote	(ઉ સેઉ પકૅાતિ)	તેનું પાર્સલ
Os seus pacotes	(ઉસ્ સેઉશ્ પકૅાતિશ્)	તેનાં પાર્સલો
O seu quarto	(ઉ સેઉ ક્વાર્તુ)	તેનો ઓરડો
Os seus quartos	(ઉસ્ સેઉશ્ ક્વાર્તુશ્)	તેના ઓરડાઓ
A nossa chave	(અનૅાસ્સ શાવ્હિ)	અમારી ચાવી
As nossas chaves	(અઝ્ નૅાસ્સશ્ શાવ્હિશ્)	અમારી ચાવીઓ
A minha carta	(અ મીગ્ન્ય કાર્ત)	મારો કાગળ
As minhas cartas	(અશ્ મીગ્ન્યશ્ કાર્તશ્)	મારા કાગળો.
O meu livro	(ઉ મેઉ લી'વ્રુ)	મારી ચોપડી.
Os meus livros	(ઉશ્ મેઉશ્ લી'વ્રુશ્)	મારી ચોપડીઓ.
Estas senhoras	(ઍસ્તશ્ સીગ્ન્યૅારશ્)	આ સ્રીઓ.
Quaes pacotes ?	(ક્વાઇશ્ પકૅાતિસ્) ?	કયા પાર્સલો ?
Uns saccos	(ઊંસ્ સાક્કુશ્)	કેટલાક કોથળાઓ
Esse bilhete	(એસ્સી બીલ્યેતિ)	તે ટીકેટ.
Esses bilhetes	(એસ્સિશ્ બિલ્યેતિશ્)	તે ટીકીટો.

વિભક્તી વિષેનું વિવેચન **સર્વનામમાં** જુઓ

દ૩ **પાઠ ૪ Quarta Licção** (કવાર્ત લિસ્સાંઉ)

Esquina (ઇશ્કીન) ખૂણો Corner
Loja (લૉાજ્ય) દુકાન Shop
Preço (પ્રેસુ) કીંમત Price E' (ઍ) છે is એકવચન
Criado (ક્રી'યાદુ) નોકર Servant São (સાંઉ) છે are બહુવચન
Correio (કુરરેયુ) ટપાલ ઑાફીસ Post office
Comboio (કૉામ્બૉાયુ) રેલગાડી Train

આ પાઠમાં શબ્દોની જાતિ દર્શાવવા પાના ૧૭ મે બતાવેલા શબ્દોનો ઉપયોગ કર્યો છે, તે ધ્યાનમાં લેવા. જે શબ્દો આગલા પાઠમાં આવી ગયા છે તે અહીં ફરીથી જણાવ્યા નથી.

Do preço (દુ પેસ્સુ) કીમતનુ Of the price
Da estação (દ ઇસ્તસાંઉ) સ્ટેશનેથી From the station
Na igreja (ન ઇગ્રેજ્ય) દેવળમાં In the church
Do criado (દુ ક્રીયાદુ) નોકર પાસેથી From the servant
Pelo comboio (પેલુ કૉામ્બોયુ) રેલ રસ્તે By the train
A' loja (આ લૉાજ્ય) દુકાન તરફ To the shop
Pela rua (પેલ રરૂઅ) રસ્તેથી By the street
A esquina da rua (આ ઇસ્કીન દ રરૂઅ) તે રસ્તાના ખુણા તરફ
Da loja do seu amigo (દ લૉાજ્ય દુ સેઉ આમીગુ) તમારા મિત્રની દુકાનમાંથી.
Qual é o meu logar ? (ક્વૉાલ્ ઍ ઉમેઉ લુગાર્) મારી જગ્યા કઇ છે ?
Qual é a sua opinião ? (ક્વૉાલ્ ઍ અ સુઅ ઓપિનિયાંઉ) તમારો મત શું છે ?
Quaes são os seus planos (ક્વાઇશ્ સાંઉ ઉસ્ સેઉશ્ પ્લાનુશ્) **તેઓની યુક્તિઓ શું છે ?**

* Quaes d'estas senhoras são as suas irmãs (ક્વાઇશ઼ ઍસ્તસ્ સીન્યૉરસ્ સાંઉં અસ્ સુઅશ઼ ઇર્માંશ઼) આ સ્ત્રીઓમાંથી તમારી બેનો કઇ છે ?

અહીં ખાસ ધ્યાન રાખવાની બાબત છે કે સીન્યૉરસ્ સાંઉ, અસ્ સુઅસ્ એ બધે શ઼ નહીં થતાં ઉચ્ચાર સ્ કરેલ છે કારણકે એ s સાથે આવ્યા છે.

વિશેષણ (Adjectivos) આજ્યેતીવુશ઼

૨૪ વિશેષણની જાતિ અને વચન હમેશાં તેના વિશેષ્યની જાતિ અને વચન મુજબજ રાખવામાં આવે છે. એટલે નરજાતિના વિશેષ્યની સાથે વિશેષણ નરજાતિનુંજ વપરાય અને નારીજાતિના વિશેષ્યની સાથે નારીજાતિનું વિશેષણ વપરાય છે; જેમકે Bom livro (સારૂં પુસ્તક): Nova lua (બીજનો ચંદ્રમા).

૨૫ નરજાતિના વિશેષણનું નારીજાતિ બનાવવું હોય તો નીચેના ફેરફાર કરાય છે.

- *a* o છેડાવાળા નરજાતિના વિશેષણને નારીજાતિ બનાવતાં o કાઢી તેને બદલે a લગાડાય છે. જેમકે, Novo, Nova (નૉવુ, નૉવ્વ) નવું, Mao, Má (માઉ, મા) ખરાબ: Alto, Alta (આલ્તુ, આલ્ત) ઊંચુ.
- *b* ão છેડાવાળા નરજાતિના વિશેષણને નારીજાતિ બનાવતાં તેને બદલે ã મુકવામાં આવે છે. જેમકે São, Sã (સાંઉ, સાં) તંદુરસ્ત.
- *c* or છેડાવાળા નરજાતિના વિશેષણને a ઉમેરવાથી નારીજાતિનું વિશેષણ બને છે. જેમકે Doutor, Doutora (દોતોર્, દોતોર) દાક્ટર.
- *d* m અથવા u છેડાવાળા નરજાતિના વિશેષણને નારીજાતિ બનાવતાં ફક્ત a ઉમેરવામાં આવેછે. જેમકે, Um, Uma (ઊં, ઊમ)

---

* Qual અથવા Quaes જ્યારે de (d') પહેલાં આવેલ હોય ત્યારે તેની પછી નામ આવે છે.

એક; Cru, Crua (ક્રુ, ક્રૂઅ) કાચું; પણ Bom ને બદલે Boa (બોં, બોઅ) સારૂં થાય છે.

l અથવા ez છેડાવાળા સામાન્ય શબ્દો રીતે બંને જાતિના હોય છે. નીચેના શબ્દો અનિયમીત છેઃ—Bom, Boa સારૂં; Ladrão, Ladra (લાડ્રાંઉ, લાડ્ર) લુચ્ચો; Chorão Chorona (શૅારાંઉ, શરોન) રડતો.

૨૬ હમેશાં ઉપયોગમાં આવે એવાં વિશેષણોની સંખ્યા નીચે આપેલ છે તે મોઢે કરવાથી બહુજ ઉપયોગી થઇ પડશે.

ઉચ્ચાર કરવામાં હ્રસ્વ અને દીર્ઘની ખાસ સંભાળ રાખી બોલાય તો ઉચ્ચાર ખરો માલુમ પડે જેમકે Doce નો દૅાસિ ઉચ્ચાર થાય છે પણ આપણે દૅાસ્ બોલીએ છીએ પણ તે કરતાં દૅાસિ હ્રસ્વ બોલીએ તો તે ઉચ્ચાર ખરો ગણાય.

Activo	(આતીવ્વુ)	ચાલાક	Active
Agradavel	(આગ્રાદા'વૅલ્)	અનુકૂળ	Agreeable
Ancioso	(આંસિયોઝુ)	આતુર	Anxious
Amargo	(આમા'ર્ગુ)	કડવું	Bitter
Atrevido	(આત્રેવ્વીદુ)	હીમ્મતવાન	Bold
Apertado	(આપૅર્તાદુ)	મજબુત	Tight
Alto	(આલ્તુ)	ઊંચું	Tall
Aberto	(આબૅર્તુ)	ઉઘાડું	Open
Alegre	(આલેગ્રિ)	ખુશમીજાજી	Cheerful
Bem	(બૅં)	સારૂં, ખરૂં	Well, Right
Bonito	(બુનીતુ)	સુંદર	Pretty
Brando	(બ્રાંદુ)	નમ્ર	Mild
Baixo	(બાઇશુ)	નીચું	Low
Benigno	(બેનીગ્નુ)	માયાળુ	Kind
Bom	(બૅાં)	સારૂં	Good

Barato	(બારાતુ)	સોંઘું	**Cheap**
Bravo	(બ્રાવ્વુ)	બહાદુર	**Brave**
Capaz	(કપાઝ)	શક્તિવંત	**Able**
Caro	(કારૂ)	મોંઘું	**Dear**
Cego	(સૅગુ)	આંધળો	**Blind**
Cuidadoso	(કુઇદાદો'ઝુ)	સાવધ	**Careful**
Certo	(સૅર્તુ)	ચોક્કસ	**Certain**
Cortez	(કોર્તેઝ)	સભ્ય	**Civil**
Claro	(કલારૂ)	સાફ	**Clear**
Confortavel	(કૉફૉ'ર્તાવ્વેલ)	સુખકર	**Comfortable**
Completo	(કૉમ્પ્લેતુ)	સંપૂર્ણ	**Complete**
Correcto	(કુરરૅતુ)	સાચું	**Correct**
Cruel	(ક્રુયૅલ)	ઘાતકી	**Cruel**
Curioso	(કુરિઓઝુ)	વિચિત્ર	**Curious**
Cedo	(સેદુ)	વહેલું	**Early**
Commodo	(કૉમદુ)	સહેલું	**Easy**
Cada	(કા'દ)	દરેક	**Every**
Chato	(શાતુ)	ચપટુ	**Flat**
Cheio	(શેઇયુ)	ભરેલુ	**Full**
Contente	(કૉન્તૅન્તિ)	ખુશી	**Glad**
Comprido	(કુંપ્રીદુ)	લાંબું	**Long**
Curto	(કુર્તુ)	ટુંકું	**Short**
Cru	(ક્રુ)	કાચું	**Raw**
Certamente	(સૅ'ર્તેમન્તિ)	નક્કી	**Sure**
Descuidadoso	(દિશ્કુઇદાદોઝુ)	ગાફલ	**Careless**
Differente	(દિફ્રૅન્તિ)	જુદું	**Different**
Distincto	(દિસ્તીંતુ)	સ્વચ્છ	**Distinct**

Direito	(દિરેતુ)	સીધું	Straight
Duro	(દૂરુ)	કઠણ, ચીકણું	Hard, Tough
Delicado	(દેલિકાʼદુ)	નાજુક, સુંદર	Nice
Diverso	(દિવૅર્સુ)	નાના પ્રકારનું	Various
Doente	(દુઍન્તિ)	માંદું	Sick
Dôce	(દોસિ)	મીઠું	Sweet
Estimavel	(ઇશ્તિમાʼવ્હેલ્)	કીમતી	Valuable
Enfadonho	(ઍંફાદોન્યુ)	કંટાળા ભરેલું	Troublesome
Estrondoso	(ઇશ્ત્રૉંદોઝુ)	ઊંચું	Loud
Empoado	(ઍમ્પોઆદુ)	ધૂળવાળું	Dusty
Estupido	(ઇશ્તુપિદુ)	રેઢીઆળ	Stupid
Escuro	(ઇશ્કૂરુ)	અંધારીઉં	Dark
Formoso-a	(ફોર્મોઝુ) ફૉર્મોઝ (નારી)	સુંદર	Beautiful
Frio	(ફ્રીયુ)	થંડી	Cold
Fresco	(ફ્રેશ્કુ)	ટાઢું	Cool
Facil	(ફાસિલ્)	સહેલું	Easy
Falso	(ફાલ્સુ)	ખોટું	False
Famoso	(ફામોʼઝુ)	પ્રખ્યાત	Famous
Fino	(ફીનુ)	સુંદર	Fine
Feliz	(ફેલીજ્)	સુખી	Happy
Firme	(ફીર્મિ)	દૃઢ	Firm
Fresco	(ફ્રેશ્કુ)	તાજું	Fresh
Forte	(ફૉર્તિ)	મજબુત	Strong
Feio	(ફેઇયુ)	બેડોળ	Ugly
Fraco	(ફ્રાકુ)	નબળું	Weak
Feroz	(ફેરોઝ્)	જંગલી	Wild

Feito de páo	(ફેઇતુ દ પાઉ)	લાકડાનું	Wooden
Grosso	(ગ્રોસ્સુ)	જાડું	Thick
Grande	(ગ્રાન્દિ)	મોટું	Large
Geral	(જ્યૅરાલ્)	મુખ્ય	General
Gordo	(ગોર્દુ)	જાડું	Fat
Generoso	(જ્યૅનૅરોઝુ)	ઉદાર	Generous
Habil	(આબિલ્)	હુશીઆર	Clever
Humido	(ઊમિદુ)	ભેજવાળું	Damp
Honesto	(ઑનૅસ્તુ)	પ્રમાણિક	Honest
Imprudente	(ઈંપ્રુદૅન્તિ)	મૂર્ખ	Foolish
Importante	(ઈંપૉર્તાન્તિ)	જરૂરી	Important
Injusto	(ઈંજ્યુસ્તુ)	અન્યાયી	Unjust
Incapaz	(ઈંકપાઝ્)	નાલાયક	Unfit
Incerto	(ઈંસૅર્તુ)	અનિશ્ચિત	Unsettled
Indigno	(ઈંદીનુ)	નકામું	Worthless
Justo	(જ્યુસ્તુ)	ન્યાયી	Just
Liso	(લીઝુ)	લીસું	Smooth
Luzente	(લુઝૅન્તિ)	પ્રકાશિત	Bright
Leve	(લૅવ્વિ)	સહેજ	Light
Largo	(લાર્ગુ)	પહોળું	Broad, wide
Limpo	(લીંપુ)	ચોખ્ખું	Clean
Livre	(લીવ્રિ)	મુક્ત, છુટું	Free
Ligeiro	(લીજ્યેર)	હલકું	Light
Môço	(મોસ્સુ)	નાનું	Young
Mal	(માલ્)	ખરાબ	Wrong, bad
Malhado	(માલ્યાદુ)	ભીનું	Wet
Macio	(માસિયુ)	સુંવાળું	Soft

Mesmo	(મેઝમુ)	તેજ	Same
Malvado	(માલ્વા'દુ)	ખરાબ	Wicked
Moderno	(મૉર્દૅનુ)	હાલનું	Modern
Magro	(માગ્રુ)	પાતળું	Thin
Mao	(માઉ)	ખરાબ	Bad
Mudo	(મૂદુ)	મુંગુ	Dumb
Muito	(મૂઇતુ)	ઘણું	Very
Morto	(મોર્તુ)	મુવેલું	Dead
Medroso	(મૅદ્રોઝુ)	બીધેલું	Afraid
Natural	(નાતુરાલ્)	રહેવાશી	Natural
Neccssario	(નૅસૅસા'રિયુ)	જરૂરનું	Necessary
Nobre	(નૉબ્રિ)	ઉમદ્દ	Noble
Numeroso	(નુમૅરોઝુ)	ઘણા	Numerous
Occupado	(ઓકુપાદુ)	ઉદ્યમી	Busy
Ouco	(ઔકુ)	પોલું	Hollow
Ordinario	(ઓર્દિનાર્યુ)	સાધારણ	Ordinary
Opportuno	(ઓપોર્તુનુ)	વખતસર	Timely
Prompto	(પ્રૉન્તુ)	ખુશી, તૈયાર	Willing, ready
Proprio	(પ્રૉપ્રિયુ)	અનુકૂળ	Suitable
Pequeno	(પિકૅનુ)	નાનું	Small, little
Presente	(પ્રૅઝૅન્ત્િ)	હાજર	Present
Principal	(પ્રિંસિપાલ)	મુખ્ય	Principal
Paciente	(પાસિયૅન્તિ)	ધીરજવાળો	Patient
Perfeito	(પર્ફે ઇતુ)	સંપૂર્ણ	Perfect
Perigoso	(પેરિગોઝુ)	ભયંકર	Dangerous
Preguiçoso	(પ્રૅગિસોઝુ)	આળસુ	Idle
Poucos	(પૌકુશ)	થોડા	Few

Quente	(કૅન્ત)	ગરમ	Hot; warm
Rude	(રુદિ)	જંગલી	Rude
Rural	(રુરાલ્)	ગ્રામ્ય	Rural
Regular	(રરેગુલાર)	નિયમીત	Regular
Real	(રરેયાલ્)	અસલ	Real
Raro	(રરારૂ)	ભાગ્યેજ	Rare
Sereno	(સૅરૅનુ)	શાંત	Calm
Surdo	(સુર્દુ)	બહેરૂં	Deaf
Sujo	(સુજ્યુ)	ગંદું	Dirty
Secco	(સેક્કુ)	સુકું	Dry
Solto	(સોલ્તુ)	છુટું	Loose
Salvo	(સાલ્વુ)	સહીસલામત	Safe
Seguro	(સૅગુરૂ)	,,	Securo
Severo	(સૅવૅરૂ)	સખ્ત	Severe
Serio	(સૅરીયુ)	ભયંકર	Serious
Simples	(સીંપ્લિશ્)	સાદું	Simple
Singelo	(સિંજ્યૅલુ)	કુંવારો, એકલવાયું, એકલો	Single
Solido	(સૉલિદુ)	નક્કર	Solid
Sedento	(સૅદૅન્તુ)	તરસ્યો	Thirsty
Sabio	(સાબિયુ)	ડાહ્યો	Wise
Triste	(ત્રીસ્તિ)	દીલગીર	Sad
Tarde	(તાર્દિ)	મોડું	Late
Tanto	(તાન્તુ)	એટલું	So much
Tempestuoso	(તૅમ્પૅસ્તુઓઝુ)	તોફાની	Stormy
Total	(તૉતાલ્)	સરવાળો	Total
Todo	(તોડુ)	આખું	All
Usual	(ઉઝુઆલ્)	સામાન્ય	Usual

Urgente	(ઉર્જેયૅન્તિ)	જરૂરતું	Urgent
Util	(ઊતિલ્)	ઉપયોગી	Useful
Vazio	(વ્ઝીયુ)	ખાલી	Empty
Velho	(વ્ૅલ્યુ)	જુનું	Old
Venenoso	(વ્ૅનૅનોઝુ)	ઝેરી	Poisonous
Veloz	(વ્ૅલોઝ્)	ઉતાવળું	Quick
Vagaroso	(વ્ાગારોઝુ)	ધીમું	Slow
Verdadeiro	(વ્ૅર્દાદેઇરૂ)	સાચું	True
Vão	(વ્ાંઉ)	ફોગટ	Vain
Ventoso	(વ્ૅન્તોઝુ)	પવનવાળું	Windy
Varios	(વ્ાર્યુશ્)	જુદી જુદી જાતનું	Various
Zangado	(ઝાંગાદુ)	ગુસ્સે થયેલું, ક્રોધિત	Angry

નીચેના પાઠમાં ઉપરના શબ્દોનો ઉપયોગ કર્યો છે જે ઉદાહરણ તરીકે આપેલ છે.

૨૭ પાઠ ૫ મો Quinta Licção (કીન્ત લીસ્સાંઉ)

Isto	(ઇસ્તુ)	આ	This	N'isto	(નીસ્તુ)	આમાં	In this
Isso	(ઇસ્સુ)	તે	That	N'isso	(નીસ્સુ)	તેમાં	In that
Aquillo	(આકીલ્લુ)	તે „ (દૂરની-વસ્તુ દર્શાવવા)		Difficil	(દિફીસિલ્)	અઘરૂં	Difficult

આ બધા શબ્દો નાન્યતર જાતિના છે

અહીં જણાવવું જરૂરનું છે જે "આ" અને "તે" ને માટે બબે શબ્દો છે જેવાંકે Este અને Isto; (આ) Esse અને Isso; (તે) Aquelle અને Aquillo (તે) આ બે રૂપમાંથી કયું રૂપ કયે સ્થળે વાપરવું તેની રીત એવી છે કે જ્યાં આગળ તે વિશેષણની પછી કોઇ નામ ન હોય ત્યા Isto, Isso અને Aquillo વપરાય છે; અને વિશેષણની સાથે વિશેષ્ય તરીકે નામ હોય તો Este, Esse અને Aquelle વપરાય છે. તેનો ઉપયોગ પાઠમાં જોઇ લેવો અને તફાવત જોવો હોય તો કલમ ૫૮ જુઓ.

નોંધ—ઉચ્ચાર આગળ આવેલ હોવાથી ફરીથી આપેલ નથી.

Quinto (કીન્તુ) પાંચમો Fifth; Lingua (લીંગ્વ) ભાષા Language

Isto é tudo (ઇસ્તુ ઍ તૂદ) આ સઘળું છે.
Aquillo é difficil (અકીલ્લુ ઍ દિફીસિલ્) તે અઘરૂં છે.
Isto é facil (ઇસ્તુ ઍ ફાસિલ્) આ સહેલું છે.
Isto não é caro (ઇસ્તુ નાંઉ ઍ કારૂ) આ મોંઘું નથી.
Isso não é certo (ઇસ્સુ નાંઉ ઍ સૅર્તુ) તે ચોક્કસ નથી.
Uma formosa senhora perguntou (ઉમ ફૉર્મૉઝ સિન્યૉર પેર્ગુન્તો) એક સુંદર સ્ત્રીએ પૂછ્યું.
Carlos Quinto falava diversas linguas europeas (કાર્લુશ્ કીન્તુ ફાલાવ દીવૅર્સશ્ લીંગ્વજ્ યેઉરૉપેયશ) પાંચમો કાર્લુ (ચાર્લ્સ) યુરોપની ઘણી ભાષા બોલતો.

૨૮ **“ ત્રણ જાતનાં વિશેષણો ”** વિશેષણનું ગુણ કે રૂપપણું ત્રણ રીતે બતાવાય છે. ૧ સાદી રીતે (Positivo), ૨ મુકાબલાવાળી રીતે (Comparativo) અને ૩ સર્વોત્કૃષ્ટ રીતે (Superlativo).

૨૯ સાદી રીતે જેને positivo (પોઝીતીવુ) કહે છે તે સાધારણ રીતે સામાન્ય રૂપેજ દર્શાવાય છે. જેમકે આ સ્ત્રી સુંદર છે Esta mulher é bella (ઍસ્ત મુલ્યૅર્ ઍ બૅલ્લ)

૩૦ મુકાબલાવાળી રીતે જેને comparativo (કંપારાતીવુ) કહે છે તે ઓછા અથવા વધતા પ્રમાણમાં કોઇ તેનેજ મળતી બીજી વસ્તુ સાથે સરખામણી રૂપે દર્શાવાય છે. જેમકે તે સ્ત્રી વધારે (પહેલી સ્ત્રી કરતાં) સુંદર છે Aquella e mais bella que esta (અકૅલ્લ ઍ માઇશ્ બૅલ્લ કે ઍસ્ત).

૩૧ સર્વોત્કૃષ્ટ રીતે જેને superlativo (સુપર્લાતીવુ) કહે છે તે સૌથી ઉતરતું કે ચઢતું એવું બતાવવું હોય ત્યારે કામ આવે છે. જેમકે પેલી સ્ત્રી સઉથી સુંદર છે (આગળ બે જણાવી તેના કરતાં) Essa e a mais bella (de todas) (ઍસ્સ ઍ અ માઇશ્ બૅલ્લ દ તૉદશ્).

૩૨ **કંપારાતીવુ રૂપ** બનાવવું હોય ત્યારે mais માઇશ (વધારે) અથવા menos મેંનુશ (ઓછું) એ શબ્દો વિશેષણના સામાન્ય રૂપને લગાડાય છે. જેમકે મોંઘું caro પણ વધારે મોંઘું mais caro, રૂપાળું bello પણ ઓછું રૂપાળું કહેવું હોય તો menos bello કહેવાય.

આ કરતાંએ વધારે બારદર્શક કંપારાતીવુ રૂપ જણાવવું હોય તો તેની પહેલાં muito mais (ઘણું વધારે) અથવા muito menos (ઘણું ઓછું) **અર્થ મુજબ** લગાડાય છે. જેમકે muito mais bello ઘણીજ રૂપાળી.

૩૩ **સુપર્લાતીવુ રૂપ** બનાવવું હોય ત્યારે વિશેષણના સામાન્ય રૂપને (૧) o (કે a) mais લગાડાય છે જેમકે ઘણુંજ મોંઘું O mais caro બીજી રીતે (૨) Issimo ઇસ્સિમુ (પણ નારીજાતિમાં Issima ઇસ્સિમ) લગાડાય છે જેમકે પૈસાદાર Rico; પણ ઘણોજ પૈસાદાર કહેવું હોય તો Riquissimo (રીકીસ્સિમુ).

૩૪ **સરખામણીની તુલના** Graus de comparação (ગ્રાઉશ દ કૉમ્પારાસાંઉ)

a **"તેના જેવું" (જેટલું)** એમ સરખામણી બતાવવા માટે Tão... como શબ્દો મુકાયછે. જેમકે તે "તમારા જેવો" પૈસાદાર છે. Elle é tão rico como o Sr. (એલ્લિ એ તાંઉ રીકુ કોમુ ઉ સિંયોર્).

b **"તેના કરતાં"** એમ સરખામણી બતાવવા માટે Mais...... que (વધારો દર્શાવવા માટે) અથવા Menos......que (ઓછું દર્શાવવા માટે) લગાડાય છે. જેમકે તે મારા બાપ "કરતાં વધારે" પૈસાદાર છે. Elle é mais rico que o meu pae (એલિએં માઇશ રીકુ કે ઉ મેઉ પાઇ).

૩૫ કેટલાંક વિશેષણોની સરખામણી ઉપરની રીત મુજબ નહીં થતાં અનિયમીત રીતે થાય છે તેમાંના કેટલાક દાખલા.

સારું Bom, boa વધારે સારું Melhor સૌથી સારું O melhor
ખરાબ Máo, má વધારે ખરાબ Peor „ ખરાબ O peor

મોટું Grande „ મોટું Maior „ મોટું O maior
નાનું Pequeno „ નાનું Menor „ નાનું O menor

ઉપરનાં ત્રણે રૂપોનો ઉપયોગ તથા આગળ આપેલ બધી કલમોનો જાતિ વચન અનુસાર ખુલાસો નીચેના પાઠમાં કરેલો છે.

૩૬ પાઠ ૬ઠ્ઠો Sexta Licção (સેસ્ત લીસાંઉ)

Elevado (ઍલૅવાદુ) ઊંચું High
Relogio (રૅલૉજ્યુ) ઘડીઆળ Clock
Será (સૅરા) થશે Will be Ser નુ રૂપ છે
Pesado (પૅઝાદુ) ભારે Heavy
Pronuncia (પ્રુનૂંસિઅ) ઉચ્ચાર Pronunciation
Razão (રાઝાંઉ) ખરૂં Right
Estou (ઇસ્તો) હું છું Am
Hoje (ઑજી) આજ To-day
Bastante (બાસ્તાંતિ) પુરતું Enough
Tempo (તૅમ્પુ) વખત Time
Bárato (બારાતુ) સોંઘુ Cheap

A mesa mais barata (આ મેઝ માઇશ્ બારાત) સૌથી સોંઘું ટેબલ.
Um preço muito mais elevado (ઊં પ્રેસ્સુ મુઇંતુ માઇઝ્ ઍલૅવાદુ) ઘણી ભારે કીમત.
O livro mais pequeno dos dois (ઉ લીવ્રુ માઇશ્ પીકૅનુ દુશ્ દોઇશ્) બે ચોપડીમાંથી વધારે નાની.
Este relogio é mais barato (એસ્તિ રૅલૉજ્યુ ઍ માઇશ્ બારાતુ) આ ઘડીઆળ વધારે સોંઘું છે.
Estes pacotes são os maiores e os mais pesados (એસ્તિશ પકૉતિશ્ સાંઉ ઉશ્ માઇઑરિશ્ ઇ ઉશ્ માઇશ્ પૅઝાદુશ્) આ પાર્સલો સૌથી મોટા અને સૌથી વધારે ભારે છે.

Esse será o melhor plano (એસિસ સેરા ઉ મિલ્યૉર્ પ્લાનુ) તે સૌથી ઉત્તમ પ્લાન થશે.

Esta rua é muito mais larga (ઍસ્ત રૂઅ ઍ મુઇતુ માઇશ લાર્ગ) આ રસ્તો ઘણો પહોળો છે.

E' muito mais facil (ઍ મુઇતુ માઇશ્ ફા'સિલ્) તે ઘણું વધારે સહેલું છે.

Muito bem está tudo aqui (મુઇતુ બે; ઇસ્તા તુદ અકી) બહુ સારૂં; તે બધું અહીં છે.

A pronuncia portugueza é muito difficil (અ પ્રુનૂંસિઅ પોર્તુગેઝ ઍ મુઇતુ દિફીસિલ્) પોર્તુગીઝ ભાષાનો ઉચ્ચાર ઘણો અઘરો છે.

O Sr tem razão (ઉ સીંયૉર્ તે રાઝાંઉ) તમે ખરા છો. (તમારૂં કહ્યું ખરૂં છે)

Estou muitissimo bom agora (ઇસ્તો મુઇતિસ્સીમુ બૉં અગૉર) હમણાં મને ઘણુંજ સારૂં છે.

Isto é tudo para hoje (ઇ'સ્તુ ઍ તૂદુ પર ઑજિ) આજને માટે સઘળું આ છે.

Não tem tempo bastante (નાંઉ તે તેમ્પુ બાસ્તાન્તિ) પુરતો વખત નથી.

Ella não é tão alta como eu (ઍલ નાંઉ ઍ તાંઉ આલ્ત કોમુ એઉ) તે સ્ત્રી મારા જેટલી ઊંચી નથી.

Estes livros são baratissimos (એસ્તિશ્ લીવ્રુસ્ સાંઉ બારાતી-સ્સિમુશ્) આ ચોપડીઓ ઘણી સોંઘી છે.

૩૭ **સંખ્યાવાચક શબ્દો (Numeros Cardinaes)** નૂમૅરુશ્ કાર્દિનાઇશ્ સદરહુ શબ્દો વિશેષણો હોવાથી નીચે આપ્યા છે.

Um (ઊં) નરજાતિ Uma (ઊમ) નારી ,,	૧ One	Tres (ત્રેશ્) ૩ Three	
		Quatro (ક્વાત્રુ) ૪ Four	
Dois (દોઇશ્) નર ,, Duas (દૂઅશ્) નારી ,,	૨ Two	Cinco (સીંકુ) ૫ Five	
		Seis (સેઇશ્) ૬ Six	

Sete (સૅતિ) ૭ Seven
Oito (ઓઇતુ) ૮ Eight
Nove (નૉવ્વિ) ૯ Nine
Dez (દૅઝ) ૧૦ Ten
Onze (ઑંઝિ) ૧૧ Eleven
Doze (દોઝિ) ૧૨ Twelve
Treze (ત્રેઝિ) ૧૩ Thirteen
Quatorze (કાતોર્ઝિ) ૧૪ Fourteen

Quinze (કીંઝિ) ૧૫ Fifteen
Dezeseis (દિઝેસેઇશ) ૧૬ Sixteen
Dezesete (દિઝેસૅતિ) ૧૭ Seventeen
Dezoito (દિઝૂઓઇતુ) ૧૮ Eighteen
Dezenove (દિઝેનૉવ્વિ) ૧૯ Nineteen
Vinte (વ્વીન્તિ) ૨૦ Twenty

Vinte e um / **uma** (વ્વીન્તિ ઇ ઊં, ઊમ) ૨૧ Twenty one
Vinte e dois / **duas** (વ્વીન્તિ ઇ દોઇશ-દૂઅશ) ૨૨ Twenty two
„ e tres (વ્વીન્તિ ઇ ત્રેશ) ૨૩ „ three
„ e quatro („ „ ક્વાત્રુ) ૨૪ „ four
„ e cinco („ „ સીંકુ) ૨૫ „ five
„ e seis („ „ સેઇશ) ૨૬ „ six
„ e sete („ „ સૅતિ) ૨૭ „ seven
„ e oito („ „ ઓઇતુ) ૨૮ „ eight
„ e nove („ „ નૉવ્વિ) ૨૯ „ nine
Trinta (ત્રીન્ત) ૩૦ Thirty
Trinta e um („ ઇ ઊં) ૩૧ Thirty one
Quarenta (ક્વારૅન્ત) ૪૦ Forty
Cincoenta (સિંકવૅંત) ૫૦ Fifty
Sessenta (સૅસૅન્ત) ૬૦ Sixty
Setenta (સૅતૅન્ત) ૭૦ Seventy
Oitenta (ઓઇતૅન્ત) ૮૦ Eighty
Noventa (નૉવ્વેન્ત) ૯૦ Ninety

Cem	(સૅં)	૧૦૦	Hundred
Cento e um	(સૅન્તુ ઇ ઊં)	૧૦૧	„ and one
„ „ dois	(„ „ દોઇશ઼)	૧૦૨	„ „ two
„ „ cinco	(„ „ સીંકુ)	૧૦૫	„ „ five
„ „ onze	(„ „ ઑંઝિ)	૧૧૧	„ „ eleven
„ „ vinte e um	„ „ વ્વીન્તિ ઇઊં)	૧૨૧	„ and twenty one
Duzentos (નર) Duzentas (નારી)	(દુઝૅન્તુશ઼) (દુઝૅન્તશ઼)	૨૦૦	Two hundred
Trezentos (as)	(ત્રૅઝૅન્તુશ઼)	૩૦૦	Three „
Quatro centos (as)	(ક્વાત્રુ સૅન્તુશ઼)	૪૦૦	Four hundred
Quinhentos (as)	(કિઞ્યૅંતુશ઼)	૫૦૦	Five „
Seiscentos (as)	(સેઇશ઼ સૅન્તુશ઼)	૬૦૦	Six „
Sete „ „	(સૅતિ „)	૭૦૦	Seven „
Oito „ „	(ઓઇતુ „)	૮૦૦	Eight „
Nove „ „	(નૉવ્વિ „)	૯૦૦	Nine „
Mil	(મીલ઼)	૧,૦૦૦	Thousand
Mil e um	(મીલ઼ ઇ ઊં)	૧,૦૦૧	„ and one
„ „ dez	(મીલ઼ ઇ દૅઝ઼)	૧,૦૧૦	„ „ ten
Dois (duas) mil	(દોઇશ઼ મીલ઼)	૨,૦૦૦	Two thousand
Cinco „	(સીંકુ) „	૫,૦૦૦	Five „
Des „	(દૅઝ઼ „)	૧૦,૦૦૦	Ten „
Vinte „	(વ્વીન્તિ „)	૨૦,૦૦૦	Twenty „
Cem „	(સૅં મીલ઼)	૧૦૦,૦૦૦	Hundred „
Milhão	(મિલ્યાંઉ)	૧,૦૦૦,૦૦૦	Million

૧૯૧૫, Mil nove centos e quinze (મીલ઼ નોવિ સૅન્તુશ઼ ઇ કીંઝી)
One thousand nine hundred and fifteen.

ઉપરનાં બધા વિશેષણો બંને જાતિના છે, અને જ્યાં નારીજાતિના જુદા

શબ્દો (Uma, duas વિગેરે છે.) તે ઉપર જણાવેલ છે, પરંતુ જ્યાં duzentos, trezentos વિગેરે છે ત્યાં os નો as કરવાથી નારીજાતિ બને છે. cento ને બદલે સઘળે (બંને જાતિમાં) cem કરાય છે.

૩૮ ક્રમસૂચક સંખ્યાના શબ્દો. (Numcros Ordinaes)
નૂમૅરૂઝ ઓર્દિનાઇશ.

O primeiro	(ઉ પ્રિમેઇરૂ)	પહેલું	The	1st.
O segundo	(,, સેગુન્દુ)	બીજું	,,	2nd.
O terceiro	(,, તેર્સેઇરૂ)	ત્રીજું	,,	3rd.
O quarto	(,, કવાર્તુ)	ચોથું	,,	4th.
O quinto	(,, કીન્તુ)	પાંચમું	,,	5th.
O sexto	(,, સેઇસ્તુ)	છઠ્ઠું	,,	6th.
O septimo	(,, સૅતિમુ)	સાતમું	,,	7th.

અને Setimo પણ રૂપ થાય છે.

O oitavo	(,, ઓઇતાવ્વુ)	આઠમું	,,	8th.
O nono	(,, નૅાનુ)	નવમું	,,	9th.
O decimo	(,, દૅસિમુ)	દસમું	,,	10th.
O undecimo અથવા O decimo primeiro	(,, ઊંદૅસિમું) અથવા (,, દૅસિમુ પ્રિમેઇરૂ)	અગીઆરમું	,,	11th.
O duodecimo અથવા O decimo segundo	(,, દૂઑદૅસિમું) અથવા (,, દૅસિમું સેગુન્દુ)	બારમું	,,	12th.
O decimo terceiro	(,, તેર્સેઇરૂ)	તેરમું	,,	13th.
O ,, quinto	(,, કીન્તુ)	પંદરમું	,,	15th.

આવી રીતે ઓગણીસમા સુધી સમજવું.

O vigesimo	(ઉ વ્વિઝેસિમું)	વીસમું	The	20th.

O vigesimo primeiro	(,, વિઝૅસિમુ પ્રિમેઇરૂ)	એકવીશમું	,,	21st.
O trigesimo	(,, ત્રિઝૅસિમુ)	ત્રીસમું	,,	30th.
O quadragesimo	(,, ક્વાદ્રાજ્યૅસિમુ)	ચાળીસમું	,,	40th.
O quinquagesimo	(,, કીંક્વાજ્યૅસિમુ)	પચાસમું	,,	50th.
O sexagesimo	(,, સૅક્સાજ્યૅસિમુ)	સાઠમું	,,	60th.
O septuagesimo	(,, સૅપતા જ્યૅસિમુ)	સીતેરમું	,,	70th.
O octogesimo	(,, ઑક્ટૅાજ્યૅસિમુ)	એશીમું	,,	80th.
O nonagesimo	(,, નૅાના જ્યૅસિમુ)	નેઉમું	,,	90th.
O centesimo	(,, સૅન્તૅસિમુ)	સોમું	,,	100th.
O centesimo primeiro	(,, ,, પ્રિમેઇરૂ)	એકસોએકમું	,,	101st. [hundred and first.
O millesimo	(,, મિલૅસિમુ)	હજારમું	,,	1000th. [the thousandth.

ક્રમસૂચક સંખ્યાનું નારીજાતિ a પ્રત્યય શબ્દને છેડે લગાડવાથી બને છે.
જેમકે બીજી શેરી A segunda rua (the second street.)
પહેલાં પાનાં As primeiras paginas (the first pages).

૩૯ બાકીના સંખ્યાવાચક અને અપૂર્ણાંક વિશેષણો.

(Numeros, fraccionarios, collectivos etc.)

નૂમૅરુઝ્ ફ્રાસિઑનાર્યુશ્, કૉલૅતીવ્વુશ્

Meio	(મેઇયુ)	અર્ધું	A half
A metade'	(અ મૅતાદિ)	અર્ધેભાગ	The ,,
Um par	(ઉં પારૂ)	એક જોડી	A couple
Duplo m. } Dupla f. }	(દુપ્લુ, દુપ્લ)	બેવડું	Double
Uma duzia	(ઊમ દુઝીઅ)	એક ડજન	One dozen
Meia ,,	(મેઇઅ દુઝીઅ)	અર્ધો ડજન	Half a dozen

A primeira vez	(અ પ્રિમેઈરિ વેઝ)	પહેલેજ વખતે	The first time
Uma vez	(ઉમ વેઝ)	એકવાર	Once
Um terço	(ઉં તેર્સુ)	એકનો ત્રીજો ભાગ	A third
A terceira vez	(અતેર્સેઈર વેઝ)	ત્રીજી વખત	The third time
Tres quartos	(ત્રેશ કવાર્તુશ)	$\frac{3}{4}$	Three qurters
Duas vezes.	(દુઅશ વેઝીશ)	બેવાર	Twice
Um decimo	(ઉં દેસિમુ)	$\frac{1}{10}$	A tenth
Um quarto	(ઉં કવાર્તુ)	$\frac{1}{4}$	A quarter

૪૦ પાઠ ૭ મો (Setima Licção) સેતીમ લીસ્સાંઉ

આ પાઠમાં સંખ્યાસૂચક અને !ક્રમસૂચક વિશેષણોનો ઉપયોગ કરીને દાખલા આપ્યા છે.

Esquerdo (ઇશ્કેર્દુ) ડાબું Left Pagina (પા'જિનન) પાનું Page
Dircito (દિરેઇતુ) જમણું Right Linha (લીઞ્ય) લીટી Line
Libra (લીબ્ર) પૌન્ડ સોનાનું Pound Janeiro (જ્યાનેઇરૂ) જાનેવારી [January
Chá (શા) ચા Tea
Ponto (પૉન્તુ) ક્ષણ, વખત;Moment Horas (ઑરશ) કલાકો Hours.
Falta (ફાલ્ત) ઓછું Less Capitulo (કાપી'તુલુ) પ્રકરણ [Chapter

A terceira rua á esquerda (અ તેર્સેઇર રૂઅ આ ઇશ્કેર્દ) ડાબી તરફની ત્રીજી શેરી.

A quarta porta á direita (અ કવાર્તે પૉર્તે આ દિરેઇતિ) જમણા હાથ ઉપરનું ચોથું બારણું.

Perdi mais de cinco libras(પેર્દિ માઇશ દ સીંકુ લીબ્રશ) મેં પાંચ પાઉન્ડ કરતાં વધારે ખોયાં.

No's tomamos o chá ás sete em ponto (નૉશ તૉમામુશ ઉ શા આઝ સેતી ઍમ પૉન્તુ) અમે બરાબર (સાત વાગ્યેજ) સાતને અમલેજ ચા પીએ છીએ.

A segunda linha da septima página (અ સેગુન્દ લીન્ય દ સૅપ્તિમ પાજિન્ય) સાતમા પાનાની બીજી લીટી.

Hoje é o primeiro de Janeiro de 1917 (ઓજિય ઍ ઉ પ્રિમેઇરૂ દ્ જયાનેઇરૂ દ્ મીલ નોવસેન્તુસ ઇ દેઝે સૅતિ આનુ) ૧૯૧૭ની જાનેવારી-ની પહેલી તારીખ આજે છે.

Tres horas em ponto (ત્રેઝ્ ઑરસ્ અઁ પૉન્તુ) બરાબર ત્રણ વાગ્યે.

São cinco e meia (સાંઉ સીંકુ ઇ મેઇઅ) સાડાપાંચ (વાગ્યા) છે.

Dê-me um pouco de pão com manteiga (દે મિ ઉં પોકુ દ્ પાંઉ કોઁ માંતેગ) ઘી (વાળી) થોડીક રોટલી મને આપો.

Que horas são no seu relogio ? (કી ઑરસ્ સાંઉ નુ રેલૉજિયઉ) તમારી ઘડીઆળમાં કેટલા વાગ્યા છે ?

São sete e um quarto (સાંઉ સૅતિ ઇ ઉં ક્વાર્તુ) સવાસાત થયા છે.

Falta um quarto para onze (ફાલ્ત ઉં ક્વાર્તુ પર ઑંઝિ) પોણા અગીઆર થયા છે.

O trigesimo capitulo (ઉ ત્રિજ્યૅસિમુ કાપીતુલુ) ત્રીસમું પ્રકરણ

Hoje é dezenove de Fevereiro (ઓજિય ઍ દિઝ નૉવ્વિ દ્ ફૅવ્વૅરેઇરૂ) આજે ફેબ્રુઆરીનો ઓગણીસમો દિવસ છે.

સર્વનામ (Pronomes) પ્રૉનૉમિશ્

૪૧ સર્વનામના પ્રકાર નીચે મુજબ છે.

૧	Pessoaes	(પેસ્સોઆઇશ્)	પુરૂષવાચક
૨	Reflectivos	(રેફ્લેતીવુશ્)	સ્વદર્શક
૩	Conjunctivos	(કૉન્જુંતીવુશ્)	સંયોજક
૪	Possessivos	(પૉઝેસીવુશ્)	સંબંધક
૫	Demostrativos	(દૅમૉસ્ત્રાતીવુશ્)	દર્શક
૬	Relativos	(રૅલાતીવુશ્)	તત્પદાપેક્ષક
૭	Interrogativos	(ઇન્તૅરૉગાતીવુશ્)	પ્રશ્નસૂચક
૮	Indefenidos	(ઇન્દૅફીનીદુશ્)	અનિયમિત.

વિભક્તિ સાત છે. પરંતુ ખરેખરી રીતે પોરતુગીઝ ભાષામાં નામની તેમજ સર્વનામની પાંચ વિભક્તિ લેખાય છે. સાતમી વિભક્તિ ત્રીજીની સાથે ગણત્રીમાં આવી જાય છે. અને પાંચમી અને છઠીને એક ગણતાં બાકી પાંચ ગણી છે. જુઓ નીચેના ખુલાસા.

૧ પુરૂષવાચક સર્વનામ

૪૨ પહેલી વિભક્તિના ત્રણેપુરૂષોના રૂપો.

	(એકવચન)				(બહુવચન)		
હું	Eu	(એઉ)	I	અમે	No's	(નૉશ્)	We
તું	Tu	(તુ)	Thou	તમે	Vo's	(વૉશ્)	You
તે	Elle	(એલ્લિ)	He, It	તેઓ	Elles m.	(એલ્લિશ્)	They
,,	Ella	(ઍલ્લ)	She, It	,,	Ellas f.	(ઍલ્લશ્)	,,

૪૩ તું, તમે શબ્દને માટે Tu કે Vos બોલવાને બદલે સભ્યતા યુક્ત શબ્દ O senhor (નરજાતિ) અને A senhora (નારી) વપરાય છે અને બહુવચન હોય તો Os senhores કે As senhoras વપરાય છે. **ક્રિયાપદ ત્યારે ત્રીજા પુરૂષનું વપરાય છે.** જેમકે, "તમારી પાસે છે" કહેવું હોય તો O sr. tem બોલવું એ સભ્યતા યુક્ત બોલવું કહેવાય.

૪૪ હલકા નોકરોને માટે Vosse શબ્દ વાપરવામાં આવે છે. પણ તેનાથી ઉલટું મોટા માણસને માટે Vossa mercê (આપ સાહેબ, આપ મહેરબાન) નું ટુંકું રૂપ "V. mcê" લખવામાં વપરાય છે તેનો ઉચ્ચાર "વૉસમસેં" કરાય છે. સ્ત્રીઓને માટે ઘણી વખતે Vossa senhoria નું ટુંકું રૂપ 'V. sia" (આપ બાઇસાહેબ) વપરાય છે. અને Vossa Excellencia નું ટુંકું રૂપ "V. Excia" ઘણાજ મ્હોટા અધીકારી વર્ગમાં વપરાય છે. પુરૂષોને તેમજ સ્ત્રીઓને સંબોધવામાં કે પત્ર વ્યવહારમાં ઉપલા બંને રૂપ વપરાય છે.

૪૫ બીજી વિભક્તિના રૂપો

એકવચન		બહુવચન	
મને A mim (અ મીં) Me		અમને A no's (અનૉશ) Us	
		અથવા Nos (નુશ)	
તને A ti (અ તી) Thee		તમને A vo's (અવૉશ) You	
		અથવા Vos (વુશ)	
તેને A elle m. (અ એલ્લિ) Him		તેઓને A elles (અ એલ્લિશ) Them	
,, A ella f. (અ ઍલ્લ) Her		,, A ellas (,, ઍલ્લશ) ,,	

આ બીજી વિભક્તિના રૂપો ઘણે ભાગે શબ્દયોગી પ્રત્યય પછી વપરાય છે. જેમકે મારા સિવાય Sem mim (સૅં મીં) without me, તેની સાથે Com elle (કૉં એલ્લિ) with him વિગેરે.

૪૬ ત્રિજી વિભક્તિ.

એકવચન	મારી પાસે	Por mim	(પોર્ મીં)	By me
	તારી ,,	,, ti	(,, તી)	,, thee
	તેની ,,	,, elle m.	(,, (એલ્લિ)	,, him
		,, ella f.	(,, ઍલ)	,, her
બહુવચન	અમારી પાસે	Por nós	(પોર્ નૉશ)	By us
	તમારી ,,	,, vós	(,, વૉશ)	,, you
	તેઓની ,,	,, elles	(,, એલ્લિશ)	,, them
		,, ellas	(,, ઍલ્લશ)	

૪૭ ચોથી વિભક્તિ

એકવચન.

મારે માટે	A mim	( )	For me
તારે માટે	A ti	(ઉચ્ચાર બીજી)	,, thee
તેને માટે	A elle m	(વિભક્તિ મુજબ)	,, him
	A ella f.	( )	,, her

બહુવચન.

અમારે માટે A nós ( ) For us
અથવા nos ( )
તમારે માટે A vós (ઉચ્ચાર બીજી) „ you
અથવ vos (વિભક્તિ મુજબ)
તેઓને માટે A elles ( ) „ them
A ellas ( )

બીજી વિભક્તિ અને ચોથી વિભક્તિના રૂપ એક સરખા છે. બીજી વિભક્તિનો અર્થ મને, તને, તેને થાય છે. અને ચોથી વિભક્તિનો અર્થ મારે માટે, તમારે માટે, તેને માટે, તેઓને માટે એમ થાય છે.

૪૮ પાંચમી વિભક્તિ.

મારી પાસેથી De mim (દ મીં) From me
તારી પાસેથી „ ti (દ ટી) „ thee
તેની „ D'elle (m) (દેલ્લિ) „ him
D'ella (f) (દૅલ્લ) „ her
અમારી પાસેથી De no's (દ નૉશ) From us
તમારી „ „ vós (દ વૉશ) „ you
તેઓની „ D'elles (દેલ્લિશ) „ them
D'ellas (દૅલ્લશ) „

૪૯ છઠ્ઠી વિભક્તિ.

એકવચન.

મારૂં De mim ( ) Of me
તારૂં „ ti (ઉચ્ચાર ઉપર) „ thee
તેનું D'elle (મુજબ) „ him
તેણીનું D'ella ( ) „ her

બહુવચન.

અમારું De nós ( ) Of us
તુમારું „ vós (ઉચ્ચાર ઉપર) „ you
તેઓનું D'elles (મુજબ) „ them
D'ellas ( )

પાંચમી અને છઠ્ઠી વિભક્તિના રૂપો એક સરખાંજ છે પણ બંનેના અર્થ જુદા થતા હોવાથી અર્થ અનુસાર ઉપયોગ કરાય છે.

૫૦ પોર્તુગીઝ ભાષામાં નાન્યતર જાતિ (neuter) નથી. જેથી it (નાન્યતર જાતિ)ને બદલે નરજાતિ અથવા નારીજાતિ વપરાય છે.

૫૧ ૨ સ્વદર્શક સર્વનામ.

આ (Reflectivo) સર્વનામની પહેલી વિભક્તિ નથી. આ સર્વનામ પોતાપણું ૧ (સ્વસૂચક) બતાવવા માટેજ વપરાય છે. તેનો પ્રત્યય sə (અથવા si) છે.

જેમકે પોતાનુંજ De si (દ સિ) Of himself
પોતાનેજ A si (અ સિ) One's self

૨ પરંતુ ઉપલા રૂપને બદલે આ સર્વનામ ઘણી વખતે પુરૂષવાચક સર્વનામને mesmo કે (નારીજાતિમાં mesma) શબ્દ લગાડી દર્શાવાય છે જેમકે,

મારી પોતાની મેળે Eu mesmo (એઉ મેઝ્‌મુ) I myself (m)

તેની પોતાની મેળે Ellas mesmas (ઍલ્લશ્ મેઝ્‌મશ્) Themselves (f)

તે માણસે પોતાની મેળે O homem mesmo (ઉ ઑમિં મેઝ્‌મુ) The man himself

તેણીએ એક રૂપીઓ નોકરને પોતાનેજ આપ્યો Ella pagou uma rupia ao criado mesmo (ઍલ્લ પાગૌ ઉમ

રૂપીય આઉ ક્રિયાદુ મેઝમુ) She paid one rupia to the servant himself

૩ જ્યારે શબ્દયોગી પ્રત્યય Com પુરૂષવાચક સર્વનામ જોડે આવેલ હોય ત્યારે તેના રૂપ નીચે મુજબ થાયછે. અને અર્થ પણ આ સર્વનામ મુજબજ થાય છે

Commigo (કુમીગુ) મારી સાથે With me; Comnosco (કૂંનોસ્કુ) અમારી સાથે With us.

Comsigo (કોંસીગુ) તમારી સાથે With you, Comvosco (કૂંવોસ્કુ) તેની સાથે him, her તમારી સાથે તેમની „ them or With you. તેઓની „ With himself વિગેરે

ઉપરના com migo વિગેરે રૂપો અનુક્રમે com mim, com nós com si અને com vo's ના અપભ્રંશ થયેલા છે આમાં ઉપરના અર્થમાં મારી સાથે, તેની સાથે, તમારી સાથે વિગેરે અર્થો બતાવ્યા છે. પરંતુ તેઓના ગર્ભિત અર્થ મારી પોતાની સાથે, તેની પોતાની સાથે, તમારી પોતાની સાથે એવા (જેને અંગ્રેજમાં with myself, with himself, with yourself આવા અર્થમાં જણાવાય છે તેવા) અર્થમાં છે. જેમકે, તેઓએ તેઓની ચાવી પોતાની સાથે લીધી Levaram comsigo as suas chaves (લૅવારઉ કોંસીગુ અસ્ સુઅસ્ શાવ્રિશ) They took their keys with themselves.

૪ વળી infinitivo (એટલે ક્રીયાપદનું સાદું રૂપ) ની પછી આ સર્વનામનું રૂપ આવેલ હોય તો તે બંનેની વચ્ચે હાઇફન એટલે આડી લીટી (- આવી) મુકાય છે. જેમકે પોતાની મેળે નહાવું Lavar-se (લાવાર સિ) To wash one's self; અમારી પોતાની મેળે નહાવું Lavar-nos (લાવ્વાર્ નૉશ) To wash ourselves.

૫ (રીફ્લેક્ટીવુ) સ્વદર્શક સર્વનામ મોટે ભાગે ક્રિયાપદની સાથે વપરાયેલા હોય છે. જેથી ઘણી વખતે ક્રિયાપદની પહેલાં મુકવામાં

આવે છે અને ઘણી વખતે ક્રિયાપદની પછી મુકવામાં આવે છે. જ્યારે ક્રિયાપદની પછી મુકાયેલ હોય ત્યારે તે બેની વચ્ચે – (હાઇફન) મુકી બંનેને જોડવામાં આવે છે. જેમકે, હું મારી પોતાની મેળે નહાવું છું તું પોરતુગીઝ Eu me lavo થાય અને eu lavo me પણ થાય જ્યારે eu lavo me લખવું હોય ત્યારે eu lavo-me લખાય છે.

વિશેષ દાખલા માટે પાઠ ૮મો જુઓ.

૩ સંયોજક સર્વનામ.

૫૨ Conjunctivo સર્વનામ એટલે અધુરા રહેલા વાક્યના અર્થમાં જેના ઉમેરા થવાથી અર્થ સંપૂર્ણ દર્શાવાય (એટલે વાક્યને સંયોજક કરતું હોય) તે સર્વનામ. તે સર્વનામ જે ક્રિયાપદની સાથે સંબંધ રાખતું હોય તેની પહેલાં અથવા પછી આવે છે. તે સર્વનામ નીચે મુજબ છે:—

એકવચન		બહુવચન	
Me = મને	to me	Nos = અમને	to us
Te = તને	„ thee	Vos = તમને	„ you
Se = તેને,	„ himself	Lhes= તેઓને	„ them
તેણીને	„ herself		
Lhe = „	„ him, her તેમને		
O, a = તે It ને બદલે વપરાય છે.			

નોંધ:— ૧ O, a (તે) આ શબ્દો સંયોજક સર્વનામ તરીકે વાક્યના અર્થ પુરો કરવામાં અથવા કર્મ તરીકે વપરાય છે ત્યાં It ના અર્થમાં આવે છે. જો કે પોરતુગીઝ ભાષામાં નાન્યતર જાતિ અલગ દર્શાવાતી નથી પણ તેવા અર્થમાં તેના ઉપયોગ થાય છે. જેમકે તે લે Tome-o અથવા Tome-a ગમે તે બોલાય.

નકાર વાચક ક્રિયાપદ હોય અને ઉપર જણાવેલ સંયોજક સર્વનામો તે ક્રિયાપદના કર્મ તરીકે આવ્યા હોય, ત્યારે તે કર્મ સહાયક ક્રિયાપદની પહેલાં મુકવામાં આવે છે. જેમકે તે ખાઇશ નહીં Não o tome.

આ સંબંધી વિશેષ ઉદાહરણો નીચે આપ્યા છે તે ઉપરથી ઉપરની બધી બાબતોના ખુલાસા થશે.

અત્રેથી ઉપયોગી વાક્યો આવતા હોવાથી અંગ્રેજી પણ સાથે સાથે આપેલ છે.

૫૩ પાઠ ૮મો Oitava Licção (ઓઇતાવ્વ લીસ્સાંઉ)

Come a (કોમ-અ) તે ખા **Eat it**

Não a coma (નાંઉ અ કોમ) તે ખાઇશ નહીં Don't eat it

Responda-me (રરેસ્પોન્દ-મી) મને જવાબ આપ Answer me.

Não me responda (નાંઉ મી રરેસ્પોંદ) મને જવાબ આપ નહીં Do not amswer me.

Usam-os (ઊઝં'ઉ-ઉશ) તેઓ તે કપડાં પહેરે છે They wear (them=લુગડાં)

Não os usam (નાંઉ ઉશ ઉઝં'ઉ) તે પહેરતા નથી They do not wear them

Comecem-o agora (કોંમેંસિં' ઉ અગોર) હમણાં શરૂ કરે છે. They begin it now

Mande-nos (માંદિ નુશ) અમને મોકલ Send us

Não nos mande (નાંઉ નુશ માંદિ) અમને મોકલ નહીં Do not send us.

૫૪ આજ્ઞાર્થ ક્રિયાપદમાં (Imperative mood માં) Lhe હમેશાં ક્રિયાપદની પછવાડે તુરતજ મુકાય છે જેમકે Diga-lhe તેને કહે. ક્રિયાપદના ભૂતકાળ રૂપમાં lhe ગમે ત્યાં વપરાય. જેમકે, તેણે તેને આપ્યું તો Elle lhe deu અથવા Elle deu-lhe.

શું તમે તેની સાથે બોલ્યા ? Fallou-lhe o sr ? (ફાલૌ લ્યે ઉ સિંનોંરૂ)

તમે તેમની સાથે ક્યારે બોલ્યા? **Quando lhes fallou o sr?**

૫૫ SE વાક્યનો સંબંધ જોડવામાં વપરાય છે; (દાખલા પાઠ ૧૦માની અંદર ૧૦-૧૧-૧૨ જુઓ.) તેમજ જ્યારે mie અને lhe ની સાથે આવેલ હોય ત્યારે તેની પહેલાં મુકવામાં આવે છે જેમકે

તે (વસ્તુ) તેને અપાણી Deu-se-lhe (દેઉ સિલ્ય)
તમે ક્યારે તમારી હજામત કરવાના છો? Quando se vae barbear? **(ક્વાન્દુ સિ વાઇ બાર્બેયાર)**

૪ સંબંધક સર્વનામ.

૫૬ Possessivo સર્વનામ માટે પાનું ૧૯મું જુઓ. આમાં આટલુંજ ધ્યાન રાખવાનું છે કે જે નામની સાથે આ સર્વનામ વપરાય તેજ નામની જાતિ અને વચન લીએ છે. જેમકે,

મારી ચોપડીઓ Os meus livros (ઉશ મેઉશ લીવ્રશ)
મારો બાપ Meu pae; તે ઘર મારૂં છે Aquella casa e' minha (અકૅલ્લ કાઝ ઍ મીન્ય)

૫ દર્શક સર્વનામ.

૫૭ Demonstrativo સર્વનામ નીચે મુજબ છે.

	નરજાતિ		નારીજાતિ		નાન્યતરજાતિ	
	એકવચન	બહુવચન	એક.	બહુ.	એક.	બહુ.
આ	**Este**	**Estes**	**Esta**	**Estas**	**Isto**	**Estes**
તે	**Esse**	**Esses**	**Essa**	**Essas**	**Isso**	**Esses**
પેલું (તે)	**Aquelle**	**Aquelles**	**Aquella**	**Aquellas**	**Aquillo**	**Aquelles**

સંબંધક સર્વનામનો ઉપયોગ કરતી વખતે નીચેના તફાવત ધ્યાન રાખવા યોગ્ય છે.

જે ચીજ અથવા માણસ જેને વિષે આપણે બોલતાં હોઇએ તે નજીકમાં હોય તો તેને માટે este કે esta વપરાય છે.

" " " બોલાતું હોય તે બોલનારના નિર્દેશમાં હોય ત્યારે esse કે essa વપરાય છે.

" " " જેને વિષે બોલાતું હોય તે બંનેમાંથી (બોલનાર અને જેને વિષે બોલાતું હોય તે બંનેમાંથી) એકે પાસે ન હોય પણ "તે પેલું" એમ બતાવાતું હોય ત્યાં aquelle કે aquella વપરાય છે.

૬ તત્પદાપેક્ષક ("જે તે" પણું બતાવનારા) સર્વનામ.

૫૮ Relativo સર્વનામ એટલે જેમાં "જે", "જેનું" આવા શબ્દોનો સમાવેશ થયેલ હોય તે.

તેવા સર્વનામ નીચે મુજબ છે. જેના દાખલા પાઠ ૯ મામાં આપેલ છે. તેથી સમજાશે.

જે	Que (કી) who or which	આ શબ્દો એકવચન અને બહુવચન. તેમજ નરજાતિ અને નારીજાતિ બંનેમાં વપરાય છે.
જેને	Quem (કેં) " " "	

Sin.		Plu.	
નરજાતિ	નારીજાતિ	નર.	નારી.
જેને Qual (ક્વૉલ)	Qual	Quaes	Quaes (ક્વાઇશ)
જેનું Cujo (કુજ્યુ)	Cuja (કુજ્યા)	Cujos (કુજ્યુસ)	Cujas (કુજ્યસ)

"જે" શબ્દને માટે ઘણે ભાગે "que" શબ્દ વપરાય છે.

ઉપરની બાબતનું સ્પષ્ટિકરણ નીચલા પાઠથી થશે.

૫૯ પાઠ ૯મો Nona Licção (નૉન લીસ્સાંઉ)

Escrevi (એસ્ક્રેવી) લખ્યું

Fallou (ફાલો) બોલ્યો (૧લો પુરુષ એકવચન)

Fallei (ફાલેઇ) બોલ્યો (ત્રીજો " ")

Hontem (ઑાન્તૅ) ગઇકાલે.

Cortei (કૉર્તેઇ) કાપ્યું

બાકીના શબ્દો પોરતુગીઝ ગુજરાતી કોષમાં જુઓ.

Este é o senhor que fallou (એસ્તિ ઍ ઉ સિગ્ન્યોર્ કે ફાલો) જે ગૃહસ્થ બોલ્યા તે આ This is the gentleman who spoke

Esta e' a carta que escrevi (ઍસ્ત ઍ અ કાર્ત કે ઇસ્ક્રેવી) જે કાગળ મેં લખ્યો તે આ This is the letter that I wrote.

O moço a quem fallei hontem (ઉ મોસુ અ કૅં ફાલેઇ ઑાન્તૅ) ગઇ કાલે જેને મેં વાત કરી તે નોકર. The waiter whom I spoke yesterday.

A faca com a qual o cortei (અ ફાક કૉં અ ક્વાલ્ ઉ કૉર્તેઇ) (છરી કે જેનાથી) જે છરી વડે મેં કાપ્યું તે. The knife with which I cut.

A senhora cuja guarda-chuva o Sr. levou (અ સિંયૉર કૂજ્ઝ ગ્વાર્દ શૂવ ઉ સિંયૉરૂ લેવૌ) જે સ્ત્રીની છત્રી તમે લીધી તે (સ્ત્રી). The lady whose umbrella you took.

Os passageiros cuja bagagem achéi (ઉશ્ પાસાજ્યેરૂશ્ કૂજ્ઝ બગાજિંયં આશેઇ) ઉતારૂઓ કે જેનો સામાન= જે ;ઉતારૂઓનો સામાન મને મળ્યો તે (આ ઉતારૂઓ) The passengers whose luggage I found.

ઉપર જણાવેલ સર્વનામમાંના qual, quem અને que પ્રશ્નાર્થ સર્વનામ તરીકે પણ વપરાય છે જે નીચેની વિગતેથી જણાશે.

૭ પ્રશ્નાર્થ સર્વનામ.

૬૦ Interrogativo સર્વનામમાં qual, quem અને que મુખ્ય છે. જેના અન્ય રૂપો (ઉપર સર્વનામમાં) જણાવી ગયા છીએ. તેમનો ઉપયોગ નીચેના વાક્ય ઉપરથી જોઇ શકાશે.

Qual e' a sua opinião ? (ક્વાલ્ એ અ સુઅ ઓપિનિઆઉ ?) તમારો મત શું છે ? What is your opinion?

Qual (quaes) das facas ? (ક્વાલ્ (ક્વાઇશ) દશ્ ફાકશ્ ?) છરીઓમાંથી કઇ ? Which of the knives ?

Quem o tomou (કૅ ઉ તોમૌ ?) તે કોણે લીધું ? Who took it ?

(O) que disse elle ? (ઉ કે દીસ્સિ એલિ ? તેણે શું કહ્યું ? What did he say ?

Que સાથે Por જોડવાથી adverb (અવ્યય) થાય છે. જેમકે Porque=શા માટે Why

Porque esperou o Sr. ? (પુર્કે ઇશ્પેરો ઉ સિ'યોર્) આપે શા માટે રાહ જોઈ ? Why did you wait ?

આ ઉપરાંત qualquer (બહુ. quaesquer) શબ્દ વપરાય છે. તેનો અર્થ "કોઇપણ" થાય છે એટલે પુરૂષ કે સ્રી ગમે તે હોય; તથા quemquer (બહુવચન નથી) નો અર્થ " જે જે " whoever થાય છે.

૮ અનિયમિત સર્વનામ.

૬૬ આ સર્વનામનું નામ અનિયમિત કહેવાનું કારણ એવું છે કે તેના કોઇ નરજાતિ કે નારીજાતિ તેમજ એકવચન અને બહુવચનમાં નિયમિત રૂપ થતાં નથી. તેમજ કોઇ વખતે એકલું વિશેષણ તરીકે વપરાય તો કોઇ વખતે નામ (સર્વનામ) તરીકે વપરાય છે તેવાં સર્વનામ નીચે મુજબ:—

૧ Alguem (આલ્ગે) કોઇ Somebody; Ninguem (નીંગે) કોઈ નહીં Nobody; Nada (નાદ) કંઇ નહીં Nothing; Fulano-a (ફુલાન) ફલાણું Such a one; Outrem (ઓત્રેં) બીજું Another; આટલા શબ્દો વિશેષ્ય તરીકેજ એટલે સર્વનામની રીતે વપરાય છે.

Que posso offerecer a V. mce ? nada mais (કે પૉસ્સુ ઑફેરેસેર્ આ વૉસ્સમસેં ? નાદ માઇશ્) આપને શું

આપું? કાંઇ નહીં Nothing more વધારે દાખલા માટે પાઠ ૧૯ મો જુઓ.

૨. Cada (કાદ) દરેક each, cada um એનું નારીજાતી cada uma (એનું બહુવચન થતું નથી) એ વિશેષણ તરીકે વપરાય છે.

૩. નીચેના શબ્દો વિશેષણ તેમજ સર્વનામ (વિશેષ્ય) તરીકે વપરાય છે.

એકવચન			બહુવચન		
નરજાતિ	નારીજાતિ		નરજાતિ	નારીજાતિ	
Um (ઊં)	Uma (ઊમ)	એક One	Uns (ઊંશ)	Umas (ઊમશ)	કેટલાક Some
Algum (આલ્ગૂં)	Alguma (આલ્ગૂમ)	કેટલુંક Some	Alguns (આલ્ગૂંશ)	Algumas (આલ્ગૂમશ)	„ „
Outro (ઔત્રુ)	Outra (ઔત્ર)	બીજું Other	Outros (ઔત્રુશ)	Outras (ઔત્રશ)	બીજાં Others
Todo (તોદૂ)	Toda (તોદ)	બધું All	Todos (તોદૂશ)	Todas (તોદશ)	બધાં All

Tal બને જાતિમાં વપરાયછે. એવું Such Taes (તાઇશ) એવું Such
(તાલ્)

Tal qual „ એજ Such as Taes quaes Such as
(તાલ્ ક્વાલ્) જેવું કે (તાઇશ્ ક્વાઇશ્)

દાખલા માટે પાઠ ૧૦ મો જુઓ.

૬૨ સર્વનામ વિષે વધારાની સૂચના.

a. ઉપરના સર્વનામમાં Tu, ti, teu, vos કે o vosso વિગેરે શબ્દો આપ્યા છે. તે ફક્ત જણાવવા માટેજ છાપ્યા છે પરંતુ તેઓનો ઉપયોગ કરવા કરતાં o sr વાપરવું સહેલું છે.

b. જ્યારે એક ક્રિયાપદના બે કર્મ તરીકે સર્વનામોજ આવેલા હોય ત્યારે તેમાંનું પહેલું પુરૂષવાચક હોય છે અને બીજું વસ્તુવાચક હોય છે તેમાંનું પુરૂષવાચક સર્વનામ પહેલું મુકાય છે અને વસ્તુવાચક પછી આવે છે. વળી જે પુરૂષવાચક સર્વનામ હોય અને છેડે e આવ્યો હોય તો તે e રદ કરી તેને બદલે ' વપરાય છે. એટલે me અને o હોય તો તેને બદલે m'o, lhe ને બદલે lh'o અને નારીજાતિમાં m'a, lh'a થાય છે.

દાખલા

મેં તેને તે (વસ્તુ) વેચાતી આપી. Eu lh'o vendi (lhe અને o ને બદલે lh'o થયું. આ બંને કર્મ એકજ ક્રિયાપદના છે. તેમજ પુરૂષવાચક lhe અને વસ્તુવાચક o છે. નીચેના દાખલા પણ તેવાજ છે.)

તે (વસ્તુ) મને આપો Dê-m'o (દે મુ-ઉ)

તમોએ તે (ચીજો) તેણીને બતાવી ? Mostrou-lh'as ?

c. જ્યારે Lhes, બીજા સર્વનામ સાથે જોડાયલ હોય ત્યારે પણ ઉપર પ્રમાણેજ ' મુકાય છે. એટલે lhes ને બદલે lh' થાય છે. (lhe નો અર્થ તેમને.) જેમકે, અમો તે (વસ્તુ) તેમને ઉછીતી આપશું Nós lh'o emprestaremos a ellas; તે (ચાવી f) તેમને બતાવશો નહીં Não lh'a mostre a elles (નાંઉ લ્ય મૉસ્ત્રી અ એલિશ) Do not show it (chave-f) to them આમાં lhes પુરૂષવાચક છે અને o અને a (સંયોજક સર્વનામ it ને બદલે :વપરાયલું) વસ્તુવાચક છે. વધારે દાખલા ૧૦મા પાઠમાં જુઓ.

d. જ્યારે nós અથવા vós બીજા કોઇ કર્મ તરીકે વપરાયેલા સર્વનામ સાથે જોડાયેલ હોય ત્યારે s ને બદલે l મુકાય છે. જેમકે nos-o હોય તો nol-o; nos a ને બદલે nol-a; nos-as ને માટે nol-as થાય છે.

તે અમને બતાવો Mostre-nol-os } આમાં os અને as
તેણે તે (વસ્તુઓ) અમને આપી Elle nol-as deu } સંયોજક સર્વનામ છે.

વધારે દાખલા પાઠ ૧૦મા માં જુઓ.

૬૩ પાઠ ૧૦ મો (Decima Licção) દેસિમ લીસ્સાઊં

આ પાઠમાં પોરતુગીઝનું ગુજરાતિ આપવા કરતાં ગુજરાતિ વાક્યનું પોરતુગીઝ આપેલ છે. કારણકે ઉપરના બધાં નિયમોનું વિવેચન યથાસ્થિત થઇ શકે.

૧ તેણીને તે આપો=Dê-lh'os (દે લ્યુશ) Give them to her. (lhes અને os ને બદલે lh'os કલમ c મુજબ થયું અને – (હાઇફન) પાના પર ની કલમ ૫ મુજબ થયું.

૨ તેને તે બતાવો=Mostre-lh'os (મૉસ્ત્રિ લ્યુશ) Show them to him અહીં તે શબ્દ તેમને to them ના અર્થમાં છે.

૩ તમે શા માટે મારી પાસે તે લાવ્યા નહીં ?=Porque m'o não trouxe ? (પૂર્કે મુ નાંઉ ત્રૌસિ) Why did you not bring it to me. આમાં (me અને o નું કલમ b મુજબ m'o થયું છે) બીજા દાખલા નીચે મુજબ.

૪ તેમને મારી પાસે મોકલતા નહીં=Não m'os mande (નાંઉ મુશ માંદિ) Do not send them to me.

૫ તમને તે કોણે આપ્યું ?=Quem lh'o deu ! (કૈં લ્યુ દેઉ !) Who gave it to you ? આમાં lhe અને o કલમ b પ્રમાણે આવેલ છે તેથી lh'o થયું).

૬ હું તે (વસ્તુ) તમને આપીશ=Eu lh'o darei (એઉ લ્યુ ઉ દારેઇ) I shall give it to you.

૭ અમને તે આપો=De-nol-o (દે નૂલુ) Give it to us આમાં nos અને o નો nol-o થયો અને de–અને nol-o વચ્ચેનો – (હાઇફન) પાના પર ની કલમ ૫ મુજબ થયું.

૮ અમને શા માટે તમોએ તેમને બતાવ્યા નહીં ? Porque não nol-os mostrou ? (પૂર્કે નાંઉ નૂલુશ મોસ્ત્રૌ ?) Why did you not show them to us ? આમાં nos-os નું nol-os કલમ d મુજબ થયું છે.

૯ તે તેમને (તે સ્ત્રીઓને) તમારી પાસે મોકલત નહીં Não vol-as mandaria (નાંઉ વૂલસ્ માંદારીય) He would not send them (નારી) to you આમાં vos-as નું vol-as થયું.

૧૦ ભુલ કરતા નહીં Não se engane (નાંઉ સિ ઍંગાનિ) Don't make a mistake.

૧૧ તેઓ હમણાં જાગશે નહીં Não se acordarão agora (નાંઉ સિ આકૉર્દારાંઉ અગૉર) They will not awake now.

૧૨ મહેરબાની કરીને એક કલાક બેસો. Assente-se uma hora, faça favor (આસૅન્તિ સિ ઊમ ઑર, ફાસ ફાવેરૃ) Sit down one hour, please.

આ પાઠમાં વપરાયેલા નવા શબ્દોને માટે પાછળ આપેલ પોરતુગીઝ ગુજરાતિ શબ્દકોષ જુઓ.

પાના ૫૯ મેં કલમ ૬૧ની ૧-૨-૩ ના ઉદાહરણો.

૧૩ Eu sei que elle é um grande patife (એઉ સેઇ કે એલિ એઁ ઉં ગ્રાંદિ પાતીફિ) હું જાણું છું કે તે એક મોટો લુચ્ચો છે I know that he is a great scoundrel.

૧૪ Alguem está ahi ? (આલ્ગેં ઇસ્તા આઇ ?) ત્યાં કોઇ છે Is anyone there ?

૧૫ Não conheço pessoa alguma na esta (nésta) cidade (નાંઉ કુનેસુ પેસોઅ આલ્ગૂમ નૅસ્ત સિદાદિ) આ ગામમાં હું કોઇ માણસને ઓળખતો નથી I know none in this town.

૧૬ Não conheço ninguem (નાંઉ કુનેસુ નિંગેં) હું કોઇને ઓળખતો નથી I know nobody.

૧૭ Todo o dia (toda a noite) moramos juntos (તોદુ ઉ દીઅ (તોદ અ નોઇતિ) મોરામુશ જુન્તુશ) આખો દિવસ અમે સાથે રહીએ છીએ We live together all day.

૧૮ Isto pertence a outrem (ઇસ્તુ પૅર્તેંસિ અ ઓત્રેં) આ બીજાનું છે. This belongs to others.

૧૯ Uns dizem isto, outros aquillo (ઊંશ્ દીઝિં ઇસ્તુ, ઓત્રુશ્ અકીલુ) કેટલાક આ કહે છે, બીજાઓ તે કહે છે. Some say this, others that.

ક્રિયાપદ (Verbos) વૅર્બુશ્

૬૪ ક્રિયાપદના મુખ્યત્વે કરીને બે ભાગ કરી શકાય. ૧ સહાયકારક (Auxiliarios) આઉશિલિયા'રયુશ અને ૨ મુખ્ય (Principaes) પ્રિંશિપાઇશ. સહાયકારક ક્રિયાપદ એટલે જેનો સંપૂર્ણ અર્થ બીજા ક્રિયાપદની મદદથી સમજી શકાય અર્થાત્ તે એકલું ન આવતાં બીજાની સાથે આવીને પોતાનો અર્થ સંપૂર્ણ બતાવે છે. અને મુખ્ય ક્રિયાપદ હમેશાં પોતાનો અર્થ સ્પષ્ટજ દર્શાવે છે.

૬૫ હવે સહાયકારક અને મુખ્ય ક્રિયાપદોના પણ બે ભેદ છે. ૧ નિયમિત (Regular) અને અનિયમિત (Irregular).
આ સંબંધી વિશેષ વિવેચન અત્રે નિરૂપયોગી હોવાથી કરવું ઉચિત નથી.

૬૬ નીચેના ચાર સહાયકારક ક્રિયાપદ અનિયમીત હોવાથી અને હમેશાં ઉપયોગનાં હોવાથી તેના સંપૂર્ણ રૂપાખ્યાન હેઠળ આપ્યા છે.

Ter, Haver; (તેર્, આવ્વેર્) પાસે હોવું To have. Ser અને Estar (સેર્, ઇસ્તાર્) થવું To be.

અર્થ અને ઉપયોગ.

૧-૨ Ter અને Haver નો અર્થ એકજ છે "પાસે હોવું to have" પરંતુ તેમાં ter એ સહાયકારક ક્રિયાપદ છે તેમજ મુખ્ય ક્રિયાપદ પણ છે. એટલે એકલું પણ વપરાય છે. જ્યારે એકલું વપરાય ત્યારે તેનો અર્થ " કબજામાં હોવું " એવો થાય છે. પણ haver એ હમેશાં સહાયકારક ક્રિયાપદ તરીકેજ વપરાય છે.

૩-૪ Ser અને Ester આ બન્નેનો અર્થ એકજ છે "હોવું, થવું to be".

a જે વસ્તુ કે કામ ખાસ, નિત્ય રહેવાનું કે થવાનું હોય (જેવાં કે વારસામાં ઉતરેલ સદ્ગુણ કે દુર્ગુણ, ધંધા, શરીરની ખોડ ખાંપણ વિગેરે) તેમાં ser વપરાય છે. જેમકે, તે ઊંચો છે. (Ser e' alto; હું લડવૈયો છું Sou soldado (સોઉ સૉલ્દાદુ).

સક્રમભેદમાં (Passive voice માં) હમેશાં ser નોજ ઉપયોગ થાય છે. તેમાં estar કદી વપરાતું નથી. જેમકે, આ ચોપડી સારી રીતે વંચાશે. Este livro será bem lido (એસ્તિ લીવ્રુ સૅરા બૅં લીદુ) This book will be read well.

b જે વસ્તુ કે કામ થોડા વખતને માટે હોવાનું કે રહેવાનું હોય (એટલે temporary હોય) ત્યાં Estar વપરાય છે. જેમકે, તે બીડી પીએ છે Esta' fumando; (ઇસ્તા ફુમાંદુ). તે હોટેલમાં છે Esta' no hotel (ઇસ્તા નુ ઑતેલ).

Estar મુખ્યત્વે કરીને વર્તમાનકૃદંત (Participle) ની સાથે વપરાય છે. જ્યારે Ser વર્તમાનકૃદંત સાથે કદી વપરાતું નથી. જેમકે હું લખું છું Estou escrevendo (ઇસ્તૌ ઇસ્ક્રેવેન્દુ).

૬૭ આ ઉપરાંત નીચલા ક્રિયાપદો પણ સહાયકારક છે:—
Querer, Dever (અર્થ shall, will) Poder (is able to, can, may ને બદલે) વિગેરે.

૬૮ "જોઇએ" એ શબ્દ (જેને અંગ્રેજીમાં must કહે છે તે) પોર્તુગીઝમાં નીચે મુજબ રીતાએ દર્શાવાય છે.

Haver de ફરજ દર્શાવવા (obligation) જેમકે Elle ha de ir =તેને જવુંજ જોઇશે (he must (shall) go).

Ter de જરૂરીઆતપણું દર્શાવવા (Necessity) જેમકે Elle tem de ir=તેણે જવુંજ જોઇએ (he must (is to) go).

Dever અટકળ અથવા ફરજ } દર્શાવવા (Supposition & duty) જેમકે Elle deve estar la=તે ત્યાં હોવોજ જોઇએ અર્થાત તે ત્યાં હોય તોજ (if he must be there).

૬૯ Ter (તેરૂ) પાસે હોવું To have ના રૂપાખ્યાન

૧ વર્તમાનકાળ Presente do indicativo (પ્રૅઝૅન્તિ દુ ઇન્દિકાતીવ્વુ)

મારી પાસે છે Eu tenho (એઉ તૅગ્ન્યુ) I have (૧લો પુરૂષ એકવચન)
અમારી „ „ No's temos (નૉશ્ તૅમુશ્) We „ („ „ બહુ „)
તારી „ „ Tu tens (તુ તૅંશ્) Thou hast (૨જો „ એક „)
તમારી „ „ Vo's tendes (વૉશ્ તૅન્દિશ્) You have („ „ બહુ „)
તેની „ „ Elle tem (એલિ તૅં) He has (૩જો „ એક „)
તેઓની „ Elles teem (એલિશ્ તૅં') They have („ „ બહુ „)

આવી રીતે બધાં રૂપોમાં પુરૂષ અને વચન અનુક્રમે સમજી લેવાં.

ચાલુ ભુતકાળ Imperfeito (ઇમ્પૅર્ફેઇતુ)

સર્વનામના ઉચ્ચાર ઉપર આપેલા હોવાથી હવેથી ફરીને આપવા યોગ્ય નથી.

મારી પાસે હતું Eu tinha (તીંગ્ન્ય) I had
અમારી „ „ Nós tinhamos (તીગ્ન્યમુશ્) We had
તારી „ „ Tu tinhas (તીગ્ન્યશ્) Thou hadst
તમારી „ „ Vós tinheis (તીંગ્ન્યેઇશ્) You had
તેની „ „ Elle tinha (તીંગ્ન્ય) He had
તેઓની „ „ Elles tinham અથવા tinhão (તીગ્ન્યંઉ) They had

૩ પુર્ણ ભુતકાળ Perfeito (indi) (પૅર્ફેઇતુ)

મારી પાસે હતું Eu tive (તીવ્વિ) I had
અમારી „ „ Nós tivemos (તીવ્વિમુશ્) We „
તારી „ „ Tu tiveste (તીવ્વૅશ્તિ) Thou hadst
તમારી „ „ Vós tivestes (તીવ્વૅશ્તિશ્) You had
તેની „ „ Elle teve (તૅવ્વિ) He had
તેઓની „ „ Elles tiveram અથવા tiverão (તીવ્વૅરંઉ) They had

૪ ભવિષ્યકાળ Futuro (indi) (ફુતુરૂ)

મારી પાસે હશે Eu terei (તેરેઈ) I shall have
અમારી „ Nós teremos (તૅરૅમુશ) We „ „
તારી „ Tu tera's (તૅરાશ) Thou wilt „
તમારી „ Vo's tereis (તેરેઇશ) You will „
તેની „ Elle tera' (તૅરા) He „ „
તેઓની „ Elles terão (તૅરાંઉ) They „ „

૫ સંકેતાર્થ ભવિષ્યકાળ Condicional (કાંદિસિયૅનાલ)

મારી પાસે હોવું જોઇએ Eu teria (તેરીય) I should have
અમારી „ „ Nós teriamos (તેરીયમુશ) We „ „
તારી „ „ Tu terias (તેરીયશ) Thou wouldst „
તમારી „ „ Vo's terieis (તેરીએઇશ) You would „
તેની „ „ Elle teria (તેરીય) He „ „
તેઓની „ „ Elles terião અથવા teriam (તેરીયાંઉ) They „ „

૬ આજ્ઞાર્થ Imperativo (ઇંપૅરાતી'વુ)

તારી પાસે રહેવાદે Tem tu (તેં તુ) Have thou ૨ જો પુરૂષ એકવચન
તમારી „ „ દીઓ Tende vo's (તૅન્દિ વૅાશ) Have you „ „ બહુ „
તેની „ „ દે Tenha élle (તૅઞ્ય એલિ) Let him have ૩ જો પુરૂષ એકવચન
તેઓની „ „ Tenham elles અથવા Tenhão „ (તૅંઞ્યાંઉ એલિશ) „ them „ બહુ

૭ સંશયાર્થભેદ-વર્તમાનકાળ

Subjunctivo presente (સુબ્જુંક્તીવુ પ્રૅઝૅન્તિ)

કે મારી પાસે હોય Que eu tenha (કે એઉ તૅઞ્ય) That I may have
„ અમારી „ „ „ no's tenhamos („ નોશ તૅઞ્યમુશ) That we „ „

„ તારી „ „ „ tu tenhas („ તુ તૅઞ્યશ્) „ thou mayst „

કે તમારી પાસે હોય Que vo's tenhais (કે તૅઞ્યાઇશ્) That you may have

„ તેની „ „ „ elle tenha(„ તૅઞ્ય) That he may have

„ તેઓની „ „ „ elles tenham અથવા elles tenhão (કે તૅઞ્યંઉ) That they may have

૮ સંશયાર્થભેદ-ભુતકાળ Subjunctivo imperfeito

(સુંબ્જુંકતીવ્વુ (ઇમ્પૅર્ફૈઇતુ)

જો મારી પાસે હોત Se tivesse (તિવ્વૅસ્સિ) If I might have

„ અમારી „ „ „ tivessemos (તિવ્વૅસ્સિમુશ્) „ We „ „

„ તારી „ „ „ tivesses (તિવ્વૅસ્સિશ્) „ thou „ est „

„ તમારી „ „ „ tivesseis (તિવ્વૅસ્સેઇશ્) „ you might „

„ તેની „ „ „ tfvesse (તિવ્વૅસ્સિ) „ he „ „

„ તેઓની „ „ „ tivessem (તિવ્વૅસ્સિં) „ they „ „

૯ સંશયાર્થભેદ-પુર્ણ ભુતકાળ Subjunctivo-pluperfeito

(સુબ્જુંકતીવ્વુ પ્લુપર્ફૈઇતુ)

* આ કાળ માટે જુઓ કલમ ૭૧ મી.

*જો ત્યારે મારી પાસે હોત Se tivéra (તિવ્વૅર) If I had had

„ „ અમારી „ „ „ tiveramos (તિવ્વૅરમુશ્) If we had had

„ „ તારી „ „ „ tivéras (તિવ્વૅરશ્) If thou hadst had

„ „ તમારી „ „ „ tivéreis (તિવ્વૅરેઇશ્) If you had had

---

*આમાં "જો ત્યારે" એ શબ્દો [illegible] આગળની સાથે આવે છે.

" " તેની " " " tivéra (તિવ્ઁૅર)
If he had had

" " તેઓની " " " tiveram અથવા
tiverão (તીવ્વેર઼ઉ) If they had had

૧૦ સશયાર્થ-ભવિષ્યકાળ. Subj futuro (સુબ્જુંક્તીવ્ફુતુરૂ)

જ્યારે (અથવા જો) મારી પાસે હશે Quando tivér (ક્વાન્ડુ તિવ્ઁૅર઼)
When I shall have

" " " અમારી " " " tivermos (" તિવ્ઁૅર્મુશ)
When we shall have

" " " તારી " " " tiveres (" તિવ્ઁૅરિશ)
When thou wilt have

" " " તમારી " " " tiverdes (" તિવ્ઁૅર્દિશ)
When you will have

" " " તેની " " " tiver (" તિવ્ઁૅર઼)
When he will have

" " " તેઓની " " " tiverem (" તિવ્ઁૅરિઁ)
When they will have

આ ભેદમાં quando (જ્યારે), que અને Se (બંનેનો અર્થ જો) વાપરવામાં આવે છે.

૧૧ ક્રિયાપદનું નિશ્ચયાર્થ રૂપ Presente pessoal do infinitivo (પ્રૅઝન્તિ પેસોઅલ દુ ઇન્ફીનીતીવુ)

મારી પાસે હોવાથી	Ter eu	(તર઼ એઉ)	My having
અમારી " "	Termos nós	(તર્મુશ નૉશ)	Our "
તારી " "	Teres tu	(તરિશ તુ)	Thy "
તમારી " "	Terdes vós	(તર્દિશ વૉશ)	Your "
તેની " "	Ter elle	(તર઼ એલિ)	His "
તેઓની " "	Terem elles	(તરિઁ એલિશ)	Their "

આ કાળમાં સર્વનામ કોઇ વખતે મુકાય છે. ઘણે ભાગે રદ કરાય છે.

૧૨ વર્તમાનકૃદંત-હોતાં=Tendo (તૅન્દુ) Having
ભુતકૃદંત-હતું=Tido (તીદુ) Had

૭૦ Haver (આવ્વેર્) પાસે હોવું To have ના રૂપાખ્યાન.

૧ વર્તમાનકાળ Presente do indicativo (પ્રૅઝૅન્તિ દુ ઇન્દિકાતીવ્વુ)

મારી પાસે છે	Eu hei	(એઉ એઇ)	I have
અમારી „	Nós havemos	(નૉશ્ આવ્વૅમુશ્)	We „
તારી „	Tu hás	(તુ આશ્)	Thou hast
તમારી „	Vós haveis	(વૉશ્ આવ્વેઇશ્)	You have
તેની „	Elle ha	(એલિ આ)	He has
તેઓની „	Elles hão	(એલિશ્ આંઉ)	They have

૨ ચાલુ ભુતકાળ Imperfeito (ઇમ્પૅર્ફૅઇતુ)

સર્વનામના ઉચ્ચાર ઉપર આપેલા હોવાથી ફરીથી આપવા નિરૂપયોગી છે તેથી નથી આપ્યા.

મારી પાસે હતું	Eu havia	(આવ્વીઅ)	I had
અમારી „ „	Nós haviamos	(આવ્વીયમુશ્)	We „
તારી „ „	Tu havias	(આવ્વીઅશ્)	Thou hadst
તમારી „ „	Vós havieis	(આવ્વીએઇશ્)	You had
તેની „ „	Elle havia	(આવ્વીઅ)	He „
તેઓની „ „	Elles haviam અથવા havião	(આવ્વીઅંઉ)	They „

૩ પૂર્ણ ભુતકાળ Perfeito (indi) (પૅર્ફૅઇતુ)

મારી પાસે હતું	Eu houve	(ઓવ્વિ)	I had
અમારી „ „	Nós houvemos	(ઓવ્વૅમુશ્)	We had
તારી „ „	Tu houveste	(ઓવ્વૅસ્તિ)	Thou hadst
તમારી „ „	Vós houvestes	(ઓવ્વૅસ્તિશ્)	You had

તેની „ „ Elle houve (ઓવ્રિ) He „
તેઓની „ „ Elles houveram અથવા houverão } (ઓવ્રૅરંઉ) They „

૪ ભવિષ્યકાળ Futuro (indi) (ફુતુર)

મારી પાસે હશે Eu haverei (આવ્વૅરેઇ) I shall have
અમારી „ „ No's haveremos (આવ્વૅરૅમુશ્) We „ „
તારી „ „ Tu havera's (આવ્વૅરાશ્) Thou wilt have
તમારી „ „ Vo's havereis (આવ્વૅરેઇશ્) You will „
તેની „ „ Elle havera' (આવ્વૅરા) He „ „
તેઓની „ „ Elles haverão (આવ્વૅરાંઉ) They „ „

૫ સંકેતાર્થ ભવિષ્યકાળ Condicional (કૉંદિસિયોનાલ્)

મારી પાસે હોવું જોઇએ Eu haveria (આવ્વેરીઅ) I should have
અમારી „ „ „ No's haveriamos (આવ્વેરીઅમુશ્) We „ „
તારી „ „ „ Tu haverias (આવ્વેરીઅશ્) Thou wouldst „
તમારી „ „ „ Vo's haverieis (આવેરીયેઇશ્) You would „
તેની „ „ „ Elle haveria (આવ્વેરીઅ) He „ „
તેઓની „ „ „ Elles haveriam અથવા haverião } (આવ્વેરીઅંઉ) They „ „

૬ આજ્ઞાર્થ Imperativo (ઇંપૅરાતી'વ્વુ)

તારી પાસે રહેવા દે Ha tu (આ તુ) Have thou ૨ જો પુ. એકવ.
તમારી „ „ દીઓ Havei vós (આવ્વેઇ વૉશ્) „ you „ „ બહુવ.
તેની „ „ દે Haja ello (આજ એલ્લિ) Let him have ૩ જો પુ. એકવ.
તેઓની „ „ „ Hajam અથવા Hajão { elles (આજંઉ એલ્લિશ્) Let them have ૩ જો પુ. બહુવચન.

૭ સંશયાર્થ ભેદ-વર્તમાનકાળ Subj. presente
(સુબ્જુંક્તીવુ પ્રૅઝેન્તિ)

કે મારી પાસે હોય	Que haja	(કે આજઝ)	That I may have
,, અમારી ,, ,,	,, hajamos	(,, આજઝામુશ્)	,, we ,, ,,
,, તારી ,, ,,	,, hajas	(,, આજઝશ્)	,, thou mayst ,,
,, તમારી ,, ,,	,, hajais	(,, આજઝાઇશ્)	,, you may ,,
,, તેની ,, ,,	,, haja	(,, આજઝ)	,, he ,, ,,
,, તેઓની ,, ,,	,, hajam અથવા hajão	(,, આજઝંઉ)	,, they ,, ,,

૮ સંશયાર્થ ભેદ-ભુતકાળ Subj. imperfeito (સુબ્જું. ઇમ્પૅર્ફૅઇતુ)

જો મારી પાસે હોત	Se houvesse	(સિ ઓવ્વૅસ્સિ)	If I might have
,, અમારી ,, ,,	,, houvessemos	(,, ઓવ્વૅસ્સિમુશ્)	,, we ,, ,,
,, તારી ,, ,,	,, houvesses	(,, ઓવ્વૉસ્સશ્)	,, thou ,, st ,,
,, તમારી ,, ,,	,, houvesseis	(,, ઓવ્વૅસ્સેઇશ્)	,, you might ,,
,, તેની ,, ,,	,, houvesse	(,, ઓવ્વૅસ્સિ)	,, he ,, ,,
,, તેઓની ,, ,,	,, houvessem	(,, ઓવ્વૅસ્સિં)	,, they ,, ,,

૯ સંશયાર્થ ભેદ-પુર્ણ ભુતકાળ Subj. pluperfeito (સુ. પ્લુપર્ફૅઇતુ)

જો (ત્યારે=તે વખતે) મારી પાસે હોત Se houvera (ઓવ્વૅર) If I had had.
જુઓ કલમ ૭૧.

,, અમારી ,, ,,	,, houvéramos	(ઓવ્વૅરમુશ્)	,, we ,,
,, તારી ,, ,,	,, houvéras	(ઓવ્વૅરશ્)	,, thou ,, st ,,
,, તમારી ,, ,,	,, houvéreis	(ઓવ્વૅરેઇશ્)	,, you had ,,
,, તેની ,, ,,	,, houvéra	(ઓવ્વૅર)	,, he ,, ,,
,, તેઓની ,, ,,	,, houvéram	(ઓવ્વૅરંઉ)	,, they ,, ,,

૧૦ સંશયાર્થ ભવિષ્યકાળ Subj. futuro (સુબ્જું.ફુતુરૂ)

; જ્યારે મારી પાસે હશે Quando houver (ક્વાન્દુ ઓવ્વૅરૃ) When I shall have
„ અમારી „ „ „ houvermos („ ઓવ્વૅર્મુશ્) When we shall have
„ તારી „ „ „ houveres („ ઓવ્વૅરિશ્) When thou wilt have
„ તમારી „ „ „ houverdes („ ઓવ્વૅર્દિશ્) When you will have
„ તેની „ „ „ houver („ ઓવ્વૅરૃ) When he will have
„ તેઓની „ „ „ houverem („ ઓવ્વૅરિં) When they will have

૧૧ ક્રિયાપદનું નિશ્ચયાર્થ રૂપ Presente pessoal do infinitivo
(પ્રૅઝૅન્તિ પેસોઅલ દુ ઇન્ફીનીતીવુ)

મારી પાસે હોવાથી	Haver eu	(આવ્વૅરૃ)	My having
અમારી „ „	Havermos nós	(આવ્વૅર્મુશ)	Our „
તારી „ „	Haveres tu	(આવ્વૅરિશ્)	Thy „
તમારી „ „	Haverdes vós	(આવ્વૅર્દિશ)	Your „
તેની „ „	Haver elle	(આવ્વૅરૃ)	His „
તેઓની „ „	Haverem elles	(આવ્વૅરિં)	Their „

૧૨ વર્તમાન કૃદંત-હોતાં=Havendo (આવેન્દુ) Having
ભુતકૃદંત-હતું=Havido (આવ્વીદુ) Had

૭૧ પૂર્ણભૂતકાળના રૂપાખ્યાન બે રીતે થાય છે. જે આ સંશયાર્થભેદમાં આપ્યા છે તેમાંથી સંશયાર્થભેદનો પ્રત્યય Se, que કે quando જે વપ-

રાયો હોય તે કાઢી લીધાથી પૂર્ણભૂતકાળના બીજા રૂપો indicativo મુડના બને છે. જેને અંગ્રેજીમાં Past anterior કહે છે. જ્યારે ઘણા વખત પહેલાંની વાત કરવી હોય ત્યારે આ કાળના રૂપ વપરાય છે.

૭૨ અનિયમિત અને નિયમિત બધાં ક્રિયાપદોનાં ભૂતકાળના ત્રણ રૂપો આપ્યા છે તેનો અર્થ અને ઉપયોગ.

૧ ચાલુ ભૂતકાળ– જેની ક્રિયા અથવા કામ થોડા વખત અગાવ ચાલતું હતું. જેમકે હું બોલતો હતો Fallva.

૨ ભૂતકાળ– જેની ક્રિયા અથવા કામ થોડા વખત અગાવ ચાલતું હતું તે પુરૂં થઇ ગયું. જેમ કે હું બોલ્યો Fallei.

૩ પૂર્ણ ભૂતકાળ– જેની ક્રિયા અથવા કામ અમુક વખત અગાઉ ચાલતું હતું તે વખતેજ પૂરૂં થઇ ગયું જેમકે હું બોલ્યો હતો Fallara. ચાલુ ભૂતકાળ અને ભૂતકાળ બંને એક સરખા જેવા એટલે એકમેકને મળતા છે. કોઇપણ વાતનું વર્ણન કરવામાં તે વપરાય છે. પરંતુ પૂર્ણ ભૂતકાળ મોટે ભાગે ઐતિહાસિક બાબતોનું વર્ણન કરવામાં વપરાય છે.

Ser અને Estar (થવું, હોવું) To be ના રૂપ.

૧ વર્તમાનકાળ Presente do indicativo (પ્રૅઝેન્ત દુ ઇન્દિકાતીવ્હુ)

	૭૩ Ser			૭૪ Estar
હું છું	Sou	(સોઉ)	I am	Estou (ઇસ્તો)
અમે છીએ	Somos	(સોમુશ્)	We are	Estamos (ઇસ્તામુશ્)
તું છે	Tu es	(ઍશ્)	Thou art	Est'as (ઇસ્તાશ્)
તમે છો	Sois	(સોઇશ્)	You are	Estais (ઇસ્તાઇશ્)
તે છે	E'	(ઍ)	He is	Esta' (ઇસ્તા)
તેઓ છે	São	(સાંઉ)	They are	Estão (ઇસ્તાંઉ)

૨ ચાલુ ભુતકાળ Imperfeito (indi) (ઇમ્પૅર્ફેઇતુ)

Ser			Estar
હું હતો Era	(ઍ'ર)	I was	Estava (ઇસ્તાવ્વ)
અમે હતા Eramos	(ઍ'રમુશ)	We were	Estavamos (ઇસ્તાવ્વમુશ)
તું હતો Eras	(ઍ'રશ)	Thou wast	Estavas (ઇસ્તાવ્વશ)
તમે હતા Ereis-	(ઍ'રેઇશ)	You were	Estaveis (ઇસ્તા'વ્વેઇશ)
તે હતો Era	(ઍ'ર)	He was	Estava (ઇસ્તાવ્વ)
તેઓ હતા Eram	(ઍ'રંઉ)	They were	Estavam (ઇસ્તાવંઉ)

તા ઉપર બધે ભાર દેવો

૩ પુર્ણ ભુતકાળ Perfeito (indi) (પૅર્ફેઇતુ)

હું હતો Fui	(ફુઇ)	I was	Estive (ઇસ્તીવ્વી)
અમે હતા Fomos	(ફૅામુશ)	We were	Estivemos (ઇસ્તીવ્વિમુશ)
તું હતો Foste	(ફોસ્તિ)	Thou wast	Estiveste (ઇસ્તિવ્વૅ'સ્તિ)
તમે હતા Fostes	(ફૉસ્તિશ)	You were	Estivestes (ઇસ્તિવ્વૅસ્તિશ)
તે હતો Foi	(ફોઇ)	He was	Esteve (ઇસ્તેવ્વિ)
તેઓ હતા Foram	(ફારંઉ)	They were	Estiveram (ઇસ્તિવ્વૅરંઉ)

૪ ભવિષ્યકાળ Futuro (indi) (ફુતુરૂ)

હું થઇશ Serei	(સેરેઇ)	I shall be	Estarei (ઇસ્તારેઇ)
અમે થઇશું Seremos	(સૅરૅમુશ)	We „ „	Estaremos (ઇસ્તારેમુશ)
તું થઇશ Sera's	(સૅરાશ)	Thou wilt „	Estara's (ઇસ્તારાશ)
તમે થશો Sereis	(સેરેઇશ)	You will „	Estareis (ઇસ્તારેઇશ)
તે થશે Sera'	(સૅરા)	He will „	Estara' (ઇસ્તારા)
તેઓ થશે Serão	(સૅરાંઉ)	They „ „ .	Estarão (ઇસ્તારાંઉ)

૫ સંકેતાર્થ ભવિષ્યકાળ Condicional (કૉંદિસિયૅાનાલ)

મારે થવું જોઇએ Seria	(સેરીય)	I should be	Estaria (ઇસ્તારીઅ)
અમારે „ „ Seriamos	(સેરીયમુશ)	We „ „	Estariamos (ઇસ્તારીયમુશ)
તારે „ „ Serias	(સેરીયશ)	Thou wouldst „	Estarias (ઇસ્તારીયશ)

Ser Estar

તમારે ,, ,, Serieis(સેરીયેઇશ) You would ,, Estarieis(ઇસ્તારીયેઇશ)
તેને ,, ,, Seria (સેરીઅ) He ,, ,, Estaria (ઇસ્તારીય)
તેઓને ,, ,, Seriam (સેરીઅંઉ) They ,, ,, Estariam (ઇસ્તારીયંઉ)
અથવા Serião

૬ આજ્ઞાર્થ Imperativo (ઇંપેરાતીવ્વુ)

Ser Estar

તું થા Sê tu (સે તુ) Be thou Está tu (ઇસ્તા તુ)
તમે થાઓ Sêde vos (સેદિ વૉશ) ,, you Estai vos (ઇસ્તાઇ વૉશ)
તેને થવા દે Seja elle (સેજ્જ) Let him be Esteja elle (ઇસ્તેજ એલિ)
તેઓને ,, Sejam (સેજ્જંઉ) ,, them ,, Estejam (ઇસ્તેજંઉ)
અથવા Sejão અથવા Estejão

૭ સંશયાર્થ ભેદ-વર્તમાનકાળ Subjunctivo presente
(સુબ્જુંક્તીવ્વુ પ્રૅઝ઼ેન્તિ)

કે હું હોઉં (થાઉં) Que seja (કે સેજ્જ) That I may be
Que esteja (ઇસ્તેજ્જ)
,, અમે હઇએ ,, ,, sejamos (,, સેજ્જામુશ) ,, we ,, ,,
Que estejamos (ઇસ્તેજ્જામુશ)
,, તું હો ,, ,, sejas (,, સેજ્જશ) ,, thou ,, ,,
Que estejas (ઇસ્તેજ્જશ)
,, તમે હોવ ,, ,, sejais (,, સેજ્જાઇશ) ,, you ,, ,,
Que estejais (ઇસ્તેજ્જાઇશ)
,, તે હોય ,, ,, seja (,, સેજ્જ) ,, he ,, ,,
Que esteja (ઇસ્તેજ્જ)
,, તેઓ ,, ,, ,, sejam (,, સેજ્જંઉ) ,, they ,, ,,
અથવા Que estejam (ઇસ્તેજ્જંઉ)
sejão અથવા estejão

૮ સંશયાર્થ-ભુતકાળ Subj-imperfeito (સુબ્જુંકતીવ્ગુ ઇમ્પેર્ફેઇતુ)

જો હું હોત (થાત) Se fosse (સિ ફોસ્સિ) If I might be
Se estivesse (ઇસ્તિવ્વૅસ્સિ)

જો અમે „ „ „ fossemos („ ફોસ્સિમુશ) „ we „ „
Se estivessemos (ઇસ્તિવ્વૅસ્સિમુશ)

„ તું „ „ „ fosses („ ફોસ્સિશ) „ thou „est „
Se estivesses (ઇસ્તિવ્વૅસ્સિશ)

„ તમે „ „ „ fosseis („ ફોસ્સેઇશ) „ you „ „
Se estivesseis (ઇસ્તિવ્વૅસ્સેઇશ)

„ તે „ „ „ fosse („ ફોસ્સિ) „ he „ „
Se estivesse (ઇસ્તિવ્વૅસ્સિ)

„ તેઓ „ „ „ fossem („ ફોસ્સિં) „ they „ „
Se estivessem (ઇસ્તિવ્વૅસ્સિં)

૯ સંશયાર્થ-પુર્ણ ભુતકાળ Subj-pluperfeito (સુબ્જુ-પ્લુપરફેઇતુ)

પાના મે આપેલી * કલમ ધ્યાનમાં રાખવી.

જો (ત્યારે) હું હતે Se fora (સિ ફોર) That I had been
Se estivera (ઇસ્તિવ્વૅર)

„ „ અમે „ „ foramos („ ફોરમુશ) „ we „
Se estiveramos (ઇસ્તિવ્વૅરમુશ)

„ „ તું „ „ foras („ ફોરશ) „ thou hast „
Se estiveras (ઇસ્તિવ્વૅરશ)

„ „ તમે „ „ foreis („ ફોરેઇશ) „ you had „
Se estivereis (ઇસ્તિવ્વૅરેઇશ)

„ „ તે „ „ fora („ ફોર) „ he had „
Se estivera (ઇસ્તિવ્વૅર)

„ „ તેઓ „ „ foram („ ફોરંઉ) „ they „ „
Se estiveram અથવા estiverão (ઇસ્તિવ્વૅરંઉ)

૧૦ સંશયાર્થ-ભવિષ્યકાળ Subj-futuro
(સુબ્જ્યુ-ફુતુરૂ)

(જો અથવા) જ્યારે હું થઇશ Quando fôr (ફોર્) If or when I shall be Quando estiver (ઇસ્તિવ્વૅર્)
„ અમે થઇશું Quando fôrmos (ફોર્મુશ્) If or when we shall be Quando Estivermos (ઇસ્તિવ્વૅર્મુશ્)
„ „ તું થાય Quando fôres (ફોરિશ્) If or when thou wilt be Quando estiveres (ઇસ્તિવ્વૅરિશ્)
„ „ તમો થાવ Quando fôrdes (ફોર્દિશ્) If or when you will be; Quando estiverdes (ઇસ્તિવ્વૅર્દિશ્)
„ „ તે થશે Quando fôr (ફોર્) If or when he will be Quando estiver (ઇસ્તિવ્વૅર્)
„ „ તેઓ „ Quando fôrem (ફોરિં) If or when they will be; Quando estiverem (ઇસ્તિવ્વૅરિં)

૧૧ ક્રિયાપદનું નિશ્ચયાર્થ રૂપ
Presente pessoal do Infinitivo

અર્થ	Ser			Estar	
મારા હોવાથી	Ser eu	(સેર્ એઉ)	My being	Estar eu	(ઇસ્તાર્)
અમારા „	Sermos nos	(સેર્મુશ્)	Our „	Estarmos nos	(ઇસ્તાર્મુશ્)
તારા „	Seres tu	(સેરિશ્)	Thy „	Estares tu	(ઇસ્તારિશ્)
તમારા „	Serdes vos	(સેર્દિશ્)	Your „	Estardes vos	(ઇસ્તાર્દિશ્)
તેના „	Ser elle	(સેર્)	His „	Estar elle	(ઇસ્તાર્)
તેઓના „	Serem elles	(સેરિં)	Their „	Estarem elles	(ઇસ્તારિં)

આ રૂપનો અર્થ—સંશયાર્થ ભવિષ્યકાળના રૂપના અર્થના જેવોજ થાય છે. આ રૂપનો ઉપયોગ કરવો બહુ કઠણ છે તેથી બનતાં સુધી પૂરી સમજણ પડયા વિના વાપરવું નહીં. ફક્ત જાણવા માટેજ લખાયેલ છે.

૧૨ કૃદંત

વર્તમાન કૃદંત Sendo (સેન્ડુ) Being થતાં Estando (ઇસ્તાન્ડુ)
ભૂત કૃદંત Sido (સીદુ) Been થયેલું Estado (ઇસ્તાદુ)

ઉપર પ્રમાણે સહાયકારક ક્રિયાપદ કે જેના રૂપ અનિયમિત રીતે થાય છે તેના રૂપાખ્યાન આપ્યા જે ધ્યાનમાં રાખવાથી ભાષામાં આગળ વધાય છે કારણ કે તે રૂપો હમેશાં ઉપયોગમાં આવે છે.

૭૫ હવે મુખ્ય ક્રિયાપદો કે જેના રૂપો નિયમિત થાય છે તેના રૂપાખ્યાનના ત્રણ દાખલા નીચે આપેલા છે જે સમજવાથી ક્રિયાપદના સર્વે રૂપાંતરો જાણી શકાશે.

નિયમિત જેના રૂપો થાય છે એવા ક્રિયાપદના ત્રણ ભાગ અત્રે કર્યાં છે.

AR છેડાવાળા ક્રિયાપદો જેવાંકે Fallar, casar, alugar વિગેરે
ER „ „ „ Beber, correr ler „
IR „ „ „ Partir, fugir, vir „

Or છેડાવાળા ક્રિયાપદોમાં ફક્ત Por છે જેના રૂપાખ્યાન આગળ આપેલ છે.

આમાં AR છેડાવાળાને પહેલા વર્ગના ER છેડાવાળાને બીજા વર્ગના અને IR છેડાવાળાને ત્રીજા વર્ગના ક્રિયાપદો કહે છે.

નીચે આપેલા રૂપો (પા. ૭૯ થી ૮૮ સુધીના) કેમ બનાવવાં તે સારૂ સૂચના જુઓ કલમ ૭૯

૭૬ AR છેડાવાળા નિયમિત ક્રિયાપદોના રૂપ.

Fallar (ફાલાર્) બોલવું To speak

૧ સાદું રૂપ	વર્તમાન કૃદંત	ભૂત કૃદંત
૪ Julgo-me honrado com o conhecimento do V. mce. (જઝુલ્ગુ-મી ઑનરાદુ કૉ ઉ કુંયૅસ્સિમૅન્તુ દ્ વૉસ્સ મસેં) આપની ઓળખાણથી હું મને માન પામેલો સમજું છું. I think myself honoured by your acquaintance (honrado એ honor નું ભુતકૃદંત છે.

૫ Tenho estado algum tempo em Lourenço Marques (તૅન્યુ ઇસ્તાદુ આલ્ગું તૅમ્પુ એં લૉરેન્શુ માર્કીશ્) હું કેટલોક વખત લૉરેન્સો માર્કસમાં રહ્યો છું. I have passed some time in Lourenzo Marques. (estado એ estar નું ભૂતકૃદંત છે.)

અવ્યયનાં દાખલા. અવ્યયને ઓળખવાને માટે ઇટેલિકસમાં મુક્યા છે.

૬ E' preciso que eu escreva uma carta *antes de* jantar (ઍ પ્રૅસીજ઼ુ કે એઉ ઇસ્ક્રેવ્વ ઉમ કાર્ત આન્તિશ્ દ જઝાન્તાર્) જમવા પહેલાં મારે એક કાગળ લખવોજ જોઇએ. I must write one letter before dinner.
(Escreva એ escrever નું સંશયાર્થ વર્તમાનનું રૂપ છે).

૭ O Sr. sempre falla de mim *quando* não estou em casa (ઉ સિંયૉર્ સૅમ્પ્રિ ફાલ દ મિં કવાન્ડુ નાંઉ ઇસ્તૌ ઍં કાઝ઼) જ્યારે હું ઘરમાં ન હોઉં ત્યારે તમે હમેશાં મારી વાત કરો છો. You always speak of me when I am not in the house.

૮ Fazem *quasi* trez annos que não o vejo (ફાઝિં ક્વાઝિ ત્રેઝ્ આનુશ્ કે નાંઉ ઉ વેઝ઼ુ) લગભગ ત્રણ વરસ થયાં મેં તેને જોયો નહોતો અર્થાત્ હું તેને જોતો નહોતો તેને લગભગ ત્રણ વરસ થયાં છે. it is almost three years since I saw him last.

૯ Gosta *tanto* de lêr quanto gostas vosse de brincar (ગૉસ્ત તાન્તુ દ લેર્ કવાન્તુ ગૉસ્તશ્ વોસ્સે દ બ્રિંકાર્) જેટલું તને રમવાનું ગમે છે તેટલું તેને વાંચવાનું ગમે છે. He loves reading as much as you love play.

૧૦ Faça favor vem para comer doçe (ફાસ્સ ફાવ્વોર્ વૅં પર કુમેર્ દોસ્સિ) મહેરબાની કરી મીઠાઇ ખાવા ચાલો. Please come to eat sweetmeat.

૧૧ Obrigado, ja comemos; e não costumamos comer *entre* o jantar e o chá ((ઓબ્રિગાડુ જઝા કુમૅમુશ્ ઇ નાંઉ કોસ્તુમામુશ્ કુમેર્ એન્ત્રિ ઉ જઝાન્તાર્ ઇ ઉ શા

ઉપકાર થયો. અમો હમણાંજ જમ્યા અને અમને જમવાની અને ચાની વચ્ચે ખાવાની ટેવ નથી. Thanks; we have dined already; and are not in the habit of eating between dinner and tea.

૧૨ *Nunca* o tinha visto *tanto* bom (નુંક ઉ ટીંન્ય વીસ્તુ ટાન્તુ બોં) આટલું સારૂં મેં કદી પહેલાં જોયું નહોતું Never had I seen befóre so much good.

ઉપરના વાક્યોમાં જ્યાં જ્યાં અવ્યય આવેલા છે ત્યાં ત્યાં ચિન્હ તરીકે ઇટેલિક્સ ભાષામાં શબ્દો મુક્યા છે જેથી સમજણ પડી હશે.

૯૨ કેવળપ્રયોગી અવ્યય Interjectivos.

જે શબ્દોથી અચંબો, દીલગીરી, ખુશાલી, ગુસ્સો, સંશય કે સહાનુભૂતિ બતાવાય છે તે આ વર્ગના શબ્દોની ગણત્રીમાં આવે છે. જે બાબત નીચેના દાખલાથી સમજી શકાશે.

Que !	(કિ)	શું !	What !
Na verdade !	(ન વૅર્દાદિ)	ખરેખર !	Indeed !
Deveras !	(દૅવ્વૅરશ્)	સાચેસાચું !	True !

Aquillo e′ impossivel (અકિલ્લુ ઍ ઇમ્પોસ્સીવૅલ્) તે અશક્ય છે That is impossible.

Admiro isto ! આદ્ મીરૂ ઇસ્તુ) મને તે તાજુબ કરે છે ! That surprises me.

Nunca se ouviu isso ! (નુંક સિ ઓવીઉ ઇસ્સુ) એવું કદી સાંભળ્યું નથી ! That is unheard of !

Que pena ! (કી પૅન) કેટલી દયા ! What a pity !

Cale-se (કાલિ-સિ) ચુપ રહે Hold your tongue.

Aquillo pode ser (અકિલ્લુ પૉદિ સૅર્) તે બની શકે તેવું છે. That is likely.

વિશેષ દાખલા વાક્યોની અંદર આવતા જશે તેમ તેમ ધ્યાન પડશે.

ઉપર મુજબ વ્યાકરણની બીના વિગતવાર આપેલ હોવાથી ભાષામાં આગળ વધવા માટે ઘણીજ મદદરૂપ થઇ પડે એવી સંપૂર્ણ રીતે ખાત્રી છે. ઉપરના સર્વે નિયમો વધારે દ્રઢતર થવા માટે જે અમૂક સંખ્યાના વાક્યો આમાં હોય તો સારૂં એમ જણાયાથી હવે પછી જુદી જુદી જાતના મોટી સંખ્યાના વાક્ય આપશું જેવડે વાંચતાં અને બોલતાં તથા નવાં વાક્ય બનાવતાં આવડે.

જે વાક્યો આપ્યાં છે તે હમેશાં ઉપયોગમાં આવતા અને આગળ વર્ણવેલ વિષયને અને કલમોને અનુસરતાંજ આપ્યાં છે.

૯૨ વ્યાકરણ પદ્ધતિસર આપી ગયા હોવાથી વાક્ય રચના વિષે થોડુંક જણાવવું જરૂરતું છે. વાક્ય બનાવવામાં પહેલાં કર્ત્તા, પછી ક્રિયાપદ પછી કર્મ અથવા વિશેષણ અને છેવટે અવ્યય આવે છે. આ સામાન્ય નિયમ છે પરંતું આજ્ઞાર્થ વિગેરેમાં અથવા જ્યાં અપવાદ તરીકે બીજી તરેહથી વાક્ય બનાવેલા હશે ત્યાં વિષય વર્ણવતાં તે તે સ્થળે જણાવેલ છે.

પહેલા જે વાક્ય પોરતુગીઝતું ગુજરાતી આપેલ છે તેમાં અવળી રીતે ગુજરાતિનું પોરતુગીઝ શીખવું હશે તોપણ શીખી શકાશે.

૯૩ ઉપયોગી વાક્યો.

આ વાક્યોની અંદરના ઘણાખરા શબ્દો વિશેષણ, ક્રિયાપદ અને અવ્યયના લીસ્ટમાં આવી ગયા છે તે ફરીથી આપ્યા નથી પરંતુ જે નવા બીજા હશે તે અનુક્રમણિકામાં આપ્યાં છે.

૧ Acórde-nos cedo (આકૉર્દિ-નુશ્ સેદુ) અમને વહેલા ઉઠાડજો Waken us early.

૨ Ande devagár (આન્દિ દ્દેવ્વાગાર્) હળવે ચાલો Walk slowly.

૩ Apérte a cilha (આપૅર્તિ અ સીલ્ય) ઘોડાનો તંગ મજબુત કરો. Tighten the girth.

૪ Acho que tem razão (આશુ કે તૅં રરાઝાંઉ) હું ધારૂ છું કે તમે ખરા છો I think you are right

૫ Adeus ate' logo (આદેઉશ્ આતૅ લૅાગુ) સાહેબજી સલામ (થોડા વખતને માટે) Good bye (for a short time)

૬ Adeus até a vista (આદેઉશ્ આતૅ અ વીસ્ત) સલામ છે (ફરીથી મળીએ ત્યાં સુધીની) good bye

૭ Aqui está o seu dinheiro (અકી ઇસ્તા ઉ સેઉ દિન્‌-યેરૂ) આ રહ્યા તારા પૈસા Here is your money

૮ Ate' a'manhã (આતૅ આમન્યાં) (સલામ) આવતી કાલ સુધી (good bye) until tomorrow

૯ A que horas partiu o comboio? (અ કી ઑારશ્ પાર્તિઉ ઉ કૉમ્બૉાયુ ?) કયે વખતે ગાડી ઉપડી ? At what time did the train start ?

૧૦ A que horas tiveram elles o telegramma ? (અકી ઑારશ્ તીવ્વૅરંઉ એલ્લિશ્ ઉ તૅલૅગ્રામ ?) કયે વખતે તેઓને તાર હતો (મળ્યો હતો) At what time did they have the telegram ?

૧૧ Aonde teem estado os seus primos ? (અઑન્દિ તઁ ઇસ્તાદુ ઉસ્ સેઉશ્ પ્રીમુશ્) તમારા ભત્રીજાઓ ક્યાં રહ્યા છે ? Where have your cousins been ?

૧૨ A bagagem dos nossos amigos esta' ainda na estação (અ બગાજિઁ દુશ્ નૉસ્સુશ્ આમીગુશ્ ઇસ્તા આઇન્દ ન ઇશ્તાસાંઉ) અમારા મિત્રાનો સમાન (લગેજ) હજુ ઇસ્ટેશનમાંજ પડેલ છે. Our friends' luggage is still in the station.

૧૩ Antes de hontem foi Terçafeira (આન્તિશ દ ઑાન્તૈં

ફ્રાઇ તૅર્સા ફેઇર) ગઇ પરમ દિવસે મંગળવાર હતો The day before yesterday was Tuesday.

૧૪ Amanhã as 10 horas certo traga-nos cafe, cha e pão com manteiga (આમન્યા આશ્ દેશ્ ઑરશ્ સૅર્તુ ત્રાગ નુશ્ કાફૅ, શા ઇ પાંઉ કૉં માંતેઇગ) આવતી કાલે સવારે બરાબર દસ વાગે અમારા માટે કાફી, ચા, પુરી અને ઘી લાવજે. To morrow at 10 o'clock sharp, bring us coffee, tea and bread with butter.

૧૫ A virtude só que faz feliz a um homem (અ વિર્તુદિ સૉ કે ફાઝ્ ફેલીઝ્ આ ઉં ઑમિં) સદ્ગુણ (અથવા સદાચાર)જ માણસને સુખી બનાવે છે. Only virtue makes a man happy.

૧૬ Beba-o devagar (બેબ ઉ દેવ્વાગાર્) ધીમે ધીમે પીઓ. Drink it slowly.

૧૭ Châme-me ás seis horas (શામિ મી આશ્ સેઇશ્ ઑરશ્) મને છ વાગ્યે બોલાવજે Call me at six o'clock.

૧૮ Creio que sim (ક્રેઇયુ કે સિં) હું એમ માનું છું I believe so.

૧૯ Custa-me a crêl-o (કુસ્ત મિ અ ક્રેલુ) હું ભાગ્યેજ માનું છું I hardly believe it.

૨૦ Como a leva elle ? (કૉમુ અ લૅવ્વ એલ્લિ)? તે કેમ લઇ જાય છે ? How does he carry it ?

૨૧ Conhecemol-o muito bem (કૉન્યૅસૅમુલુ મુઇંતુ બૅં) અમે તેને ઘણી સારી રીતે ઓળખીએ છીએ. We know him very well. આમાં conhecemos નો mol કલમ ૧લી (પા૰ ૧૦૯) મુજબ થયું છે.

૨૨ Começal-o hei em breve અથવા Eu o começarei em breve (કૉમૅસાલુ એઇ ઍં બ્રૅવિ અથવા એઉ ઉ કૉમૅસારેઇ...)

હું તે ટુંક વખતમાં શરૂ કરીશ. I shall begin it shortly.

૨૩ Comprehende o que elle deseja? (કૉમ્પ્રૅહૅન્દિ ઉ કે એલ્લિ દૅઝેજઝ)? તેને શું જોઇએ છીએ તે તું જાણે છે? Do you understand what he wants?

૨૪ Com bons desejos e saudades (કોં બૉંશ્ દેઝેજુશ્ ઇ સાઉદાદિશ્) ઉત્તમ ઇચ્છા અને ઉદ્દેશોથી. With best wishes and regards.

૨૫ Chegarei no mez proximo (શેગારેઇ નુ મેઝ્ પ્રૉસિમુ) આવતા માસમાં હું આવીશ. I shall arrive in the next month.

૨૬ Diga ao criádo que venha (દીગ આઉ ક્રિયાદુ કે વૅઞ્ય) નોકરને આવવાનું કહેજો. Tell the servant to come.

૨૭ Diga-lhe que estou doênte (દીગલ્ય કે ઇસ્તો દુએન્તિ) તેને કહો કે હું બીમાર છું. Tell him that I am ill.

૨૮ Diga-lhe que eu quero fallar com elle (દીગ-લ્ય કે એઉ કૅરૂ ફાલાર્ કોં એલ્લિ) તેને કહો કે મારે તેની સાથે વાતચીત કરવી છે. Tell him that I want to speak to him.

૨૯ Diga-lho que venha amanhã (દીગ-લ્ય કે વેઞ્ય આમાન્યાં) તેને આવતી કાલે આવવાનું કહો. Tell him come to-morrow.

૩૦ Diga-lhe que se vá embora (દીગલ્ય કે સિ વ્વા ઍમ્બોર) તેને ચાલ્યા જવાનું કહો. Tell him to go away.

૩૧ De véras (દ વ્વૅરશ્) ખરખર Indeed.

૩૨ Depois de amanhã é quinta-feira (દેપોઇશ્ દ આમાન્યાં ઍ કિન્ત ફેઇર) આવતી પરમ દિસે ગુરૂવાર થશે. The day after to-morrow is Thursday.

૩૩ Devo partir (દેવ્વુ પાર્તીર્) મારે રવાના થવુંજ જોઇએ I must start.

૩૪ Estéja quieto (ઇસ્તેજઝ કીયેતુ) ચુપ રહે Be quiet.

૩૫ Espera aqui por mim (ઇસ્પૅર અકી પોર મીં) મારે માટે અહીં રાહ જુઓ Wait for me here.

૩૬ Esta zombando (ઇસ્તા ઝૉમ્બાન્દુ) તમે મશ્કરી કરો છો. You are joking.

૩૭ E' uma brincadeira (ઍં ઉમ બ્રિંકાદેઇર) એ તો મશ્કરી છે. It is a joke.

૩૮ E' voz geral (ઍ વૉઝ્ જયૅરાલ્) તે તો સાધારણ ખબર છે. It is a general report.

૩૦ E' possivel (ઍ પોસ્સિવૅલ્) તે બની શકે તેવું છે. It is possible.

૪૦ Estou bem contente (ઇસ્તૌ બઁ કૉન્તૅન્તિ) હું ઘણો ખુશી છું (થયો છું) I am very much pleased.

૪૧ Elle não tem escripto a carta esta semana (એલિ નાંઉ તઁ ઇસ્ક્રીતુ અ કાર્ત એસ્ત સૅમાના) આ અઠવાડીઆમાં તેણે કાગળ લખ્યો નથી. He has not written a .letter this week.

૪૨ Eu respondo a ellas esta tarde pelo correio das seis horas (એઉ રીસ્પોન્દુ આ એલ્લશ્ એસ્ત તાર્દી પેલુ કુરરેયુ દશ્ સેઇશ્ ઑરશ્) હું તેઓને આજ સાંજના છ વાગ્યાની ટપાલમાં જવાબ લખું છું (લખીશ). I reply to them this evening by the six o'clock post.

૪૩ Em que vapor viajaram os seus amigos ? (ઍં કે વાપોર્ વીઆઝારંઉ ઉસ્ સેઉસ્ આમીગુશ્ ? કઇ ઇસ્ટીમરમાં તમારા

દોસ્તો સફરે (મુસાફરીએ) નીકળ્યા ? By which steamer did your friends voyage ?

૪૪ Empreste-lhe o seu chapeu de chuva (ઍમ્પ્રૅસ્તિ લ્યુ ઉ સેઉ શપેઉ દ શુવ્ર) તમારી છત્રી તેને (હાથ ઉછીની) આપજો. Lend him your umbrella.

૪૫ Ella queimou-se (ઍલ્લ કૈમો-સિ) તેણી પોતાની મેળે બળી મુઈ. She burnt herself.

૪૬ Elle não se apressou (એલ્લિ નાંઉ સિ આપ્રેસ્સો) તેણે પો ઉતાવળ કરી નહીં. He did not hurry himself.

૪૭ Estive muito doente; mas agora estou bom (ઇસ્તિવ્વી મુઇતુ દુઍન્તિ; મઝ્ અગૉર ઇસ્તો બૉં) હું ઘણો માંદો હતો; પણ હમણાં સારૂં છે. I was very ill, but now I am well.

૪૮ Em que trem as senhoras chegarão ? (ઍં કે ત્રૅં અસ્ સિંયૉરસ્ શૅગારાંઉ) ? કઇ ગાડીમાં બૈરાંઓ આવશે ? By what train will the ladies arrive ?

૪૯ Esteve aqui hontem á noite (ઇશ્તેવ્વિ આકી ઑંન્તૅં આ નોઇતિ) ગઇ રાત્રે તે અહીં હતો He was here last night.

૫૦ Encontrei alli a sua irmã e o marido d'ella (ઍં કૉન્ત્રેઈ અલી અ સુઅ ઇર્માં ઇ ઉ મરીદુ દૅલ્લ) તમારા બેન અને બનેવીને હું ત્યાં મળ્યો I met your sister and her husband there.

૫૧ E' aquella senhora a sua irmã ? ઍ અકૅલ્લ સિંયૉર અ સુઅ ઇર્માં) ? શું તે સ્ત્રી તમારી બેન છે ? Is that lady your sister ?

૫૨ Em que caixa está o recibo ? (અઁ કે કાઇશ ઇસ્તા ઉ રેસિબુ)? કયા પેટીમાં તે રસીદ છે ? In which case is tho receipt ?

૫૩ Está o Sr. livre hoje ? (ઇસ્તા ઉ સિંયૉર્ લીવ્રિ ઑાજિય) ? તમને આજે ફુરસદ છે ? Are you free to-day ?

૫૪ Está a sua mãe fatigada ! (ઇસ્તા અ સુઅ માંઇ ફાતિગાદ) ? શું તમારી મા થાકી ગઇ છે ? Is your mother tired ?

૫૫ Elle leva pelo comboi (એલ્લિ લૅવ્વ પેલુ કૉમ્બૉયુ) તે રેલ રસ્તે લઇ જાય છે. He carries by train

૫૬ Elle não foi capaz de escrever esta carta em boa Inglez. (એલ્લિ નાંઉ ફોઇ કાપાઝ્ દ ઇશ્ક્રેવેર્ એસ્ત કાર્તે અઁ બોઅ ઇંગ્લેઝ્) સારી અંગ્રેજી ભાષામાં આ કાગળ લખવાને તે શક્તિવાન નહોતો. He was not able to write this letter in good English.

૫૭ Estarei aqui ámanhã de manhã (ઇસ્તારેઇ અકી આમાન્યાં દ માન્યાં) આવતી કાલે સવારે હું અહીં હઇશ I shall be here to-morrow morning.

૫૮ Elle os escutará (અથવા escutal-os-ha પણ થાય) (એલિ ઉશ્ ઇશ્કુતારા અથવા ઇશ્કુતાલુઝા) તે તેઓનું સાંભળશે He will listen to them.

૫૯ Eu lhes fallarei esta noite (એઉ લ્યેશ્ ફાલારેઇ ઍસ્ત નોઇતિ) આજ રાત્રે હું તેઓને કહીશ. I shall speak to them to-night એનું fallar-lhes-ei અથવા hei પણ બોલાય.

૬૦ Elles o acharão debaixo da mesa (એલ્લિશ્ ઉ આશારાંઉ દ્બાઇશુ દ મેઝ) તેઓને તે વસ્તુ ટેબલની નીચે મળશે.
They will find it under the table.

૬૧ Tel-o-á tomado (તેલુ આ તૉમાદુ) તેણે તે લીધું હશેજ. He will have taken it. એથી સાદું વાક્ય બોલવું હોય તો Elle o terá tomado પણ થાય (એલિ ઉ તૅરા તૉમાદુ)

૬૨ Escrever-nos-á o Sr? (ઇશ્ક્રૅવેર્ નુઝા ઉ સિંયૉર્) તમે અમને (કાગળ) લખશો કે? Will you write to us?

૬૩ Eu nunca fumo (એઉ નુંક ફુમુ) હું કદી બીડી પીતોનથી. Never I smoke.

૬૪ Estou envergonhado de ter demorado por tanto tempo (ઇશ્તો ઍવૅર્ગૉંયાદુ દ્ તેર્ દૅમૉરાદુ પુર્ તાન્તુ તૅમ્પુ) આટલો (લાંબો) વખત રોકાયાથી શરમાઇ જઉં છું. I am ashamed of having detained so long.

૬૫ Escrevo-lhe uma linha para dizer-lhe (ઇશ્ક્રૅવુ લ્યે ઊમ લીંય પર દીઝેર્ લ્યે) તમને જણાવવાને માટે હું એક લીટી લખું છું. I write you one line to tell you.

૬૬ Esta é a rua principal que atravessa toda a cidade (ઍસ્ત ઍ અ રૂઅ પ્રીંસિપાલ્ કે આત્રાવ્વૅસ્સ તોદ અ સિદાદિ) આ શેરી મુખ્ય છે જે આખા ગામ સોંસરી જાય છે. This is the chief street, which runs through the whole town.

૬૭ Está aqui a cafeteira; dê-me o bule e a leiteira (ઍસ્તા અકી અ કાફૅતેઇર; દે–મી ઉ બુલિ ઇ અ લેઇતેઇર) કાફીની કીટલી આ રહી; મને ચાનું બુલ અને દુધનો લોટો આપો. Here is the coffee-pot; give me the tea-pot and milk jug.

૬૮ Eu sei que nem sempre é feliz quem é muito rico (એઉ સેઇ કે નૅં સૅંપ્રિ ઍ ફેલીઝ કૅં ઍ મુઇતુ રીકુ) હું જાણું છું કે જે ઘણા પૈસાદાર હોય છે તે કદી સુખી હોતા નથી I know that those who are very rich are not always happy

૬૯ Esse homem tem muita capacidade porem não tem intrucção (એસિસ ઑમિં તૅં મુઇત કાપાસિદાદિ પુરૅં નાંઉ તૅં ઇંત્રુસાંઉ) તે માણસમાં હુશીઆરી ઘણી છે પણ કેળવણી નથી. That man has much cleverness but he has no learning.

૭૦ Foi barato este chapeu ? (ફોઇ બારાતુ એસ્તિ શપેઉ ?) શું આ ટોપી સોંઘી હતી ? Was this cap cheap ?

૭૧ Ha alguns telegrammas para o Sr. Ratanji આ આલ્ગુંશ્ તૅલૅગ્રામશ્ પર ઉ સિંયૉર્ રતનજી) રતનજીના (ને માટે) કેટલાક તાર ત્યાં રહ્યા There are some telegrams for Mr. Ratanji.

૭૨ Isso quer dizer que (ઇસ્સુ કૅર્ ડીઝેર્ કે) એનો અર્થ એમ થાય છે કે—That means that.

૭૩ Isso ja é outra cousa (ઇસ્સુ જઆ ઍ ઓત્ર કોઝ) તે તદ્દન એક જુદી વાત છે That is quite another thing.

૭૪ Isto é muito possivel (ઇસ્તુ ઍ મુઇંતુ પોસ્સિવૅલ્) એ બની શકે તેવું છે It is possible.

૭૫ Isto não pode ser (ઇસ્તુ નાંઉ પોદિ સેરૂ) આ બની શકશે નહીં That can't be

૭૬ Isto não é facil (ઇસ્તુ નાંઉ ઍ ફાસિલ્) આ સહેલું નથી This is not easy.

૭૭ Isso é muito difficil (ઇસ્સુ ઍ મુઇંતુ દીફીસિલ) તે ઘણું અઘરૂં છે. That is very difficult.

૭૮ Julgo que sim (જાુલ્ગુ કે સિં) હું એમ ધારૂં છું I think so.

૭૯ De quem é esta casa? (દ કેં ઍ ઍસ્ત કાઝ?) આ ઘર કેનું છે? Whose is this house?

૮૦ Leve-o para cima (લૅવિ ઉ પર સિમ) માથે લઇ જા Take it upstairs.

૮૧ Leve o cavallo para a cavalhariça (લૅવિ ઉ કવ્વાલુ પર અ કાવ્વાલ્યારિસ) ઘોડાને તબેલા તરફ લઇજો Take the horse to the stable.

૮૨ Mande-lhe o recibo pela volta do correio (માંદિ-લ્ય ઉ રેસિબુ પેલ વૉલ્ત દુ કુરેયુ) વળતી ટપાલે તેને રસીદ મોકલી આપજો. Send him the receipt by return of post.

૮૩ Mostre-nos o que o Sr. tem escripto (મૉસ્ત્રિ નુશ્ ઉ કે ઉ સિંયૉર્ તૅં ઇસ્ક્રીતુ) તમે જે લખ્યું છે તે અમને બતાવો
Show us what you have written.

૮૪ Minha* mãe sempre me dizia que mais vale calar que mal falar (મીંય માંઇ સૅંપ્રિ મી દીઝીય કે માઇશ્ વાલિ કાલાર્ કે માલ્ ફાલાર્) મારી મા હમેશાં મને એમ કહેતી કે ખરાબ બોલવા કરતાં ન બોલવું સારૂં છે. My mother always used to tell me that it is better to say nothing than to speak ill.

૮૫ Morreu-nos a estremosa mãe; que em paz descance (q. e, p. d) મુરરેઉ નુશ્ અ ઇસ્ત્રિમોઝ માંઇ કે અઁ પાઝ દીસ્કાંસિ) અમારી વહાલી મા મરી ગઇ, ઇશ્વર તેના આત્માને શાંતિ આપો!
Our dear mother died, God rest her soul.

૮૬ No mez de Septembro ella tomou uma constipação muito grave (નું મેઝ્ દ સૅતૅમ્બ્રુ ઍલ તોમો ઊમ કૅાસ્તી પાસાંઉ મુઇતુ ગ્રાવિ) તેણીને સપ્ટેંબર માસમાં સખત શરદી લાગી હતી.
In the month of September she caught a serious cold

૮૭ Não quero vir (નાંઉ કૅરુ વીર્) હું આવતો નથી, (આવીશ નહી)
I will not come

---

* નોટ—Meu, minha, seu, sua, teu, tua, vosso, vossa, nosso, nossa, seus, suas વિગેરે સર્વનામો જે નામને માટે ભાષામાં તેની જાતિ અને વચન લે છે એટલે બોલનાર ગમે તે જાતિ હોય પણ જેને વિષે બોલાતું હોય તેની જ જાતિ વચન આવે છે.

૮૮ Não devo vir(નાંઉ દેવ્હુ વીર્) મારે આવવું નહીં જોઇએ.
I must not come.

૮૯ Nada tem havido ainda (નાદ તઁ આવ્વીદુ આંઇન્દ) હજી સુધી કાંઇ પણ થયું નથી There has nothing been yet.

૯૦ Ah ! não haverá ! (આ ! નાંઉ આવેરા) શું ! હશે નહીં !
oh ! will there not be !

૯૧ Ninguem estava lá em cima (નીંગઁ ઇસ્તાવ લા ઍંસિમ
ઉપર કોઇ નહોતું Nobody was upstairs.

૯૨ Ninguem foi capaz de fazel-o (નીંગઁ ફોઇ કપાઝ્ દ ફાઝેલુ)
તે કરવાને કોઇ શક્તિવાન નહોતો Nobody was able to do it.

૯૩ Ninguem está fumando n'este quarto (નીંગઁ ઇસ્તા ફુમાંદુ નેસ્તિ કવાર્તુ) આ ઓરડામાં કોઇ બીડી પીતું નથી. Nobody is
smoking in this room.

૯૪ Não tive tempo bastante (નાંઉ તીવ્વિ તૅમ્પુ બાસ્તાન્તિ
(મને) પુરતો વખત નહોતો I had not time enough.

૯૫ Na verdade ! (ન વૅર્દાદિ) ખરેખર ! Really !

૯૬ Não seria melhor que ? (નાંઉ સેરીય મીલ્યૉર્ કે) જો તે વધારે સારૂં ન હોય તો Would it not be better that ?

૯૭ Não ha logar alli para os Srs. (નાંઉ આ લુગાર્ આલી પર ઉશ્ સિંયૉરિશ) તમો (બને) માટે ત્યાં જગ્યા નથી There is
no room (place) for you.

૯૮ Não faça bulha (નાંઉ ફાસ બુલ્ય) અવાજ કરો નહી, Don't make noise.

૯૯ Não ha tempo a perder (નાંઉ આ તૅમ્પુ અ પેર્દેર) વખત (જરાપણુ) ખોવાનો નથી There is no time to lose.

૧૦૦ Não ha endereço sobre o envelope (નાંઉ આ ઍંદેરેસુ સોબ્રિ ઉ ઍંવૅલૉપિ) કવર ઉપર શીરનામું નથી. There is no address on the cover.

૧૦૧ Não comprehendemos a sua carta (નાંઉ કૌંપ્રૅયૅંદેમુશ અ સુઅ કાર્તે) અમે તમારો કાગળ સમજ્યા નહીં We did not understand your letter.

૧૦૨ Ninguem o achou (નીંગેં ઉ આશૌ) કોઇને તે જડ્યું નહીં Nobody found it.

૧૦૩ Não poderia escrever mais (નાંઉ પોદિરીય ઇશ્ક્રૅવેર માઇશ) હું વધારે લખી શક્યો લથી I could not write more.

૧૦૪ Não ha verdadeira superioridade sem estudos 'aturados (નાંઉ આ વૅર્દાદેઇર સુપૅરીયૉરીદાદિ સ ઇશ્તુદુશ આતુરાદુશ) સખ્ત અભ્યાસવિના ખરેખરી શ્રેષ્ઠતા મળતી નથી There is no real superiority without hard study.

૧૦૫ O dinheiro faz feliz a quem o tem ? (ઉ દિન્યેરૂ ફાઝ્ ફેલિઝ્ અકૅં ઉ તૅં)? જે માણુસની પાસે પૈસા હોય તે સુખી હોયછે ખરો ? Does money make happy a man who has it ? (આ વાક્યની રચના જુદાજ પ્રકારની લીધી છે અક્ષરે અક્ષર તરજુમો કરેલ નથી..

૧૦૬ O primeiro dia do anno novo foi para nós um dia de alegria (ઉ પ્રિમૈર દીય ૬ આનુ નોવ્વુ ફોઇ પર નૉશ ઉં દીય દ આલેગ્રીય) નવા વરસનો પહેલો દિવસ અમારે માટે આનંદનો દહાડો હતો. The first day of the new year was a day of pleasure for us.

૧૦૭ O Sr. dove acceital-o (ઉ સિંયૉર્ દૅવ્વિ આસેઇતાલુ-ઉ) તમારે તે સ્વીકારવુંજ જોઈએ You must accept it.

૧૦૮ O Sr. começal-o-a' (ઉ સિંયૉર્ કૉમૅસાલુ-આ) તમે તે શરૂ કરશો. You will begin it.

૧૦૯ O Sr. encontral-o-ha no outro escriptorio (ઉ સિંયૉર્ ઍંકૉન્ત્રાલુ આ નુ ઔતુ ઇશ્ક્રીતૉરીયુ) તમોને તે બીજી હાફીસમાં મળશે You will find it in the other office.

૧૧૦ O dinheiro e o recibo estão na caixa (ઉ દિન્યૅર ઇ ઉ રેસિબુ ઇશ્તાંઉ ન કાઇશ) પૈસા અને રસીદ પેટીમાં છે. The money and the receipt are in the box.

૧૧૧ O seu pacote esta no sacco em seu quarto (ઉ સૅઉ પાકૉતિ ઇશ્તા નુ સાકુ ઍં સેઉ ક્વાર્તુ) તમારૂં પાર્સલ તમારા ઓરડામાં (મુકેલા) કોથળામાં છે Your parcel is in the bag in your room.

૧૧૨ O carteiro está á nossa porta (ઉ કાર્તૅઇરુ ઇશ્તા આ નૉસ્સ પૉર્ત) ટપાલવાળો આપણા દરવાજામાં છે. The postman is at our door.

૧૧૩ O que teem elles lido hoje? (ઉ કે તૅં એલિશ્ લીદુ ઑજ્યિ)? તેઓએ આજે શું વાંચ્યું? What have they read to-day.?

૧૧૪ O gerente não o recebeu (ઉ જ્યૅરૅન્ટિ નાંઉ ઉ રેસેબેઉ) મેનેજરે તે સ્વિકાર્યું નહીં The manager did not receive it

૧૧૫ Os maiores resultados são produzidos por pequenos, mas continuos exforças (ઉશ્ માઇયૉરિશ્ રેઝુલ્તાદુશ્ સાંઉં પ્રોદુઝીદુશ્ પોર્ પીકૅનુશ્ મશ્ કૉન્ટીનુઉશ્ ઇશ્ફૉર્સુશ) નાના પણ નીરંતર પ્રયત્નોથી મોટા પરીણામો લાવવામાં આવ્યા છે. Great results have been brought about by small but continuous efforts.

૧૧૬ Posso enganar-me (પૉસ્સુ ઍંગાનાર્ મિ) કદાચ હું ખોટો હોઉં I may be wrong.

૧૧૭ Por força (પુર્ ફોર્સ) બેશક perforce

૧૧૮ Por onde se váe? * (પોર્ ઑન્દિ સિ વાઇ?) કયે રસ્તે મારે જવાનું છે? Which way am I to go?

૧૧૯ Porquê não veiu a tempo? (પોરકે નાંઉ વેઇયુ આ તૅમ્પુ) તમે શા માટે વખતસર ન આવ્યા? Why did you not come in time?

---

* Por ના ઉચ્ચાર પોર્ અને પુર્ એ બેની વચ્ચેનો થાય છે વિગત "ઉચ્ચાર સંબંધી સુચના"માં જુઓ.

૧૨૦ **Porque não estais promptos ?** (પોરકે નાંઉ ઇસ્તાઇશ્ પ્રૉન્તુશ્) શા માટે તમે તૈયાર નથી ? **Why are you not ready ?**

૧૨૧ **Porque não lhe emprestou algum dinheiro ?** (પોરકે નાંઉ લ્યે ઍમ્પ્રૅસ્તો આલ્ગું દિન્યેરૂ ?) તમોએ શા માટે તેને થોડાક પૈસા ઉછીના ન આપ્યા ? **Why did you not lend him some money ?**

૧૨૨ **Porque mandaram elles este telegramma ?** પોરકે માંદારઉ એલિશ્ એશ્તિ તૅલૅગ્રામ) શા માટે તેઓએ આ તાર મુક્યો? **Why did they send this telegram. ?**

૧૨૩ **Procuramol-a agora** (પ્રોકુરામુલ અગૉાર) અમે હમણાં તેણીને શોધીએ છીએ **We are looking for her now.**

૧૨૪ **Porque é muito cedo ainda** (પુરકે ઍ મુઇતુ સેદુ આઇન્દ)? કારણકે હજુ ઘણું વહેલું છે **Because it is very early still.**

અહીં **Porque** ના બંને અર્થ જણાવ્યા છે જ્યારે ઉચ્ચાર " પુર કે" થાય ત્યારે અર્થ કારણકે થાય છે અને " પોરકે " થાય છે ત્યારે શા માટે એમ પ્રશ્ન સૂચક અર્થ છે.

૧૨૫ **Não é cedo; é muito tarde** (નાંઉ ઍ સેદુ, ઍ મુઇતુ તાર્દિ) વહેલું નથી; ઘણું મોડું છે. **It is not early; it is very late.**

૧૨૬ **Partimos hoje para Bombaim** (પાર્તિમુશ્ ઓજ્યિ પર બૉમ્બાયીં) અમે આજે મુંબઇ તરફ રવાના થઇએ છીએ **We start to-day for Bombay.**

૨૨૭ **Parte o Sr. tambem ?** (પાર્તિ ઉ સિંયૉર્ તાંઉંઍ ?) શું તમે પણ રવાના થાઓ છો ! **Do you start also !**

૧૨૮ Partimos (પાર્તિમુશ) અમે રવાના થયા. We started.
Partiremos (પાર્તિરેમુશ) અમે રવાના થઇશું We shall start.
Partam (પાર્તંઉ) રવાના થાઓ Start.
Tem partido (તૅં પાર્તિદુ) તે રવાના થયો છે He has started.
O comboio parte (ઉ કૅામ્બૅાયુ પાર્તિ) ગાડી રવાના થાય છે. The train starts.
Quando parte ? (કવાન્દુ પાર્તિ) તમે ક્યારે રવાના થાઓ છો ? When do you start ?

૧૨૯ Posso fazel-o sem a sua ajuda ? (પૅાસ્સુ ફાઝેલુ સૅં અ સુઅ આજુદ ?) તમારી મદદ વિના હું તે કરી શકું ખરો કે ? Can I do it without your help ?

૧૩૦ Pede-se aos senhores passageiros que se afastem dos passadiços (પૅદિ સિ આઉશ્ સિયૅારિશ્ પાસાજયેઇરૂશ્ કે સિ આફાસ્તૅં દુશ્ પાસ્સાદીસુશ્) તુંતક ઉપર જવાના રસ્તા ઉપરથી દૂર રહેવાને ઉતારૂઓને અરજ કરવામાં આવે છે Passengers are requested to keep clear of the gangways.

૧૩૧ Que quer dizer (કે કૅર્ દીઝેર્ ?) તું શું કહે છે ? What do you mean ?

૧૩૨ Que horas são ? (કી ઑારસ્ સાંઉ ?) કેટલા વાગ્યા છે ? What o'clock is it ?

૧૩૩ Qual é o mais curto caminho ? (ક્વાલ્ એ ઉ માઇશ્ કુર્તુ કામીન્યુ ?) વધારે ટુંકો કયો રસ્તો છે ? Which is the shortest way ?

૧૩૪ Que igreja aquella ? (કી ઇગ્રેજ ઍ અકૅલ્લ ?) તે કયું દેવલ છે ? What church is that ?

૧૩૫ A quem procura ? (અકૅં પ્રોકુર ?) કોને શોધો છો? Whom are you looking for ?

૧૩૬ Que hotel é aquella ? (કી ઑતૅલ્ અૅ અકૅલ્લ ?) તે કઇ હોટેલ છે ? What hotel is that ?

૧૩૭ Quanto trabalho ha a fazer ? (કવાન્તુ ત્રાબાલ્યુ આ અ ફાઝેર્ ?) ત્યાં કેટલું કામ છે ? How much work is there to do ?

૧૩૮ Quando respondeu elle ? (કવાન્ડુ રેસ્પૅાદેઉ ઍલ્લિ ?) તેણે ક્યારે જવાબ આપ્યો ? When did he reply ?

૧૩૯ Quanto lhe emprestaram ? (કવાન્તુ લ્ય ઍમ્પ્રેસ્તારંઉ ?) તેઓએ તેને કેટલું (નાણું) ધીર્યું ? How much did they lend him ?

૧૪૦ Quem lhe mostrou o erro ? (કૅં લ્ય મૉસ્ત્રૌ ઉ એરરૂ ?) તમને ભૂલ કોણે બતાવી ? Who showed you the mistake ?

૧૪૧ Quanto pagou o Sr. ? (કવાન્તુ પાગૌ ઉ સિંયૉરૂ ?) તમે કેટલા પૈસા આપ્યા ? How much did you pay ?

૧૪૨ Quando partirá o vapor ? (કવાન્ડુ પાર્તિરા ઉ વાપોરૂ?) સ્ટીમર ક્યારે ઉપડશે ? When will the steamer start ?

૧૪૩ Quando estará o Sr. prompto ? (કવાન્ડુ ઇસ્તારા ઉ સિંયૉરૂ પ્રૉમ્તુ ? તમે ક્યારે તૈયાર થશો ? When will you be ready ?

૧૪૪ Quanto dinheiro terão elles ? (ક્વાન્તુ દિન્હેરૂ તૅરાંઉ એલિસ ?) તેઓની પાસે કેટલો પૈસો હશે ? How much money will they have ?

૧૪૫ Quem tomou estes bilhetes ? (કૅં તોમૌ એસ્તિશ્ બિલ્યેતિશ્ ?) આ ટીકીટો કોણે લીધી ? Who took these tickets ?

૧૪૬ Quem tem estado trabalhando ? (કૅં તૅં ઇસ્તાદુ ત્રાબાલ્યાંદુ ?) કોણ કામ કરતો રહ્યો છે ? અર્થાત્ કોણ કામ કર્યા કરે છે ?) Who has been working ? આસ્યાકાળનું રૂપ છે તે ધ્યાનમાં રાખવું

૧૪૭ Qual é o preço (ક્વાલ્ ઍ ઉ પ્રેસ્સુ) ? શું કિંમત છે ? What is the price ?

૧૪૮ Qual d'estas duas chaves e' a sua ? (ક્વાલ્ દૅસ્તશ્ દુઅશ્ શાવ્ઝિશ્ ઍ અ સુઅ ?) આ બે ચાવીઓમાંથી તમારી કઇ છે? Which of these two keys is yours ?

૧૪૯ Que dia e' amanhã ? (કે દીય ઍ આમન્યાં) આવતી કાલે કયો દિવસ છે ? What day is to-morrow ?

૧૫૦ O que houve a fazer ? (ઉ કે ઓવ્ઝિ અ ફાઝેર ?) ત્યાં શું કરવાનું હતું ? What was there to do ?

૧૫૧ Queira ter a bondade de—(કેઇર તેર્ અ બૉંદાદિ દ—) તમે ......ની મહેરબાની કરશો ? Will you have the goodness of (or to)... (અહીં જે જણાવવું હોય તેનું વર્તમાન કૃદંત મુકવું.

૧૫૨ Respondeu-lhe o Sr? (રેસ્પૉન્દેઉ-લ્યુ ઉ સિંયૉર્ ?) તમે તેને જવાબ આપ્યો? Did you reply to him?

૧૫૩ Rapaz, não espere mais porque não tem tempo a perder (રપાઝ નાંઉ [illegible] નાંઉ [illegible]) છોકરા, વધારે વાર ઉભો રહે નહીં, કારણકે તારે (જરાપણ) વખત ખોવાનો નથી Boy, don't wait any longer because you have no time to lose.

૧૫૪ Socegue, lhe digo (સુસૅગિ લ્ય દીગુ) અસ્યા (અર્થાત્ હું તેને કહું છું કે) શાંત થા Be still, I say.

૧૫૫ Sem duvida (સૈં દુવિદ) બેશક Doubtless.

૧૫૬ Sabe Vmce. o que elles teem feito? (સાબિ વૉસ્સ મસૈં ઉ કે એલિઝ્ તૈં ફેઇતુ?) તેઓએ શું કર્યું છે તે તમે જાણો છો? Do you know what they have done?

૧૫૭ Sendo este o motivo não o enviei mais cedo (સૅન્દુ એશ્તિ ઉ મોતીવ્હુ નાંઉ ઉ ઐંવિએઈ માઇશ સેદુ) એ કારણ હોવાથીજ મેં તે તુરતજ મોકલ્યું નહીં That being the reason I did not send it sooner. (Sendo એ Ser નું રૂપ છે.)

૧૫૮ Sinto que o meu trabalho não é de seu gosto, porem fiz o que pude (સિન્તુ કે ઉ મેઉ ત્રાબાલ્યુ નાંઉ ઍ દ સેઉ ગોસ્તુ પુરૈં ફીઝ ઉ કે પુદિ) હું ઘણો દીલગીર છું કે મારૂં કામ તમને પસંદ પડતું નથી પણ મેં મારૂં બનતું કર્યું. I am sorry that my work displeases you but I did my best.

૧૫૯ Tome a minha mão (તૉમિ અ મિન્ય માંઉ) મારો હાથ પકડ
Take my hand.

૧૬૦ Toma chá ou café? (તૉમ શા ઓઉ કાફૅ) ? ચા અથવા
કાફી લેશો ? Will you take tea or coffee?

૧૬૧ Tomam os Srs. chá? (તોમ'ઉ ઉસ્ સિઑરિશ્ શા) તમો
(બંને) ચા લેશો ? Do you take tea?

૧૬૨ Tenho duas casas n'aquella cidade (તૅન્યુ દુઅશ્ કાઝશ્
નકૅલ્લ સિદાદિ) તે ગામમાં (મારે) બે ઘરો છે. I have two
houses in that town.

૧૬૩ Tem o Sr. respondido as suas cartas (તૅ ઉ સિંયૉર્
રેશ્પૉન્દિદુ અશ્ સુઅશ્ કાર્તશ્ ?) તેના કાગળોના જવાબ તમે લખ્યાછે?
Have you replied to his letters.?

૧૬૪ Uso sempre luvas (ઉઝુ સૅંપ્રિ લુવ્વશ્) હું હમેશાં (હાથમાં)
મોજાં પહેરૂં છું. I always wear gloves.

૧૬૫ Vae-se embora (વ્વાઇ સિ અઁબૉર) ચાલ્યો જા Go away.

૧૬૬ Volte ja (વૉલ્તિ જઝા) જલદી પાછો આવ Come back soon.

૧૬૭ Vista-me depressa (વિશ્ત મી દ પ્રૅસ્સ) મને જલદી કપડાં
પહેરાવ Dress me quickly.

૧૬૮ Não posso vir (નાંઉ પૉસ્સુ વીર્) હું આવી શકીશ નહીં
I cannot come.

૧૬૯ O que vae fazer o Sr.? (ઉ કે વાઇ ફાઝેર્ ઉ સિંયોર્) તમે શું કરવાના છો? What are you going to do?

૧૭૦ Vou compral-o (વ્હોઉ કોમ્પ્રાલુ) હું તે ખરીદવાનો છું I am going to buy it

૧૭૧ Vou a Damão (વ્હોઉ આ દામાંઉ) હું દમણ (થોડા વખત માટે) જવાનો છું I am going to Daman

૧૭૨ Vou para Damão (વ્હોઉ પર દામાંઉ) હું દમણ (કામને માટે) જઉં છું. I am going to Daman.

૧૭૩ Vão elles ao theatro esta noite? (વ્હાંઉ એલિશ્ આઉ તૅઆત્રુ ઍસ્ત નૉઇતિ) શું તેઓ આજ રાત્રે નાટકશાળામાં જાય છે? Are they going to the theatre to-night?

૧૭૪ Venha cá sem a menor perda de tempo (વ્હૅન્ય કા સૅં અ મૅનૉર્ પેર્દ દ તૅમ્પુ) જરા પણ વખત ખોયા વગર અહીં આવ. Come here without the least loss of time.

૧૭૫ Lourenço Marques é hoje, pelo seu magnifico porto, uma das principaes cidades da Africa (લૉરેન્શુ માર્કીશ ઍ ઓજિ પેલુ સેઉ મૅગ્નીફીકુ પોર્તુ ઉમ દશ્ પ્રિંસિપાઇશ્ સિદાદિશ્ દ આફ્રિક) તેના મહાન બંદરને લીધે લોરેન્સો માર્કસ આજે આફ્રીકાના મુખ્ય શહેરોમાંનું એક છે. Lourenzo Marques is to-day, by its magnificent port, one of the principal towns of Africa.

હેજ મુલાકાતિ પોરતુગીઝ ભાષામાં વાક્યો.

૧ શું તમો તેને નોતરું નહિ આપશો ! Não o quer convidar ! અથવા Não quer convidal-o ! (નાંઉ કૅર કૉંવીદાલુ ?) Will you not invite him ?

૨ તમો મોડેથી આવી શકશો ! Pode o Sr. vir mais tarde ! (પૉદિ ઉ સિંયૉર્ વીર્ માઇશ્ તાર્દિ ?) Can you come later ?

૩ હમણાં તે ક્યાં રહે છે ? Aonde mora elle agora ! (આ ઑાન્દિ મૉર એલ્લિ અગૉર) Where does he live now ?

૪ તે સ્ત્રી ગાવાને રાજી છે ! Quer ella cantal-o ! (કૅર્ ઍલ્લ કાંતાલુ ?) Is she willing to sing it ?

૫ મુંબાઈમાં તમારો કોઈ આડતીઓ છે ? Tem V.mcê agente em Bombaim (તૈં વૉસ્સમસેં આજેન્તિ ઍં બૉંબાયીં) Have you an agent in Bombay ?

૬ આશરે તમારો અંદાજ મને આપો Dê-me a sua avalia çãо (દે-મી અ સુઅ આવાલીઆસાંઉ) Give me your estimate.

૭ મારી પાસે ભલામણનો કાગળ છે. Tenho uma carta de recommendação (તૅન્યુ ઉમ કાર્તે દ રૅકૉમૅંદાસાંઉ) I have a letter of introduction.

૮ તમારો સામાન જકાતવાળો છે. (અર્થાત્ તમારા સામાનની જકાત બેસશે) A sua bagagem é sujeita a direitos (અ સુઅ બગાજિં ઍ સુજેત અ દીરેતુશ) Your luggage is liable to duty.

૯ માંડવી (દાણુખાતાં—જગાતખાતાં)ની ચીઠ્ઠી કરીને તે માલ લેવાનો મારો વિચાર છે Desejo despachal-as na alfandega (દેઝેજ્ઞુ દેસ્પાશાલ્અશ્ (લશ્) ન આલ્ફાંદિગ) I want to get them through the custom-house.

૧૦ તમે ત્રણ માસની મુદ્દતે બીલ શીકારશો ? Quer o Sr. acceitar uma letra a tres mezes ? (કેર્ ઉ સિંયૉર્ આસેઇતાર્ ઉમ લેત્ર અ ત્રેઝ મેઝિશ્) Will you accept a bill at three months ?

૧૧ હું તે ક્લેમ (વાંધા) તરીકે મોકલી આપીશ Vou apresentar uma reclamação (વ્વો આપ્રેઝૅન્તાર્ ઉંમ રેક્લામાસાંઉ) I shall send in a claim.

૧૨ મારો આંકડો મોકલો Mande-me a sua conta (માંદિ મિ અ સુઅ કૉન્ત) Send in my account.

૧૩ હું આવતી કાલે રવાના થાઉં છું Partirei amanhã (પાર્તિરેઇ આમાન્યાં) I am starting to-morrow.

૧૪ તમારું સરવાયું મને બતાવો Mostre-me o seu balancete (મૉસ્ત્રિ મી સેઉ બાલાંસેતિ) Show me your balance-sheet.

૧૫ તમારા હીસાબમાં ભુલ છે Ha engano na sua conta (આ ઍંગાનુ ન સુઅ કૉન્ત) There is an error in your account.

૧૬ મારા નમુના આવતા ઢીલ થઈ છે As minhas amostras demoram-se (અશ્ મિન્યશ્ અમૉસ્ત્રશ્ દૅમૉરંઉ-સિ) My samples are delayed.

૧૭ મને ક્યારે આપશો ? Quando tel-o-hei ? (ક્વાન્દુ તેલુ-એઇ) When can I have it ?

૧૮ તમારૂં ઘડીઆલ બરાબર છે ? Seu relogio anda bem ? (સેઉ રરૅલૉઝિયુ આન્દ બેં !) Is your watch right ?

૧૯ મારૂં ઘડીઆળ ઘણું ઉતાવળું છે. (Meu relogio adiante-se) (મેઉ રરૅલૉઝિયુ આદિયાન્તિ-સિ) My watch goes too fast.

૨૦ મારૂં ઘડીઆળ ઘણું ધીમું છે. Meu relogio atraza-se (મેઉ રરૅલૉજિયુ આતાઝ-સિ) My watch goes too slow.

૨૧ હમેશાં તે એક કલાક આગળ ચાલે છે Todos os dias adianta-se d'um quarto d'hora (તોદુઝ્ ઉશ્ દિયશ્ આદિયાન્ત-સિ દું ક્વાર્તુ દ્ઑાર) It gains (or goes fast) a quarter of an hour every day.

૨૨ દરેક દિવસે અર્ધો કલાક પાછળ રહેછે Atraza-se de meia hora cada dia (આત્રાઝ સિ દ્ મેઇઅ ઑાર કાદ દિય) It loses (goes slow) half an hour everyday.

૨૩ ચાવી આપતાં ભુલી ગયો Esquece-me de dar corda (ઇસ્કૅસિ મી દ્ દાર્ કૉર્દ) I forgot to wind it up.

૨૪ કેવી સુંદર છબી છે ? Que bella photographia ? (કી બૅલ્લ ફૉતૉગ્રાફીય) What a beautiful photograph ?

૨૫ તમારી ઘંટડી વગાડો Toque a sua campainha (તૉકિ અ સુઅ કાંપાઇંય) Ring your bell.

૨૬ આજે એક વરસ થાય છે Faz hoje um anno (ફાઝ્ ઑાજિય ઉં આનુ) It is a year to-day.

૨૭ મને પણ જાણુવાની મરજી છે Tambem quero saber (તાંબૅં કૅરૂ સાબેરૂ) I also wish to know.

૨૮ તમોને ફરીથી તસ્દી આપવા માટે હું દીલગીર છું. Sinto bastante incommodar se outra vez (સિન્તુ બાસ્તાંતિ ઇંકૉ-

મોદાર્ સિ ઓાગ વેઝ્ ?) I am sorry enough to trouble you again.

૨૯ તમારી મીત્રતાઇ ઉપર હું ભરોસો રાખુંછું. Conto com a sua amizade (કોન્તુ કોં અ સુઅ આમિઝાદિ) I rely on your friendship.

૩૦ હું ઘણો દીલગીર છું કે હું કરી શકીશ નહીં. Sinto bastante não poder (સિન્તુ બાસ્તાંતિ નાંઉ પુદેર્) I regret much that I cannot.

૩૧ હું ધારૂં છું કે તે સહીસલામત પાછો આવ્યો છે. Espero que terá chegado salvamente (ઇસ્પેરૂ કે તેરા શેગાદુ સાલ્વમેન્તિ) I hope, (that) he has safely returned.

૩૨ મારી બતીઓમાં નવી વાટની જરૂર છે. Minha lanterna precisa d'uma torcida nova (મીગ્ય લાંતેર્ને પ્રેસિઝ દુમ તોર્સિદ નોવ્ય) My lamp requires a new wick.

૩૩ રસ્તા સારા છે કે ખરાબ? Estão as estradas boas ou ma's? ખરાબ? (ઇસ્તાંઉ અઝ્ ઇસ્ત્રાદઝ્ બોઅશ્ ઓાઉ માશ્ ?) Are the roads good or bad?

૩૪ તમારી શરતો શું છે ? Quaes são as suas condições ? (ક્વાઇસ્ સાંઉ અસ્ સુઅશ્ કોંદિસોંઇશ્) ? What are your terms ?

૩૫ આ કપડાં અર્થાત્ પોશાક ફાડી નાંખેલ છે. O Sr. rasgou este vestido (ઉ સિંયોર્ રાઝ્ગો એસ્તિ વેસ્તીદુ) You have torn this dress.

૩૬ આ રૂમાલ મારો નથી. Este lenço não é meu (એસ્તિ લેંસુ નાંઉ એં મેઉ) This handkerchief is not mine.

૩૭ મારૂં પરમાણું (માપ) લીઓ Tome a minha medida (તૉમિ અ મીગ્ન્ય મેદિદ) Take my measure.

૩૮ જોહન્સબર્ગની ગાડી ક્યારે ઉપડે છે તેનો વખત કહો. Diga-mo a que hora parte o trem para o Johennsbergo (દીગ મી અ કી ઑાર પાર્તિ ઉ ત્રેં પર ઉ જયોહૅનીઝ્બૅર્ગુ) Tell me the time the train for Johennesburg is going to start.

૩૯ ગાડી રવાના થયા અગાઉ પાંચ મીનીટ પહેલાં ટીકેટ્ઑાફીસ બંધ થાય છે. A distribuição dos bilhetes cessa cinco minutos antes da hora de partida (અ દીસ્ત્રીબુઇસાંઉ દુશ્ બિલ્યેતિશ્ સૅસ્સ સીંકુ મીનુતુશ્ આન્તિશ્ દ ઑાર દ પાર્તિદ) The ticket-office closes five minutes before the departure of the train.

૪૦ વળતો પત્ર લખજો. Escreve carta na volta do carreio (ઇશ્ક્રૅવિ કાર્તે ન વૉલ્ત દુ કુરરેયુ) Write a letter by return of post.

૪૧ ઇસ્ટેશનનું નામ શું છે ? Como se chama a estação (કૉમુ સિ શામ અ ઇશ્તાસાંઉ) ? What is the station called ?

૪૨ હું ધારૂં છું કે આપણે બધું જોયું છે. Creio que vimos tudo (ક્રેયુ કે વ્હીમુશ્ તૂદુ) I think, we have seen all.

૪૩ આ સાથે દશ રૂપીઆની નોટ મોકલું છું Aqui junto lhe envio a nota de dez rupias (આકી જઉન્તુ લ્ય ઍન્વીયુ અ નૉત દ દૅઝ્ રૂપીઅશ્) Herewith I send you a ten rupee-note.

૪૪ તમારૂં દેવું હમેશાં ભરતા રહો; કારણ કે (કાંકરે કાંકરે પાળ બંધાય તેમ) થોડું થોડું કરતાં વધી જાય. Pague sempre as di-

vidas, pois "conta de perto, amigo de longe" (પાગિ સૅપ્રિ અશ્ દીવ્વિદશ્ પોઇશ્ " કૅાન્ત દ પૅર્તુ આમીગુ દ લૅાન્જિ ") **Always pay your debts, for " short reckonings make long friends."**

૪૫ દુ:ખ વિના સુખ નહીં **Não ha atalho sem trabalho** (નાંઉ આ આતાલ્યુ સૈં ત્રાબાલ્યુ) **No joy without annoy.**

૪૬ મારો ઓરડો બગીચા ઉપરજ છે. **Meu quarto esta sobre um jardim** (મેઉ કવાર્તુ ઇસ્તા સોબ્રિ ઉં જર્ઝાદીં) **My room is on a garden.**

૪૭ અલ્યા પોરીઆ, મારે માટે સ્વચ્છ પાણી, સાબુ અને ટુવાલ લાવ. **Moço, traga-me agua fresca, sabão e toalhas** (મોસુ, ત્રાગ મી આગ્વ ફ્રેશ્ક, સાબાંઉ ઇ તુવ્આલ્યશ્. **Boy, bring me some clear water, soap and towels.**

૪૮ મહેરબાની કરીને તમારા જોડા બારણું આગળ ઉતારો **Queiram deixar as botas na porta** (કેઇરંઉં દેઇશાર્ અશ્ બૅાતશ્ ન પૅાર્ત) **Please leave your boots at the door.**

૪૯ બત્તી અને દીવાસળી મારા ઓશીકા તરફના ટેબલ ઉપર મુકો **Ponha uma lamparina e phosphoros na mesa de cabeceira** (પૅાન્ય ઉમ લાંપારીન ઇ ફૅાસ્ફરશ્ ન મેઝ દ્ કાબેસેઇર) **Put a lamp and matches on my bed-head table.**

૫૦ દીવાનખાનામાં બીડી પીવાની રજા નથી **E' prohibido fumar nas salas d' espera** (એં પ્રોહિબીદુ ફુમારર્ નશ્ સાલસ્ દિસ્પૅર) **Smoking is not allowed in the waiting rooms.**

૫૧ ચાલો આપણે જઇએ અને સરસામાન શોધીએ **Vamos procurar as nossas malas** (વ્વામુશ્ પ્રોકુરાર્ અશ્ નૅાસ્સશ્ માલસ્) **Let**

us go and look after our luggage.

૫૨ સાહેબજી, મારે થોડુંક કાપડ, સાકર અને મીઠું ખરીદવું છે' Bons dias senhor, eu quero comprar algodão tecido, assucar e sal (બૉંશ્ દીયશ્ સિંયોર્, એઉ કૅર કૉંપ્રાર આલ્ગુદાંઉ તેસીદુ, આસુકર્ ઇ સાલ્) Good day, Sir. want to buy some cloth, suger and salt.

૫૩ બહુ સારું, કેવી જાતનું કાપડ તમોને જોઇએ છીએ ? Muito bem; que especie de tecido prefere o Sr. ? (મુઇતુ બૅં, કિ ઇશ્પૅસિ'દ તૅસીદુ પ્રૅફૅરિ ઉ સિંયૅાર્ ? Very good, what kind of cloth would you like ?

૫૪ અને કેટલી ગાંસડી જોઇએ છીએ Equantos fardos V.mce. quer! (ઇ કવાન્તુશ્ ફાર્દુશ્ વૉસ્સ મસેં કૅર !) And how many bales do you want !

૫૫ મારી દુકાને પહોંચતાં શું ભાવે પડે તે ઉપર આધાર રખાય. Isso depende do preço a que me vêem (verj ૨૫ છે) a ficar em loja (ઇસ્સુ દૅપૅન્દિ દ પ્રૅસ્સુ અ કે મી વ્વૅં અ ફિકાર્ ઍં લૉજઝ) That depends on the price, ;you will do it me at, delivered my shop.

૫૬ વારૂ, જો તમે ૨૫૦ ડજનની પાંચ ગાંસડી લેશો તો હું તમને ૨/૬ લેખે ડજન તમારી દુકાને પહોંચતા આપીશ. Ora, se o Sr. quizer tomar cinco fardos da 250 duzias (cada fardo) faço-lhe o preço de 2/6 a duzia entregue em sua loja (ઑાર, સિ ઉ સિંયૉર્ કિઝેર્ તૉમાર્ સિંકુ ફાર્દુશ્ દ ૨૫૦ દુઝિઆસ્ કાસુસ્ય ઉ પ્રેસ્સુ દ ૨/૬ અ દુઝિય ઍંત્રૅગિ ઍં સુઅ લૉજઝ) Well, If you will take five bales of

250 dozens, I will do you the price of 2/6 per dozen delivered to your shop.

૫૭ ઠીક ત્યારે મારો આરડર નોંધી લીઓ Então, toma nota da minha encommenda (ઍંતાંઉ, તૉમ નૉત દ મીન્ય ઍંકૉમેન્દ) Well then, take down my order.

૫૮ એ સિવાય બીજું કંઇ જોઇએ છીએ ? Alem d'isso quer mais alguma cousa ? (આલેઁ દીસ્સુ કૅર્ માઇશ્ આલ્ગુમ કોઝ ?) Besides this do you want anything else ?

૫૯ એક માણુસ ઘરમાં સોનું અને પોન્ડ ચોરતો હતો તેને પોલીસે પકડયો. Uma policia achou um homem na casa a roubar as libras e ouro (ઉમ પોલિસિય આશૌ ઉં ઑમિં ન કાઝ અ રોબાર્ અશ્ લિબ્રશ્ ઈ ઑંઆરૂ) One policeman found a man in the house stealing pounds and gold.

૬૦ તેને અહીં બોલાવ, મારે તેની સાથે વાત કરવી છે C hama-o para cá; quero falar com elle (શામ ઉ પર કા; કેંરૂ ફાલાર્ કૉં એલ્લિ) Call him here; I want to speak to him.

૬૧ શેઠ સાહેબ, તે તો જતો રહયો છે. Ja se foi, patrão, (જઝા સિ ફોઇ પત્રાંઉ) He is gone; master.

૬૨ જ્યારે પુરૂં કરી રહો ત્યારે આવજો Quando tiver acabado, venha (કવાંદુ તિવ્વૅર્ આકાબાદુ વૅન્ય.) When you will have finished, come.

૬૩ ગમે તે જાતનું (સારૂં) હોયં તોપણુ મારે જોઇતું નથી. Não o acceito, qualquer que seja a qualidade (નાંઉ ઉ આ-સૈતુ; કવાલકૅર્ કે સેજઝ અ કવાલીદાદિ) I will not have

it, whatever be **its** quality. (અહીં સંશયાર્થનો ઉપયોગ કીધો છે.

૬૪ જે માણુસ પોર્તુગેઝ જાણુતો હોય એવો મને બતાવો. Mostre-me um homem que saiba Portuguez (મૉસ્ત્રિ મી ઉં ઑમિં કે સાઇબ પોર્તુગેઝ ! Show me a **man** who **kn**ows Portugueze.

૬૫ અરે છોકરા; આ બાલદી અહીં નહીં મુકવી જોઇએ. O rapaz, o balde não deve estar aqui (ઑ રપાઝ્ ઉ બાલ્દિ નાંઉ દૅવ્રિ ઇસ્તાર્ આકી.) I say boy, the bucket must not be here.

૬૬ માફ કરજો સાહેબ હું ભુલી ગયો, તે તમારા સુવાના ઓરડામાં ટેબલ ઉપર મુકવી જોઇએ Desculpa-me senhor; esqueci-me; isto devia estar na mesa no seu quarto de dormir (દિસ્કુલ્પ મિ સિંયૉર્; ઇસ્કિસી મી; ઇસ્તુ દૅવ્હીય ઇસ્તાર્ ન મેઝ નુ સેઉ ક્વાર્તુ દ દુર્મિર્ Excuse me Sir. forgot I; it should be on the table in your bed room.

૬૭ દરેક માણુસ તેનું સારૂંજ બોલે છે Todos fallam bem d'ello (તોડુશ્ ફાલંઉ બૅં દૅલ્લિ.) Everybody speaks well of him

૬૮ હું ચોક્કસ (અચુક) તમારે ત્યાં આવીશ. Irei a casa de V. mce. sem falta (ઇરેઇ અ કાઝ દ્ વૉસ્સમર્સે સૅં ફાલ્ત) I will come to your house without fail.

૬૯ હવે સુવાનો વખત થઇ ગયો છે. Ja são horas de se deitar (જઝા સાંઉ ઑારશ્ દ્ સિ દેઇતાર્) It is bed-time now.

૭૦ એઘર રસ્તા ઉપર ઘણું બહાર નીકળે છે. **Esta casa está soliente demais sobre a rua** (ઍસ્ત કાઝ ઇસ્તા સાલિયૅન્તિ દમાઇશ્ સૉબ્રિ અ રૂઅ) **That house projects too much in the street.**

૭૧. હું મારો વખત વાંચવામાં અને લખવામાંજ ગાળું છું Passo o tempo em ler e escrever (પાસ્સુ ઉ તૅમ્પુ ઍં લૅર્ ઇ ઇસ્ક્રેવેર) I spend my time in reading and writing.

૭૨ એક વરસમાં મહિના કેટલા ? Quantos mezes tem um anno? (ક્વાન્તુશ્ મેઝીશ્ તૅં ઉં આનુ ?) How many months are there in a year ?

૭૩ આજે મહિનાનો કયો દિવસ છે ? A quantos estamos hoje do mez ? (અ ક્વાન્તુશ્ ઇસ્તામુશ્ ઓજિય દુ મેઝ !) What is the day of the month to-day ?

૭૪ ૧૯૧૭ની ફેબ્રુઆરી ની ૨ જી તારીખ છે Hojo é 2 de Fevereiro de 1917 (mil nove centos e deze sete) (ઓજિય ઍ દોઇશ્ દ ફૅવૅરેઇર દ મીલ નૉવ્નિ સૅન્તુશ્ ઇ દીઝે સૅતિ) It is the 2nd of February 1917.

૭૫ તમે આજે સાંજે જાઓ છો; ખરૂં કે નહીં ? O senhor vae partir hoje; não é assim ? (ઉ સિઞ્યૉર્ વાઇ પાર્તિર્ ઓજિય; નાંઉ ઍં આસીં !) You are going away this evening; is it not ?

૭૬ આ માણસને કહો કે બીડી પીએ નહીં Diga a esta gente que não fume (દીગ આ ઍસ્ત જ્યૅન્તિ કે નાંઉ ફુમિ) Tell this man not to smoke.

૭૭ સ્ટીમર આવી હોય તો મને જણાવવા મેં તમને કહ્યું નહોતું ? (અર્થાત્ કહ્યું હતું એવા અર્થમાં વાક્ય સંશયાર્થમાં વપરાય છે) Disse-lhe que me dissesse quando entrasse o vapor (દીસિલ્યે કે મી દિસેસિ ક્વાંદુ ઍંત્રાસિ ઉ વાપોર્) I told you to tell me when the steamer would arrive.

૭૮ નીચે ઓરડામાં બહુ વાત કરશો નહીં Menos conversa la'

em quarto baixo (મૅનુશ્ર્ કૉવૅર્સ લા અ કવાર્તુ બાશુ) Talk less in (below) underneath room.

૭૯ મારે આજ માપનાં બે ટેબલ અને બે નવી ખુરશીઓ જોઇએ છીએ Quero duas mesas tamânhas, e duas novas cadeiras (કૅરૂ દુઅશ્ મેઝશ્ તામાન્યશ્ ઇ દુઅશ નૉવ્વશ્ કાદૈરશ્) I want two tables of this size and two new chairs.

૮૦ તમને મળવા આવવાને હું યાદ કરતો હતો Desejava ir visital-o અથવા para visitar o Sr. દેઝેજઝાવ ઇર્ વીઝીતાલુ) I was thinking (અથવા I had some thoughts of going) to see you.

૮૧ યાદ રાખો, સૂર્યસ્ત થયા પછી તમારે બહાર જવું નહીં Lembra,- não devo estar fora depois do sol posto (લૅંબ્ર, નાંઉ દૅવ્વિ ઇશ્તાર્ ફૉર દૅપોઇઝ્ દુ સૉલ્ પોસ્તુ) Remember, you must not be out after sunset.

૮૨ હું જે તમને કહું તે તમારે કરવુંજ જોઇએ. .E' preciso que faça o que eu lhe digo (ઍ પ્રેસિઝુ કે ફાસ ઉ કે એઉ લ્ય દીગુ) You must do what I tell you.

૮૩ શા માટે તમે મને જવાબ આપતા નથી ? Porque me não responde ? (પુરકે મી નાંઉ રૅશ્પૉન્દિ ?) Why don't you answer me. ?

૮૪ તમે મને ગુસ્સે કરો છો. V.mce. faz-me zangar (વૉસ્સમર્સે ફાઝ્-મિ ઝાંગાર્) You make me angry.

૮૫ પાંચ વાગ્યે મોટી મોટર લાવજે. સમજ્યો ? Traga o motor grande ás cinco horas; comprehende ? (ત્રાગ ઉ મોતૉર્ ગ્રાન્દિ આસ્ સિંકુ ઑરશ્; કૉંપ્રૅયૅન્દિ) ? Bring a big motor-car at five.; Understand ?

૮૬ સાહેબ, તેની પાછલી સ્પ્રીંગ (કમાન) ભાંગી ગઇ છે, આ બાર હૉર્સ-પાવરની મોટર છે. **Senhor, quebrou-se molla trazeira; este motor e' da força de doze cavallos** (સિંયૉર્ કૅબ્રૌ સિ મૉલ્લ ત્રાઝેઇર; એસ્તિ મૉતૉર્ ઍ દ ફૉર્સ દ દોઝિ કવ્વાલુશ) **Sir, its back-spring is broken; this is a twelve horse-power motor.**

૮૭ બાપા,મારે એક કપડાંની છત્રી જોઇએ છીએ; રેશમી નથી જોઇતી. **Pae, quero um chapeo do chuva de algodão; não quero de seda** (પાઇ, કેરૂ ઉં શપેઉ દ શુવ્વ દ આલ્ગુદાંઉ, નાંઉ કેરૂ દ સેદ) **Father I want a cotton umbrella; don't want of silk.**

૮૮ જમવાનું ટેમસર બરાબર અગીઆર વાગ્યે તૈયાર થાય એમ તારી માને કહે **Diga a sua mãe que quero o jantar ás onze em ponto** (દિગ્ અ સુઅ માંઇ કે કેરૂ ઉ જઝાન્તાર્ આશ્ ઑંઝિ અઁ પૉન્તુ) **Tell your mother that I want the dinner ready exactly at eleven o'clock.**

૮૯ આવતી કાલે મારે ત્યાં મિત્રો અને સગાં વહાલા જમવામાં હશે. **Tenho amanhã amigos e parentes a jantar** (તૅઞ્યુ આમાન્યાં આમીગુશ્ પારેન્તીશ્ અ જઝાંતાર્) **To-morrow I shall have friends and relatives at dinner.**

૯૦ મહેરબાની કરી મારૂં આ ધોતીઉં સુકવી નાંખજો **Faça favor de aquentar meu pano** (ફાસ્સ ફાવોર્ દ આકવેંતાર્ મેઉ પાનુ) **Please air my *dhotee*.**

૯૧ જો તેઓ તૈયાર ન હોય તો હું તેઓના વિના રવાના થઇશ **Se não estiverem promptos partirei sem elles** (સિ નાંઉ ઇશ્તિવૅરિં પ્રૌંતુશ્ પાર્તિરેઇ સેં એલિશ્) **If they are not ready I will start without them.**

૯૨ મારી ખાનગી બાબતમાં હું તમારો વધારે વાર વિશ્વાસ કરીશ નહીં Não confiarei mais os meus segredos a V.mce. (નાંઉ કૌંફીઆરેઇ માઇશ્ ઉશ્ મેઉશ્ સેગ્રેદુશ્ અ વૉસ્મમસેં) I shall not confide in you any longer my secrets.

૯૩ જ્યારે મારો ભાઇ પરણ્યો ત્યારે વીસ વરસનો હતો Meu irmão era de vinte annos de idade quando casou (મેઉ ઇર્માઉં એર દ્ વીન્તિ આનુશ્ દ ઇદાદિ ક્વાન્ડુ કાઝો) When my brother married he was twenty years old.

૯૪ શેઠ અને શેઠાણીને મારા સલામ (પ્રણામ) કહેજો Diga os meus comprimentos para o meu senhor e a minha senhora (દીગ ઉશ્ મેઉશ્ કુંપ્રીમેંતુસ્ પર ઉ મેઉ સિંયોર્ ઇ અ મીન્યા સિંયોર) Present my (kind) regards to my master and mistress.

૯૫ તમારે મને તમારો મિત્ર ગણવો જોઇએ. Creia que sou seu amigo (ક્રેઇય કે સોઉ સેઉ આમીગુ)
You must believe me your friend.

૯૬ તમે મને ભૂલી ગયા છો. O Sr. esqueceu-se de mim (ઉ સિંયૉર્ ઇશ્કેસેઉ-સિ દ્ મિં) You have forgotton me.

૯૭ તા. ૧૫ જુનનો લખેલો તમારો માન યુક્ત પત્ર મળ્યો તેનો જવાબ આ માણસ તમને કહેશે Recebi a sua estimada carta de 15 (quinze) do mez do junho, o portador dará a resposta (રેસેબિ અ સુઅ એશ્તિમાદ કાર્ત દ્ કીંઝિ દુ મેઝ્ દુ જઝુંગ્યુ, ઉ પૉર્તદોર દારા અ રેશ્પૉશ્ત) Received your esteemed letter of 15th June; the bearer will give a reply.

૯૮ તમારી પ્રેમયુક્ત યાદગીરી માટે હું તમારો ઘણોજ આભારી છું. **Estou em grande divida para com V.mcê pela sua benigna lembrança** (ઇસ્તો એં ગ્રાંદિ દીવ્વિદ પર કૅાં વૅારસમસેં, પેલ સુઅ બેનીન લેંબ્રાંસ) I am much indebted to you for your kind remembrance.

૯૯ આપની સાથે જમવા માટે મને ઘણો આનંદ થાય છે. (અર્થાત્ હું ઘણો ખુશી છું.) **Eu tenho muito gosto de jantar com V.Excia** (એઉ તૅગ્યુ મુઇતુ ગોસ્તુ દ્ જઝાંતાર્ કૅાં વૅારસ ઍસ્સૅલૅન્સિય) I am very much pleased to dine with your Excellency.

૯૫ કાયદાના ઊપયોગી શબ્દો Legal terms.

Termos Legaes e juridicos (તેર્મુશ્ લૅગાઇશ્ ઇ જ્‌ઝુરીદિકુશ્)

અદાલત	Tribunal de justiça	(ત્રિબુનાલ્ જુસ્તીસ)	Court of justice
અરજી	Requerimento	(રેકેરિમૅન્તુ)	Petition
અન્યાય	Injustiça	(ઇંજ્‌ઝુસ્તીસ)	Injustice
અપીલ (ફૈંસલાની)	Apelação	(આપૅલાસ્સાંઉ)	Appeal
ઇન્સાફ	Justiça	(જુસ્તીસ)	Justice
ઉચાપત	Peculação	(પેકુલાસાંઉ)	Embezzle
*એકઝીક્યુટર	Testaméntеiro	(તૅસ્તામેંતેઇરૂ)	Executor
કરાર	Convenio	(કૉંવેનીઉ)	Agreement
કાયદા પ્રમાણે	Legalmente	(લૅગાલ્‌મૅન્તિ)	Legally
કાયદાસર (કરેલું)	Valido	(વાલિદુ)	Valid
કાયદાની સત્તા વિનાનું	Nulidade	(નુલિદાદિ)	Unvalid
કાચી જપ્તિ	Arresto	(આરરૅસ્તુ)	Arrest
કીંમત આંકનાર	Avaliador	(આવાલિયાદોરૂ)	Appraiser
કેસ	Processo, Causa	(પ્રૉસૅસ્સુ,કાઉઝ)	Case
કેદખાનું	Cadeia	(કાદૈય)	Jail
ખોટો દસ્તાવેજ	Falsificação	(ફાલ્સિફીકાસાંઉ)	Forgery
ગેરકાયદેસર	Illegal	(ઇલ્લૅગાલ્)	Unlawful

*મરનારે પોતાનું વસીઆતનામું અમલમાં મુકવા સારૂ નીમેલો માણુસ

ગીરો ખત	Escriptura de ipotéca	(ઇસ્ક્રીપ્તુર દ ઇપૉતૅક)	Mortgage-deed
ગીરો રાખનાર	Ipotécario	(ઇપૉતૅકાર્યું)	Mortgagee
ચુકાદો આપવો	Passar sentença	(પાસ્સાર્ સૅંતૅંસ)	To give judgement
છુટકારો	Soltura	(સોલ્તુર)	Release
જપ્તી	Penhora	(પિંયૉર)	Hold
જે. પી.	Juiz de paz	(જઝુઇઝ્ દ્ પાઝ્)	Justice of the peace
જંગમમીલ્કત	Bens moveis	(બઁસ્ મૉવ્વેઇશ્)	Movable estates
જામીન	Fiadór	(ફિયાદોર્)	Bail
જામીનગીરી	Fiança	(ફિયાંસ)	Bailing
જામીન આપનાર	Caucionante	(કાઉસિયૉનાન્ત)	One of who bails
જુબાની	Depoimento	(દેપોઇમૅન્તુ)	Deposition
તહોમદ મુકવું	Prender	(પ્રેન્દેર્)	To arrest
તહોમદ	Accusação	(આક્કુઝાસાંઉ)	Charge
તલાકનામું	Escriptura de divcrcio	(ઇસ્ક્રિતૂર દ દિવૉર્સ્યું)	Divorcement
દાવો(ફરિઆદી)	Demanda	(દૅમાન્દ)	Law suit
દાવો કરવો	Demandar	(દૅ માન્દાર્)	To sue
દાવો કરનાર	Pretendente	(પ્રૅતૅંદૅન્ત)	Claimant
દીવાની અદાલત	Tribunal de justiça civil	(ત્રિબુનાલ્ દ જુસ્તીસ સિવ્હિલ્)	Civil-Court
દીવાળીઓ	Fallido	(ફાલિદ)	Failed
દાવો ચોંપવોતે	Perseguição	(પેર્સેગીસાંઉ)	Prosecution
દંડ	Multa	(મુલ્ત)	Fine

નકલ	Copia	(કૉપિઅ)	Copy
નજર કેદ	Preso avista	(પ્રેઝુ આવિસ્ત)	Under surveillance
નાદાર	Insolvente	(ઇંસૉલ્વેન્ત)	Insolvant
ન્યાય (શુદ્ધ)	Direito	(દિરેતુ)	Equity
ન્યાયાધિસ	Juiz	(જઝુઇઝ)	Judge
પ્રતિજ્ઞા	Allegação	(આલેગાસાંઉ)	Allegation
પ્રતિવાદી	Requerido, Réo	(રેકેરીદુ, રેઉ)	Defendant
પુરાવો	Provas	(પ્રૉવશ્)	Evidence
પંચ	Jury	(જઝુરી)	Jury
પતાવટ	Composição	(કૉંપોઝીસાંઉ)	Composition
ફી (કોર્ટની)	Emolumento	(એમૉલુમેન્તુ)	Fee
ફારગતી	Escriptura de quitação	(ઇશ્ક્રીતૂર દ કિતાસાંઉ)	Writ of acquittance
ફડચો	Liquidação	(લીકીદાસાંઉ)	Liquidation
ફેંસલો	Decisão	(દિસિઝાંઉ)	Decision
ફોજદારી અદાલત	Justiça criminal	(જ્યુસ્તિસ ક્રિમિનાલ્)	Criminal court
લશ્કરી અદાલત	Justiça militar	(જ્યુસ્તિસ મિલીતાર)	Military court
બાકી (નામની)	Atrazos	(અત્રાઝુશ્)	Arrears
બદનક્ષી (લાયબલ)	Diffamação	(દિફામાસાંઉ)	Defamation
બરણુ પોષણુ	Alimentação	(આલિમેંતાસાંઉ)	Alimony
મનાઇ હુકમ	Prohibição	(પ્રોઇબિસાંઉ)	Injunction
મીલકત	Bens, Propriedade	(બેંશ્, પ્રોપ્રિયેદાદિ)	Estates
મુકરદમો	Processo, Acção	(પ્રૉસેસ્સુ, આંકસાંઉ)	Action
મુખ્યતારનામું	Procuração	(પ્રોકુરાસાંઉ)	Power of attorney

મુખત્યાર	Procurador	(પ્રોકુરાદોર)	Holder of the power of attorney
યાદી-નોંધ (વકીલની)	Inventario	(ઇંવૅન્તારિયુ)	Inventory
રાજીનામું દેવું	Desister	(દિઝિસ્તીર્)	To resign
લખત	Escriptura, Titulo, Documento	(ઇશ્કિતૂર, તીતુલુ, દુકુમૅન્તુ)	Writ
લવાદી	Arbitração	(આર્બિત્રાસાંઉ)	Arbitration
